RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 23-09-2026 I VOL : 12 I Issue : 188 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સત્યનો રસ્તો મુશ્કેલ હોય છે, પરંતુ અંતે શાંતિ આપે છે.

3  વડોદરામાં રસ્તાઓના પેચવર્ક પાછળ સવા બે કરોડ રૂપિયાનો આડેધડ ખર્ચ

4  જેવી આપણી દાનત, એવી આપણી સંગત: દુર્યોધન બનીશું તો શકુનિ મળશે...

6  'પ્રેમ કીટાણુ'માં પ્રેમનો રંગ, વીર પહાડિયાની માસૂમિયત અને અપારશક્તિ...

7  શેફાલી મહિલા બેટર્સ રેન્કિંગમાં ટોપ-4માં પહોંચી

### એક નજર...

#### મરુન ગાઉનમાં શ્રુતિ હાસને પાથર્યો સુંદરતાનો જાદુ



ભારતીય સિનેમાના દિગ્ગજ કલાકાર કમલ હાસનની પુત્રી શ્રુતિ હાસને તમિલ, તેલુગુ અને હિન્દી ફિલ્મોમાં પોતાના બહુમુખી અભિનય અને ગાયકીથી એક અલગ ઓળખ બનાવી છે. આ વાયરલ તસવીરમાં શ્રુતિ હાસન ઘેરા બ્રાઉન કલરના શિમરી અને સિક્વિન વર્ક વાળા ગાઉનમાં અત્યંત ગ્લેમરસ અને પ્રિન્સેસ જેવા રોયલ અવતારમાં નજરે પડી રહી છે.

### NEWS TRACK

#### પાકિસ્તાનમાં PTIના મંત્રીને ગાડીમાંથી ઘસડીને ઉઠાવી ગયા: ધોળા દિવસે મંત્રીને કિડનેપ કર્યા

પાકિસ્તાનના ખૈબર-પખ્તૂનખ્વામાં PTIના પ્રાંતીય મંત્રી ફઝલ શકૂર ખાનનું કથિત રીતે અપહરણ કરવામાં આવ્યું. બીજી તરફ, મલકંદમાં પાર્ટીના એક અન્ય મંત્રી શકીલ અહમદ પર ગોળીબાર થયો. આ બંને ઘટનાઓ એવા સમયે બની છે, જ્યારે ઈમરાન ખાનની પાર્ટી PTI તેમની મુક્તિની માંગને લઈને 27 સપ્ટેમ્બરે ઈસ્લામાબાદમાં માર્ચ કાઢવાની તૈયારી કરી રહી છે. PTIનો આરોપ છે કે સરકાર તેના નેતાઓ અને કાર્યકરો સામે કાર્યવાહી કરીને માર્ચને રોકવાનો પ્રયાસ કરી રહી છે. પાર્ટીએ કહ્યું છે કે આ ઘટનાઓ છતાં માર્ચ રોકવામાં આવશે નહીં. PTI મુજબ, ફઝલ શકૂર ખાનની ગાડીને પેશાવર મોટરવે ટોલ પ્લાઝા પાસે હથિયારધારી અને નકાબધારી લોકોએ રોકી હતી. તેમની પાસે AK-47 રાઈફલો હતી. સોશિયલ મીડિયા પર સામે આવેલા કથિત વીડિયોમાં નકાબધારી લોકો હાઈવે પર ગાડીઓ રોકતા અને મંત્રીની ગાડીને ઘેરી લેતા જોવા મળે છે. દાવો છે કે હુમલાખોરોએ ગાડીના એક ટાયર પર ગોળી ચલાવી હતી.

#### ઈરાન યુદ્ધ શરૂ કરાવનાર ટ્રમ્પે કહ્યું- હું શાંતિ લાવ્યો:પરમાણુ હથિયારો રોકવાનું અમારું લક્ષ્ય હતું

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભાષણ શરૂ થઈ ગયું છે. તે પહેલાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વાએ યુએન મહાસભામાં ભાષણોની શરૂઆત કરી હતી.

લુલાએ કહ્યું કે દુનિયામાં નેતૃત્વની ભારે અછત છે. તેમણે કહ્યું કે યુએનના અન્ય દેશો સુરક્ષા પરિષદના કેટલાક શક્તિશાળી દેશોના નિર્ણયોથી બંધાયેલા છે. અમેરિકા, ચીન અને રશિયા જેવા દેશો પાસે મોટા પ્રસ્તાવો અટકાવવાની શક્તિ છે. UN મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસના ભાષણ સાથે જનરલ ડિબેટની ઔપચારિક શરૂઆત થઈ. UN મહાસચિવ તરીકેનું આ તેમનું છેલ્લું ભાષણ છે. તેમણે કહ્યું કે દુનિયા આ સમયે એકસાથે અનેક મોટા જોખમોનો સામનો કરી રહી છે. દેશો વચ્ચેના રાજકીય મતભેદો પણ વધુ ઊંડા બન્યા છે. તેમણે AIના વધતા ઉપયોગના જોખમો અંગે પણ ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે મનુષ્યો મશીનોને સતત વધુ શક્તિ આપી રહ્યા છે અને AI બેકાબૂ થઈ જવાનું જોખમ વધી રહ્યું છે.

## સુપ્રીમે કહ્યુ કે આ મુદ્દે તાત્કાલિક નિયમનકારી હસ્તક્ષેપની જરૂર છે

# કેન્સરની દવા ₹2,700ની, MRP ₹27 હજાર... સુપ્રીમ કોર્ટે કહ્યું, 'આ ધોળા દિવસે લૂંટ છે'

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે કેન્સરની દવાઓ પર 10 ગણી વધુ કિંમત વસૂલવાને 'ધોળા દિવસે લૂંટ' ગણાવી છે. કોર્ટે જણાવ્યું કે 2,700ની દવા 27,000માં વેચાય છે, જે છેતરપિંડી છે. જસ્ટિસ સંદીપ મહેતાએ નિયમનકારી સંસ્થાઓની નિષ્ક્રિયતા પર સવાલ ઉઠાવ્યા. સુપ્રીમ કોર્ટે ખાનગી હૉસ્પિટલો દ્વારા ઊંચા ભાવે દવા ખરીદી તેમજ કરદાતાના પૈસે રી-ઈમ્બર્સમેન્ટ મેળવવાને પણ છેતરપિંડી ગણાવી છે, સુપ્રીમે કહ્યુ કે આ મુદ્દે તાત્કાલિક નિયમનકારી હસ્તક્ષેપની જરૂર છે. સુપ્રીમ કોર્ટે કેન્સરની દવાઓ પર 10 ગણી વધુ કિંમત વસૂલવાને 'ધોળા દિવસે લૂંટ' ગણાવી છે. કેન્સરની દવાઓની MRP સાથે જોડાયેલી એક અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી, જેમાં કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેન્સરની જરૂરી દવાઓ 27,000માં વેચાઈ રહી છે, જ્યારે તેમની PTR (રીટેલરને મળતી કિંમત) માત્ર 2,700




છે. આ ધોળા દિવસે લૂંટ છે. દર્દીને એવી દવા માટે કેવી રીતે ઠગી શકાય, જેને બનાવનારી કંપની રીટેલરને 2,700માં વેચે છે, પરંતુ તેના પર MRP 27,000 છાપવામાં આવે છે એટલે કે 10 ગણી વધુ. જસ્ટિસ સંદીપ મહેતાએ સુનાવણી દરમિયાન કહ્યું કે, નવાઈની વાત એ છે કે જે અધિકારીઓએ આના પર નિર્ણય લેવો જોઈએ, તેઓ સંપૂર્ણપણે મૌન છે. તેમણે ઉમેર્યું કે અમારે આનું કારણ આપવાની જરૂર નથી. સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું, 'જ્યારે દર્દીઓ આયુષ(AYUSH) સ્કીમ હેઠળ સારવાર કરાવી રહ્યા હોય છે, ત્યારે તેનો પૂરો ખર્ચ કરદાતાઓએ (ટેક્સપેયર્સ) ભોગવવો પડે છે. હૉસ્પિટલો આ ઊંચી કિંમતો પર દવાઓ ખરીદે છે, અને પછી સરકાર પાસેથી તેના પૈસા રી-ઈમ્બર્સ(પાછા) મેળવે છે. આખરે આ કરદાતાઓના જ પૈસા છે. આ સ્પષ્ટપણે છેતરપિંડીનો મામલો છે'. સુપ્રીમ કોર્ટે એ વાત પર ભાર મૂક્યો કે દવા ઉત્પાદકો અને સપ્લાય ચેઈનને અનુચિત પ્રોફિટ માર્જિન કમાવવાની છૂટ આપવામાં આવે છે, જ્યારે નિયામક સંસ્થાઓ (રેગ્યુલેટરી બોડીઝ) બીજી તરફ જોતી રહે છે.

## સુપ્રીમ કોર્ટે કહ્યું-ધાર્મિક કારણોસર વંદે માતરમ ન ગાવું ગુનો નથી...

નવી દિલ્હી

વંદે માતરમ સાથે જોડાયેલા મામલે સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું, 'ધાર્મિક કારણોસર રાષ્ટ્રગીત ન ગાનાર વ્યક્તિને ફોજદારી કાર્યવાહીનો સામનો ન કરવો જોઈએ.' કોર્ટે આ મામલે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો છે.

કોર્ટે એ જોવા માટે સંમતિ આપી કે વંદે માતરમ ન ગાવાને દંડનીય ગુનો બનાવી શકાય કે નહીં. કોર્ટે એ નક્કી કરવાનો ઈનકાર કર્યો કે રાષ્ટ્રગીત માત્ર બે અંતરા સુધી મર્યાદિત રહેશે કે છ અંતરા સુધી રહેશે. કાયદામાં વંદે માતરમને રોકવા અથવા ગાનમાં જાણપૂર્વક વિક્ષેપ પાડવાને દંડનીય બનાવવામાં આવ્યું છે. આ સુનાવણી ગાયક ટીએમ કૃષ્ણાની અરજી પર થઈ. સમાચાર એજન્સી PTI મુજબ, અરજદારએ દલીલ કરી કે અંતિમ ચાર પંક્તિઓ હિંદુ દેવતાઓ પ્રત્યે ભક્તિનું આહ્વાન કરે છે. આ પંક્તિઓ ગાવું ફરજિયાત બનાવવું દેશની ધર્મનિરપેક્ષતાનું ઉલ્લંઘન છે. વંદે માતરમને કાયદાના દાયરામાં લાવતું સુધારા વિધેયક 29 જુલાઈએ રાજ્યસભા અને 30 જુલાઈએ લોકસભામાં પસાર થયું હતું. ત્યારબાદ 6 ઓગસ્ટે રાષ્ટ્રપતિની મંજૂરી મળતાં તે કાયદો બની ગયો. કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું કે વંદે માતરમ સાથે જોડાયેલા કાયદાનું અર્થઘટન કરતી વખતે 1986ના 'બિજોય ઈમેન્યુઅલ' ચુકાદામાં નક્કી કરાયેલા સિદ્ધાંતો લાગુ કરવામાં આવશે. હકીકતમાં, 1986ના બિજોય ઈમેન્યુઅલ વિરુદ્ધ કેરળ સરકારના કેસમાં ત્રણ વિદ્યાર્થીઓએ ધાર્મિક માન્યતાઓને કારણે રાષ્ટ્રગીત ગાયું નહોતું.

## ભારતીય અર્થતંત્રને ફટકો, કોર સેક્ટરનો ગ્રોથ ત્રણ માસના તળિયે

નવી દિલ્હી

ખાડી યુદ્ધના કારણે ભારતીય અર્થતંત્રને જબરદસ્ત ફટકો પડી રહ્યો છે. તેના લીધે દેશના અર્થતંત્રની હાલત ખસ્તા થઈ રહી છે. દેશના નવ કોર સેક્ટરના ગ્રોથે પાઘડીનો વળ આવે છેડે એમ ઓગસ્ટમાં ત્રણ મહિનાની નીચે 4.8 ટકાનો વૃદ્ધિદર દર્શાવ્યો છે. કોર સેક્ટરમાં પણ લોહખનીજ અને કોલસાના ઉત્પાદનમાં થયેલા સંકોચનથી સૌથી મોટો ફટકો પડયો છે, એમ વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

જુલાઈમાં કોર સેક્ટરનો ગ્રોથ પાંચ ટકા હતો. ઓવરઓલ ઈન્ડેક્સ જુલાઈમાં ચાર મહિનાના નીચલા સ્તર જુલાઈના 120.8થી હળવો થઈ 119.2 થયો છે. આમ 1.32 ટકાના ઘટાડાના લીધે તેને વાર્ષિક ધોરણે પોઝિટિવ ટેરિટરીમાં રહેવામાં સફળતા મળી હતી.

## ગુજરાતમાં 72મો નેશનલ ફિલ્મ એવોર્ડમાં કાર્તિક બેસ્ટ એક્ટર, યામી બેસ્ટ એક્ટ્રેસ

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે 2024ના નેશનલ ફિલ્મ એવોર્ડ્સ અપાયા





કેવડિયા

ગુજરાતના કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે 2024ના નેશનલ ફિલ્મ એવોર્ડ્સ અપાયા. કાર્તિક આર્યનને 'ચંદુ ચેમ્પિયન' અને યામી ગૌતમને 'આર્ટિકલ 370' માટે બેસ્ટ એક્ટર-એક્ટ્રેસનો પ્રથમ નેશનલ એવોર્ડ મળ્યો. દિગ્ગજ અભિનેતા અનંત નાગને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરાયા. 'આર્ટિકલ 370' બેસ્ટ ફિચર ફિલ્મ બની. ભારતીય સિનેમાના સૌથી પ્રતિષ્ઠિત નેશનલ ફિલ્મ એવોર્ડ્સ (રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર, વર્ષ 2024 માટે)નું આયોજન આ વખતે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનને બદલે ગુજરાતના નર્મદા જિલ્લા સ્થિત એકતા નગર (કેવડિયા)માં સ્ટેચ્યુ ઓફ યુનિટીની છત્રછાયામાં કરાયું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ભારતીય સિનેમામાં ઉત્કૃષ્ટ પ્રદાન આપનારા કલાકારો અને ટેકનિશિયનોને સન્માનિત કરાઈ રહ્યા છે. આ દરમિયાન ચંદુ ચેમ્પિયન માટે કાર્તિક આર્યનને બેસ્ટ એક્ટર અને આર્ટિકલ 370 ફિલ્મ માટે યામી ગૌતમને બેસ્ટ એક્ટ્રેસ તેમજ દિગ્ગજ અભિનેતા અનંત નાગને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરાયા છે.

# સુરતના દરિયા કિનારે દારૂની બોટલો મળવાનો સિલસિલો યથાવત

## કડક દારૂબંધીના દાવાઓ વચ્ચે સુરત હવે 'મિની ગોવા' કેમ બની રહ્યું છે?

પાક્કો ગુજરાત

ગુજરાતમાં કાગળ પર દારૂબંધીના કડક કાયદાકીય દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિક જમીની હકીકત આ દાવાઓની પોલ ખોલી નાખતી હોય છે.

રાજ્યના હીરા અને ટેક્સટાઈલ નગરી તરીકે વિશ્વભરમાં નામના મેળવનાર સુરત શહેરમાંથી સમયાંતરે જે અત્યંત ચોંકાવનારા દ્રશ્યો સામે આવી રહ્યા છે, તેણે સમગ્ર વહીવટી તંત્ર અને પોલીસ વિભાગની કામગીરી સામે ગંભીર પ્રશ્નાર્થ ચિન્હો ખડા કરી દીધા છે.

તાજેતરમાં જ સુરતના દરિયા કિનારેથી બિનવારસી હાલતમાં વિદેશી દારૂની અસંખ્ય બોટલો મળી આવ્યાના અહેવાલો અને દાવાઓએ હડકંપ મચાવી દીધો છે.

સુરક્ષાની મોટી મોટી વાતો અને પોલીસ ચોકીઓ વચ્ચે દરિયાકાંઠેથી દારૂની બોટલો મળી આવવી તે સાબિત કરે છે કે બુટલેગરો અને અસામાજિક તત્વોના મનસૂબા કેટલા બુલંદ છે અને તેમને કાયદાનો કોઈ જ ભય રહ્યો નથી.

### ગૃહમંત્રીના હોમ ટાઉનમાં જ કાયદો અને વ્યવસ્થા સામે ગંભીર સવાલો: દારૂ, જુગાર, ડ્રગ્સ અને વધતા ક્રાઈમ રેટ સામે જનતામાં ફાટી નીકળ્યો રોષ

#### સુરત શહેર 'મિની ગોવા' બની રહ્યું છે? - વધતી ગુનાખોરી સામે સવાલો

રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલનું પોતાનું હોમ ટાઉન ગણાતા સુરત શહેરની વર્તમાન સ્થિતિ દિવસેને દિવસે અત્યંત ચિંતાજનક અને ભયજનક બનતી જઈ રહી છે. જે સુરત શહેર તેની શાંતિ અને સુરક્ષા માટે જાણીતું હતું, તે આજે ગુનાખોરી અને નશાના કારોબારના કારણે જાણે 'મિની ગોવા' બનતું જઈ રહ્યું હોય તેવી છાપ ઊભી થઈ રહી છે.

શહેરમાં માત્ર દારૂનું ખુલ્લેઆમ વેચાણ થાય છે તેવું નથી, પરંતુ ગલી-ગલીમાં જુગારના અડ્ડાઓ ફૂલ્યાફાલ્યા છે, યુવાધનને બરબાદ કરતું ડ્રગ્સનું ઝેર ખુલ્લેઆ વેચાઈ રહ્યું છે અને શહેરનો ક્રાઈમ રેટ (ગુનાખોરીનો આલેખ) સતત ઉપર જઈ રહ્યો છે. આ તમામ બાબતોના કારણે સામાન્ય પ્રજા, વેપારીઓ અને પરિવારજનોમાં ભારે ડર, અસંતોષ અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

#### "મોટી મોટી વાતો કરવા કરતાં સુરતને નશા મુક્ત બનાવો"

જાહેર મંચો પર અને મીડિયા સમક્ષ કાયદો અને વ્યવસ્થાને લઈને મોટી-મોટી વાતો કરવી અને સખત પગલાં લેવાના દાવા કરવા એ સત્તાધીશો માટે સામાન્ય બની ગયું છે, પરંતુ જમીની વાસ્તવિકતા કંઈક અલગ જ કહાની કહી રહી છે.

સોશિયલ મીડિયા અને જનમાનસમાંથી હવે સીધા, તીખા અને આક્રમક સવાલો ઉઠી રહ્યા છે કે, 'ગૃહમંત્રી સાહેબ, માત્ર કાગળ પર કડકાઈ બતાવવા કરતાં ખરેખર સુરત શહેરને નશા મુક્ત અને અપરાધ મુક્ત ક્યારે બનાવશો?' સુરતના નાગરિકો હવે સવાલો પૂછી રહ્યા છે કે પોલીસ અને પ્રશાસનની નાક નીચે આટલો મોટો ગેરકાયદેસર ધંધો કેવી રીતે ચાલી રહ્યો છે?

#### યુવા પેઢીની બરબાદી અને આગામી રણનીતિ

સ્થાનિક નાગરિકો, વાલીઓ અને જાગૃત સામાજિક સંસ્થાઓનું સ્પષ્ટ માનવું છે કે જો સમયસર આ અસામાજિક સિન્ડિકેટ અને બુટલેગરોના નેટવર્ક પર કડક કાર્યવાહી નહીં કરવામાં આવે, તો સુરતની આવનારી યુવા પેઢી બરબાદીના આરે પહોંચી જશે.

દરિયા કિનારેથી દારૂ મળવાની આ ઘટના માત્ર એક સામાન્ય અકસ્માત કે છૂટીછવાઈ ઘટના નથી, પરંતુ સુરતમાં સક્રિય થયેલા એક મજબૂત અને સમાંતર બુટલેગર નેટવર્કનો સ્પષ્ટ પુરાવો છે. હવે જોવાનું એ રહે છે કે વહીવટી તંત્ર, પોલીસ વિભાગ અને સરકાર આ મામલે ક્યારે ઊંઘમાંથી જાગીને નક્કર, કઠોર અને દાખલારૂપ પગલાં ભરે છે, જેથી સુરતની અસ્મિતા અને સુરક્ષા પાછી આવી શકે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## પૂર્વ કોર્પોરેટર દેવેન્દ્ર મિશ્રા અને શક્તિ કેન્દ્ર ઇન્ચાર્જ વિરલ ગાંધી વચ્ચે ફોન પર ગાળાગાળીનો ઓડિયો વાયરલ થતા ખળભળાટ!

ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં અને તેમાં પણ ખાસ કરીને શાસક પક્ષ ભારતીય જનતા પાર્ટીમાં આંતરિક વિખવાદો અને સત્તાની લડાઈ હવે છતી થવા લાગી છે. પક્ષ દ્વારા હંમેશા શિસ્ત અને સંસ્કારના મોટા દાવા કરવામાં આવતા હોય છે, પરંતુ પક્ષના જ જવાબદાર પદાધિકારીઓ અને નેતાઓ જ્યારે જાહેરમાં કે ફોન પર મર્યાદાઓ વટાવી દે ત્યારે સવાલો ઊભા થવા સ્વાભાવિક છે.

આવો જ એક અત્યંત શરમજનક અને સનસનીખેજ મામલો સામે આવ્યો છે, જેમાં પૂર્વ કોર્પોરેટર દેવેન્દ્ર મિશ્રા અને શક્તિ કેન્દ્ર ઇન્ચાર્જ વિરલ ગાંધી વચ્ચે ફોન પર થયેલી ગાળાગાળી અને ઉગ્ર બોલાચાલીનો ઓડિયો વાયરલ થતા રાજકારણમાં મોટો ભૂકંપ સર્જાયો છે. પ્રાપ્ત વિગતો અને વાયરલ થયેલી ઓડિયો ક્લિપ મુજબ, પક્ષના જ આ બે અગ્રણી નેતાઓ વચ્ચે કોઈ આંતરિક બાબત કે વર્ચસ્વની લડાઈને લઈને બોલાચાલી થઈ હતી. વાત એટલી હદે વધી ગઈ કે સંગઠનમાં હોદ્દા પર બેઠેલા આ જવાબદાર નેતાઓએ પાર્ટીની શિસ્તને સંપૂર્ણપણે નેવે મૂકી દીધી હતી. ફોન પર વાતચીત દરમિયાન બંને તરફથી અત્યંત અપશબ્દો અને ગાળો ભાંડવામાં આવી હોવાનું ઓડિયો પરથી સ્પષ્ટ સાંભળવા મળે છે. એક તરફ પક્ષ દ્વારા સંગઠનને મજબૂત કરવા અને શિસ્તબદ્ધ કાર્યકરો તૈયાર કરવાના દાવા કરવામાં આવે છે, ત્યારે જમીની સ્તરે પદાધિકારીઓની આવી હરકતો પક્ષની છબીને ખરડવાનું કામ કરી રહી છે.

## મતદાન મથકના 200 મીટરમાં અને ધાર્મિક-શૈક્ષણિક સ્થળો નજીક ચૂંટણી કાર્યાલય પર પ્રતિબંધ

ગાંધીનગર

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત થતાં જ આદર્શ આચારસંહિતાની કડક અમલવારી શરૂ કરવામાં આવી છે. જિલ્લા મેજિસ્ટ્રેટ રવિન્દ્ર ખતાલે દ્વારા શાંતિપૂર્ણ મતદાન માટે રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે વિશેષ માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. આ નિયમો અનુસાર મતદાન મથકની 200 મીટરની ત્રિજ્યામાં કાર્યાલય ઊભું કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તમામ ઉમેદવારો અને પક્ષોએ તારીખ 11 ઓક્ટોબર સુધી આ આદેશોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. ચૂંટણી નિયમો મુજબ મતદાન મથકથી 200 મીટરની સીમા બહાર ઉમેદવાર માત્ર એક જ અસ્થાયી મંડપ સ્થાપી શકશે. આ મંડપમાં માત્ર એક ટેબલ અને બે ખુરશી રાખવાની જ ભૌતિક વ્યવસ્થા મંજૂર કરાઈ છે. તડકા કે વરસાદથી રક્ષણ માટે છત્રી કે તાડપત્રીનો ઉપયોગ કરી શકાશે. પરંતુ મંડપની ચારેય તરફ કાપડ કે કંતાનના પડદા બાંધીને બંધિયાર વાતાવરણ ઊભું કરવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી છે. સૌહાર્દ જાળવવા માટે કોઈપણ ધાર્મિક સ્થળ, શાળા, કોલેજ કે હોસ્પિટલના કંપાઉન્ડમાં ચૂંટણી કાર્યાલય શરૂ કરવા પર પ્રતિબંધ છે. કાર્યાલય શરૂ કરતા પહેલાં સ્થાનિક સત્તા મંડળની લેખિત પરવાનગી મેળવવી ફરજિયાત રહેશે. મતદારોને અપાતી વિતરણ સ્લીપ પર ઉમેદવારનું નામ, પક્ષનું નામ કે ચૂંટણી પ્રતીક છાપવા પર રોક લગાવાઈ છે.

## ગિફ્ટસિટી સિગ્નેચર બ્રિજ પાસે રખડતાં ઢોરે વધુ એકનો ભોગ લીધો : ચાર સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી

ગાંધીનગર

ગાંધીનગર નજીક ગિફ્ટસિટી રોડ પર રખડતા પશુઓનો ત્રાસ સતત વધી રહ્યો છે જે હવે વાહનચાલકો માટે કાળસમાન સાબિત થઈ રહ્યો છે. 16 સપ્ટેમ્બરના રોજ મોડી રાત્રે નોકરી પૂરી કરીને ઘરે પરત ફરી રહેલા PDEU યુનિવર્સિટીના હાઉસકીપિંગ કર્મચારીના એક્ટિવા સામે અચાનક ગાય આવી જતાં સર્જાયેલા ગંભીર અકસ્માતમાં કર્મચારીનું કરુણ મોત નીપજ્યું છે. આ બનાવ અંગે ડભોડા પોલીસ મથકે અકસ્માતે મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે. વલાદ ગામ પટેલવાસમાં રહેતા 48 વર્ષીય મહેશભાઈ રામાભાઈ પ્રજાપતિ અને તેમના નાના ભાઈ નરેશભાઈ PDPE યુનિવર્સિટી ખાતે હાઉસકીપિંગ વિભાગમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. 15 સપ્ટેમ્બરના રોજ બંને ભાઈઓ રાબેતા મુજબ સાંજના ચાર વાગ્યાથી રાત્રિના એક વાગ્યાની શિફ્ટમાં નોકરી પર ગયા હતા. નોકરી પૂર્ણ થતાં રાત્રિના આશરે એક વાગ્યાના અરસામાં મહેશભાઈ પોતાના એક્ટિવા પર સવાર થઈને પરત વલાદ ઘરે જવા નીકળ્યા હતા.

આ દરમિયાન ગિફ્ટસિટી તરફ જતા સિગ્નેચર બ્રિજ ઉતરતા જ રસ્તામાં અચાનક ગાય આવી ચડી હતી.

## ભાજપે ડાંગ, ભરૂચ અને નર્મદામાં જિલ્લા પ્રમુખની નિમણૂક કરી

ગાંધીનગર

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ 22 સપ્ટેમ્બરે સંગઠનાત્મક નિમણૂકોની જાહેરાત કરી છે. બક્ષીપંચ મોરચાના પ્રદેશ પદાધિકારીઓ ઉપરાંત આઈટી, સોશિયલ મીડિયા અને મીડિયા વિભાગમાં પણ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

સાથે જ પ્રદેશ પ્રવાસ અને ‘મન કી બાત’ કાર્યક્રમ માટે પણ નવી જવાબદારીઓ નક્કી કરવામાં આવી છે. ભાજપે ડાંગ, ભરૂચ અને નર્મદા જિલ્લામાં નવા જિલ્લા પ્રમુખોની પણ જાહેરાત કરી છે. ડાંગમાં સુરેશભાઈ મોતીરામભાઈ ચૌધરી, ભરૂચમાં પરેશભાઈ કાંતિભાઈ લાડ અને નર્મદામાં શરણભાઈ લાલભાઈ તડવીની તાત્કાલિક અસરથી જિલ્લા પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

બક્ષીપંચ મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે પ્રકાશભાઈ નરહરીલાલ મોદી, નિલકુમાર પ્રેમશરણ રાવ, ભરતભાઈ મેર, મોમાયાભાઈ ગઢવી, રામસિંહભાઈ ગોરિયા, દિનેશભાઈ પટેલ, ભુપેન્દ્રભાઈ બસિયા અને દિનેશભાઈ મેવાડાની નિમણૂક કરવામાં આવી છે.

### મહીસાગરના ગાંગટામાં મહાકાય જમીન કૌભાંડ

# માજી ધારાસભ્યના પરિવાર પર 'ઝાડી જંગલ'ની સરકારી જમીન પચાવી પાડવાનો ગંભીર આક્ષેપ!

### ડી.આઈ.એલ.આર.ના અહેવાલમાં ખુલાસો: 5 હેક્ટરથી વધુ સરકારી જમીન પર ગેરકાયદે કમ્પાઉન્ડ અને બાંધકામનો પર્દાફાશ : સ્કૂલની બાજુમાં જ જોખમી ફટાકડાનું ગોડાઉન, CNG પંપ અને ક્રશર ધમધમતા માસૂમ બાળકોના ભવિષ્ય અને સુરક્ષા સામે મોટો ખતરો

મહીસાગર

ગુજરાતમાં જમીન માફિયાઓ અને સત્તાના નશામાં ચૂર લોકો કઈ હદે કાયદાને ઘોળીને પી જાય છે તેનું એક વધુ ખૌફનાક ઉદાહરણ મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના ગાંગટા ગામે સામે આવ્યું છે. મોજે ગાંગટા ગામે સરકારી પડતર 'ઝાડી જંગલ'ની કિંમતી જમીનને સત્તાના જોરે હડપ કરી લેવાનું એક મોટું ષડયંત્ર પ્રકાશમાં આવ્યું છે. સરકારની જ અધિકૃત ટેકનિકલ એજન્સી DILR (ડિરેક્ટર ઓફ લેન્ડ રેકર્ડ્સ) ના અહેવાલે સાબિત કરી દીધું છે કે કેવી રીતે માજી ધારાસભ્ય અને તેમના પરિવારે સરકારી જમીન પર ગેરકાયદે કબ્જો જમાવી દીધો છે. આ મામલે સ્થાનિક પ્રશાસનની મિલીભગત સામે પણ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો અને સંદર્ભો અનુસાર, માજી ધારાસભ્ય જિગ્નેશભાઈ સેવક અને તેમના પરિવારે પોતાની સત્તા અને પ્રભાવનો બેફામ દુરુપયોગ કર્યો છે. મામલતદાર કચેરી, ખાનપુર (બાકોર) સમક્ષ રજૂઆતો કરીને તા. ૧૬/૧૨/૨૦૨૧ ના રોજ એક હુકમ મેળવવામાં આવ્યો હતો. આ હુકમની આડમાં ગાંગટા ગામના અલગ-અલગ સર્વે નંબરો (જેવા કે ૪૦/૧, ૫૫/૩ અને ૪૧/પૈકી ૪) ને એકત્ર કરીને નવો સર્વે નંબર ૪૦/૧ બનાવવામાં આવ્યો, અને તેની આડમાં આસપાસની સરકારી જમીન સાથે મોટાપાયે ચેડાં કરવામાં આવ્યા.

સરકારી રેકર્ડમાં જે જમીન સ્પષ્ટપણે 'ઝાડી જંગલ સરકારી પડતર' તરીકે નોંધાયેલ છે, તેવા સર્વે નંબર ૪૦/૨ (કુલ ક્ષેત્રફળ ૫-૭૭-૬૯ હેક્ટર) ની કાળી સચ્ચાઈ DILR ની માપણીમાં બહાર આવી છે.

આ વિશાળ જમીનમાંથી સ્થળ પર માત્ર ૪૯ ગુંઠા જમીન જ ખુલ્લી બચી છે!

બાકીની અંદાજે ૨૫ વીઘા જેટલી જમીન (૫ હેક્ટર ૨૮ ગુંઠા) ઉપર પાકો કોટ (કમ્પાઉન્ડ વોલ) બનાવીને તેને ખાનગી સામ્રાજ્યની જેમ પચાવી પાડવામાં આવી છે.

DILR ના નકશા મુજબ સર્વે નંબર ૪૦ માં 'L' નિશાનીવાળી જગ્યા પર 'જ્ઞાન શક્તિ વિદ્યાલય' દ્વારા પણ ૪ હેક્ટર ૯૬ ગુંઠા ૯૯ ચોરસ મીટર જમીન પર સીધો ગેરકાયદે કબજો અને બાંધકામ કરી દેવામાં આવ્યું છે. આટલા મોટા પાયે સરકારી જમીન દબાણ નીચે હોવાના અહેવાલને દોઢ વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં, આજદિન સુધી કોઈ જ નક્કર દબાણ હટાવ ઝુંબેશ કે કાયદેસરની કાર્યવાહી ન થવી એ સીધી રીતે રાજકીય દબાણ અને અધિકારીઓની શંકાસ્પદ મિલીભગત તરફ ઈશારો કરે છે.

આ સમગ્ર કૌભાંડમાં માત્ર જમીન જ નહીં, પરંતુ કુદરતી સંપત્તિને પણ મોટાપાયે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. 'ઝાડી જંગલ' વિસ્તાર હોવાના કારણે ત્યાં કુદરતી રીતે ઊભેલા મૂલ્યવાન સાગના અને કિંમતી ઝાડોનું વગર પરવાનગીએ ગેરકાયદેસર છેદન (કટીંગ) કરી દેવામાં આવ્યું છે. આ કિંમતી લાકડાઓને ચોરીછૂપીથી સગેવગે કરી દેવાયા હોવાની ચર્ચાઓ પણ જોરશોરથી ચાલી રહી છે. આ કેસનો સૌથી ખતરનાક અને હૃદય કંપાવનારો પહેલું એ છે કે જ્યાં માસૂમ બાળકો ભણે છે, તે જ પવિત્ર શૈક્ષણિક સંકુલની આસપાસ મોતનું તાંડવ રચાઈ રહ્યું છે.

### મોંઘવારીની ઘંટીમાં પીસાઈ રહી છે ગુજરાતની જનતા!

# ભાજપ સરકારનો 'ડબલ દિવાળી' અને 'GST બચત ઉત્સવ'નો નારો જનતા સાથે ક્રૂર મજાક

ગાંધીનગર

ગુજરાત અને દેશભરમાં તહેવારોની મોસમ વચ્ચે સામાન્ય પ્રજા મોંઘવારીના ભરડામાં એટલી હદે જકડાઈ ગઈ છે કે લોકોના મોંમાંથી કોળિયો છીનવાઈ રહ્યો છે. એક તરફ કેન્દ્રીય અને રાજ્યની ભાજપ સરકાર દ્વારા ‘ડબલ દિવાળી‘ અને ‘જીએસટી બચત ઉત્સવ‘ના મોટા-મોટા ઢંઢોરા પીટવામાં આવ્યા હતા, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ નારા માત્ર જનતા સાથેની એક ક્રૂર મજાક સાબિત થયા છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત પ્રદેશ પ્રભારી રણદીપ સિંહ સુરજેવાલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ એક અત્યંત સનસનીખેજ અને આક્રમક સંયુક્ત પ્રેસ નિવેદન જારી કરીને ભાજપ સરકારની જનવિરોધી નીતિઓની પોલ ખોલી નાખી છે.

સપ્ટેમ્બર 2025માં કેન્દ્ર સરકારે જીએસટી દરો ઘટાડ્યાનો દંભ રચ્યો હતો અને તેને ‘જીએસટી બચત ઉત્સવ‘ નામ આપ્યું હતું. પરંતુ બરાબર એક વર્ષ બાદ, સપ્ટેમ્બર 2026માં આ જુમલાની પોલ ઉઘાડી પડી ગઈ છે. સરકાર દ્વારા આપવામાં આવેલી આશરે રૂ. 1 લાખ કરોડની કર-રાહત (Tax Concession) રાતોરાત મોટી એફએમસીજી કંપનીઓએ પોતાના ખિસ્સામાં ભરી લીધી છે. દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુઓ પર ટેક્સ 12% કે 18% થી ઘટાડીને 5% કરાયો, પરંતુ કંપનીઓએ ‘કાચો માલ અને પરિવહન ખર્ચ‘નું બહાનું ધરીને બેઝ પ્રાઈસ (મૂળ કિંમત) માં 6% થી 7% નો વધારો કરી દીધો! સીરમ સાબુ (૩+૭૫ગ્રા): જીએસટી ઘટાડા પછી રૂ. 142 થયો હતો, જે આજે વધીને ફરી રૂ. 149 પર પહોંચી ગયો છે. હૉર્લિક્સ ચોકલેટ (૨૦૦ગ્રા): જે ઘટીને રૂ. 110 થઈ હતી, તે આજે વધીને રૂ. 125 થી 129 સુધી પહોંચી ગઈ છે. મૅગી નૂડલ્સ અને સૉસ: તમામ ડિસ્કાઉન્ટ ખતમ થઈ ગયા છે અને ગ્રાહકોને જૂના કે તેથી વધુ ભાવે જ ખરીદી કરવાની ફરજ પડી રહી છે.

### 4,100થી વધુ મંજૂર પદો છતાં ભરતી કેમ અટકી?

## ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં શિક્ષક ભરતીનો વિવાદ સર્જાયો

ગાંધીનગર

રાજ્યની શિક્ષણ વ્યવસ્થા અને લાયકાત ધરાવતા બેરોજગાર યુવાનો વચ્ચેનો સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. એક તરફ રાજ્ય સરકાર ગુણવત્તાયુક્ત શિક્ષણની મોટી મોટી વાતો કરી રહી છે, તો બીજી તરફ હજારોની સંખ્યામાં મંજૂર થયેલી જગ્યાઓ ખાલી પડી હોવા છતાં ભરતી પ્રક્રિયા ગોકળગતિએ ચાલી રહી છે. તાજેતરમાં 22 સપ્ટેમ્બરના રોજ TET (Teacher Eligibility Test) પાસ ઉમેદવારોએ શિક્ષણ વિભાગ સમક્ષ મોરચો ખોલીને લાલબત્તી ધરી દીધી છે. રાજ્યની 538 અનુદાનિત (ગ્રાન્ટેડ) ખાનગી પ્રાથમિક શાળાઓમાં RTE એક્ટ-2009 હેઠળ કુલ 4,134 પદો સત્તાવાર રીતે મંજૂર કરવામાં આવ્યા છે. આ મંજૂર પદોમાં કુલ 3,738 શિક્ષકો અને 396 મુખ્ય શિક્ષકોની જગ્યાઓનો સમાવેશ થાય છે. કાયમી અને લાયકાત ધરાવતા શિક્ષકોના અભાવે ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ભણતા હજારો વિદ્યાર્થીઓના પાયાના શિક્ષણ પર સીધી વિપરીત અસર પડી રહી છે. ‘માધ્યમિકની જેમ પ્રાથમિકમાં પણ 58 વર્ષની વયમર્યાદા આપો!‘

આ આંદોલન પાછળનો સૌથી મોટો અને વિવાદાસ્પદ મુદ્દો વયમર્યાદાનો છે.

### સરકારને બદનામ કરવાનું ષડયંત્ર કે 40% કમિશનરાજનો ખેલ?

## કરમસદ-આણંદ મનપામાં 'વાઈટ ટોપિંગ રોડ'ના નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર!!

આણંદ

ગુજરાતભરમાં વિકાસના દાવાઓ વચ્ચે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને નગરપાલિકાઓ કે મહાનગરપાલિકાઓમાં ચાલતી અનિયમિતતાઓ અને ભ્રષ્ટાચાર હવે સીધા સત્તા અને સરકારની છબી પર સવાલો ઊભા કરી રહ્યા છે. આણંદ જિલ્લાના કરમસદ અને આણંદ પંથકમાંથી સામે આવેલો એક અત્યંત સનસનીખેજ મામલો હાલ ચર્ચાના કેન્દ્રમાં છે. પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાના માતબર ખર્ચે બનાવવામાં આવી રહેલા 'વાઈટ ટોપિંગ રોડ' (કોંક્રિટ રોડ) ના નિર્માણમાં આચરવામાં આવેલા વ્યાપક ભ્રષ્ટાચારને લઈને પ્રજામાં અને જાગૃત નાગરિકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. સ્થિતિ એવી છે કે આ બધું જોઈને એવું પ્રતીત થાય છે કે જાણે કેટલાક અદૂરદર્શી અધિકારીઓ અને વહીવટી તંત્ર દ્વારા જાણી જોઈને સરકારને બદનામ કરવાનું બીડું ઝડપવામાં આવ્યું હોય! પ્રાપ્ત ગંભીર આક્ષેપો અનુસાર, કરમસદ અને આણંદ વિસ્તારમાં મંજૂર થયેલા વાઈટ



ટોપિંગ રોડના નિર્માણમાં ટેન્ડર પ્રક્રિયામાં નક્કી કરવામાં આવેલા નિયમો, સ્ટીલની ગુણવત્તા અને સિમેન્ટ-કોંક્રિટના યોગ્ય પ્રમાણને સંપૂર્ણપણે નજરઅંદાજ કરવામાં આવ્યા છે. ટેન્ડર મુજબ જે મટીરિયલ વાપરવું જોઈએ, તેના બદલે તદ્દન હલકી કક્ષાની સામગ્રી વાપરીને કરોડો રૂપિયાની રકમ ચાંઉ કરી જવામાં આવી હોવાનો આક્ષેપ છે. સવાલ એ થાય છે કે જ્યારે બાંધકામની ગુણવત્તા સામે ખુલ્લેઆમ સવાલો ઉઠતા હોય અને કોન્ટ્રાક્ટરો દ્વારા ખુલ્લેઆમ ધજાગરા ઉડાવવામાં આવતા હોય, ત્યારે સંબંધિત ચીફ ઓફિસર અને મ્યુનિસિપલ અધિકારીઓ શું કરી રહ્યા છે? અત્યાર સુધી આ ભ્રષ્ટ અધિકારીઓ સામે કોઈ જ કડક કાર્યવાહી કે ફોજદારી પગલાં કેમ ભરવામાં આવ્યા નથી? શું વહીવટી તંત્ર કોઈ મોટી મિલીભગત હેઠળ આ સમગ્ર કૌભાંડ પર પરદો પાડી રહ્યું છે? આ સમગ્ર મામલામાં સૌથી મોટો અને ચોંકાવનારો આક્ષેપ એવો થઈ રહ્યો છે કે સિસ્ટમમાં જાણે ભ્રષ્ટાચારની દીમક કોરી ખાતી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

### કુખ્યાત બુટલેગર પિન્ટુ જયસ્વાલનું કનેક્શન સામે આવતા ખળભળાટ!

## છોટાઉદેપુરમાં ભાજપના 'કમલમ' કાર્યાલયની જમીનને લઈને મોટો રાજકીય ધડાકો

### CM સામે આક્રમક સવાલો: "બસના કર્મચારીઓને સસ્પેન્ડ કરીને વાહવાહી લૂંટવામાં સમય કેમ બગાડો છો, ભાજપને જમીન આપનાર બુટલેગર પર ક્યારે થશે કાર્યવાહી?"

છોટાઉદેપુર

ગુજરાતના રાજકારણમાં આ દિવસોમાં એક અત્યંત વિવાદાસ્પદ અને સનસનીખેજ મામલો જોરશોરથી ચર્ચાના એરણે ચઢ્યો છે. છોટાઉદેપુર જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી (BJP) ના નવા 'કમલમ' કાર્યાલયના નિર્માણ માટે ફાળવવામાં આવેલી કે દાનમાં મળેલી જમીનને લઈને હવે વિરોધ પક્ષો અને સોશિયલ મીડિયા પર સવાલોના તીર છૂટી રહ્યા છે. છોટાઉદેપુરના આ કમલમ કાર્યાલય માટે જમીન આપનાર વ્યક્તિ બીજું કોઈ નહીં પરંતુ આંતરરાજ્ય સ્તરે કુખ્યાત ગણાતો કુખ્યાત બુટલેગર પિન્ટુ જયસ્વાલ હોવાનો ગંભીર આક્ષેપ સામે આવતા સમગ્ર રાજ્યના રાજકારણમાં મોટો ભૂકંપ સર્જાયો છે. સોશિયલ મીડિયા અને રાજકીય મોરચે પ્રવર્તી રહેલા ભારે રોષ વચ્ચે મુખ્યમંત્રી સમક્ષ સીધા અને તીખા સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે કે, સામાન્ય બાબતોમાં કે નાની-સૂની ઘટનાઓમાં એસટી બસના ડ્રાઈવર કે કંડકટરને તાત્કાલિક સસ્પેન્ડ કરીને સોશિયલ મીડિયા કે મીડિયા દ્વારા પોતાની 'વાહવાહી લૂંટવાની' નીતિ ક્યાં સુધી ચાલશે? શું સરકારની નજર



આ કથિત કૌભાંડ કે કુખ્યાત બુટલેગર સાથેના સંબંધો પર નથી પડતી? વિગતો મુજબ, જે પિન્ટુ જયસ્વાલનું નામ આંતરરાજ્ય બુટલેગર તરીકે ચર્ચામાં છે અને જેની પાસેથી જમીન મેળવવામાં આવી હોવાના દાવા થઈ રહ્યા છે, તે જ શખ્સનું વર્ષ 2022 દરમિયાન ભાજપના એક દિગ્ગજ નેતા અને ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી શ્રી ગોરધનભાઈ ઝડપિયા દ્વારા જાહેરમાં મંચ પર સન્માન કરવામાં આવ્યું હોવાના ફોટા અને વિગતો પણ હવે વાયરલ થઈ રહી છે. સત્તાધારી પક્ષના મોટા ગજાના નેતાઓ સાથે આવા કુખ્યાત તત્વોના કનેક્શન હોવાના પુરાવા સામે આવતા કાયદો અને વ્યવસ્થાના દાવાઓ સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ખડા થયા છે.

## દીવા તળે અંધારું: આઝાદીના દાયકાઓ પછી પણ કાચા રસ્તે ઝોળીમાં સફર કરતી પ્રસુતાઓ!

### ગુજરાતના પછાત જિલ્લા છોટાઉદેપુરના તુરખેડા ગામની હૃદયદ્રાવક વાસ્તવિકતા : વિકાસના મોટા દાવાઓ અને 'વિશ્વગુરુ'ના નાટક સામે ગંભીર સવાલોનો ઘેરાવ : "સરકાર અને તંત્ર દ્વારા ફાળવાયેલી ગ્રાન્ટના કરોડો રૂપિયા સગેવગે કરી દેવાયા છે," ગ્રામજનોનો રોષ

છોટાઉદેપુર

રાજ્ય સરકાર દ્વારા શહેરી વિકાસ, બુલેટ ટ્રેન અને ગગનચુંબી ઈમારતોના ભવ્ય દાવાઓ કરવામાં આવે છે, પરંતુ આ ચમકતી તકતીઓની પાછળ ગુજરાતનું એક એવું દર્દનાક સત્ય પણ છુપાયેલું છે જે આંખો ખોલી નાખવા માટે પૂરતું છે. 'પાક્કો ગુજરાત'ની ટીમ જ્યારે રાજ્યના અત્યંત પછાત ગણાતા જિલ્લા છોટાઉદેપુરના અંતરિયાળ વિસ્તારોમાં જમીની હકીકત જાણવા પહોંચી, ત્યારે જે દ્રશ્યો નજરે ચઢ્યા તે સરકારના વિકાસના દાવાઓની પોલ ખોલવા માટે કાફી હતા. છટાઉદેપુર જિલ્લાનું તુરખેડા ગામ આજે પણ એવી પછાત અને દુર્ગમ પરિસ્થિતિમાં જીવી રહ્યું છે જ્યાં આધુનિક સુવિધાઓનું એક કિરણ પણ પહોંચ્યું નથી. આઝાદીના આટલા વર્ષો વીતી ગયા પછી પણ જો કોઈ ગર્ભવતી મહિલા (પ્રસુતા) કે ગંભીર દર્દીને હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે પાકો રસ્તો ઉપલબ્ધ ન હોય, અને તેમને ખાડાટેકરાવાળા કાચા રસ્તાઓ પર કાપડની ઝોળી કે ખાટલામાં સૂવડાવીને કિલોમીટરો સુધી ચાલવા મજબૂર થવું પડતું હોય, તો આ આપણા કહેવાતા પ્રગતિશીલ તંત્ર પર મોટો પ્રશ્નાર્થ છે. કટોકટીની પળોમાં એમ્બ્યુલન્સ પણ ગામ સુધી પહોંચી શકાતી નથી, જેના કારણે સમયાંતરે અનેક દર્દીઓ અને પ્રસુતાઓએ યોગ્ય સારવારના અભાવે કાળનો ભોગ બનવું પડે છે. હાંસિયા પર ધકેલાઈ ચૂકેલી આ જિંદગીઓ આજે પણ વહીવટી બેદરકારી સામે ન્યાય માંગી રહી છે. ગ્રામજનોમાં પ્રશાસન અને સરકાર સામે ફાટી નીકળેલો આક્રોશ હવે છૂપો રહ્યો નથી. ગ્રામજનોનો સ્પષ્ટ અને ગંભીર આક્ષેપ છે કે કાગળ પર આદિવાસી અને પછાત વિસ્તારોના ઉત્થાન માટે કરોડો રૂપિયા ફાળવવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતામાં તે નાણાં જમીન પર ક્યારેય દેખાતા નથી. સરકારી તંત્ર અને જવાબદાર અધિકારીઓની મિલીભગતથી વિકાસના નામે ફાળવાયેલી કરોડો રૂપિયાની રકમમાં કાગળ પર જ ભ્રષ્ટાચાર આચરી લેવામાં આવ્યો છે.

પાક્કો ગુજરાત
બુધવાર | 23 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### 'ખાડા પૂર્યા કે પંચર કર્યા?' : જનતામાં રોષ

# વડોદરામાં રસ્તાઓના પેચવર્ક પાછળ સવા બે કરોડ રૂપિયાનો આડેધડ ખર્ચ

## સરકારી કચેરીઓ નજીક હોવા છતાં તંત્ર ઘોર બેદરકાર, અકસ્માત અને વાહનોના નુકસાનથી સ્થાનિકોમાં ઉગ્ર રોષ



વડોદરા

વડોદરા શહેરમાં ચોમાસાની સિઝન શરૂ થતાં જ મહાનગરપાલિકાના પ્રશાસનની પોલ ખુલ્લી પડી જતી હોય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ વડોદરાવાસીઓને ખખડધજ અને ખાડાવાળા રસ્તાઓ ભેટમાં મળ્યા છે, જેના કારણે સામાન્ય જનતા અને વાહનચાલકો હાલાકી ભોગવી રહ્યા છે. આ બધાની વચ્ચે વડોદરા મહાનગરપાલિકા દ્વારા માત્ર શહેરમાં પડેલા ખાડા પૂરવા માટે જંગી નાણાંનો ધુમાડો કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે, જેને લઈને આખું શહેર વિવાદના ઘેરાવામાં આવી ગયું છે.

સત્તાવાર આંકડાઓ અને પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા કોર્પોરેશને માત્ર રોડ પરના ખાડા પૂરવાના નામે આશરે ૨,૨૫,૦૦,૦૦૦ રૂપિયા (સવા બે કરોડ રૂપિયા) જેટલી માતબર રકમ પાણીની જેમ વહાવી દીધી છે. કરોડો રૂપિયાના આ અધધ ખર્ચ છતાં વાસ્તવિક પરિસ્થિતિ જમીન પર કંઈક અલગ જ કહાની કહી રહી છે.

કોર્પોરેશનના ચોપડે અને દાવાઓ મુજબ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિના દરમિયાન શહેરમાં વધુ ૧૧૦૦ ખાડાનો સર્વે કરવામાં આવ્યો હતો અને તેમાંથી ૮૦૦ ખાડા પૂરવામાં આવ્યા હોવાનું બતાવવામાં આવ્યું છે. જ્યારે હજુ પણ આશ્ચર્યજનક રીતે ૪૦૦ જેટલા ખાડા પૂરવાના બાકી છે. કાગળ પર ચાલતી આ કામગીરી અને જમીની વાસ્તવિકતા વચ્ચે મોટો તફાવત જોવા મળી રહ્યો છે. રસ્તાઓ પર ખાડા પૂરવાના નામે વૈજ્ઞાનિક પદ્ધતિથી કામ કરવાને બદલે માત્ર 'થીંગડા મારવાની' (પેચવર્ક) કામગીરી કરવામાં આવતી હોવાથી થોડા જ દિવસોમાં તે રસ્તાઓ ફરીથી બેસી જાય છે અને ખાડા પડી જાય છે. આ નઘરોળ અને ભ્રષ્ટાચાર યુક્ત વહીવટ સામે વડોદરાના સામાન્ય નાગરિકો અને વાહનચાલકોમાં રોષનો ભડકો થયો છે. લોકોનો આક્ષેપ છે કે કોર્પોરેશન દ્વારા કરવામાં આવતો આ કરોડો રૂપિયાનો ખર્ચ માત્ર બિલ બનાવવાનો ખેલ બની ગયો છે. શહેરમાં વધી રહેલા આક્રોશ વચ્ચે વડોદરાના એક જાગૃત યુવાને તંત્રની ઝાટકણી કાઢતા અત્યંત આક્રમક શબ્દોમાં પ્રતિક્રિયા આપી હતી કે, 'વડોદરામાં કોર્પોરેશને ખાડા નથી પૂર્યા, પણ આખા શહેરમાં રસ્તાઓના પંચર બનાવ્યા છે! પ્રજાના પરસેવાની કમાણી અને કરોડો રૂપિયા આ લોકોએ પાણીમાં નાંખી દીધા છે.' સ્થાનિકો અને શહેરીજનોની હવે સ્પષ્ટ માંગ છે કે વારંવાર કરોડો રૂપિયાનો ધુમાડો કરીને પેચવર્ક કરવાના નામે નાણાં વેડફવાને બદલે મજબૂત, ગુણવત્તાસભર અને કાયમી ધોરણે ડામર કે આરસીસી રોડ બનાવવામાં આવે.

## અરવલ્લીમાં બિશ્નોઇ ગેંગ અને પોલીસનું એન્કાઉન્ટર : PI અને પોલીસકર્મી ઈજાગ્રસ્ત, SOGનું જોરદાર ફાયરિંગ

અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાને પડકારતી એક મોટી અને સનસનીખેજ ઘટના સામે આવી છે. બિશ્નોઈ ગેંગના કુખ્યાત શૂટરો અને ગુજરાત પોલીસ વચ્ચે અરવલ્લી પંથકમાં ફિલ્મીઢબે ઘમાસાણ એન્કાઉન્ટર સર્જાયું હતું. આ ભીષણ અથડામણમાં કુખ્યાત ગુનેગારોને પકડવા પડેલા પોલીસ ઓપરેશન દરમિયાન એસઓજીના પીઆઈ અને એક પોલીસકર્મી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે પોલીસની જવાબી અને ઘાતક કાર્યવાહીમાં ગેંગના સભ્યોને પણ ઈજાઓ પહોંચી હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે.

ઘટનાની વિગતો મુજબ, એસઓજી (સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ) અને પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે કુખ્યાત બિશ્નોઈ ગેંગના કેટલાક ખતરનાક શૂટરો અરવલ્લી વિસ્તારમાં છુપાયેલા છે અને કોઈ મોટી તથા ઘાતક વારદાતને અંજામ આપવાની ફિરાકમાં છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ધોરણે વોચ ગોઠવીને શંકાસ્પદ સ્થળને ચારેય બાજુથી કોર્ડન કરી લીધું હતું. પોલીસે આરોપીઓને ઘેરીને આત્મસમર્પણ કરવા માટે ચેતવણી આપી હતી, પરંતુ કુખ્યાત ગેંગના શૂટરોએ કાયદાનો ડર રાખ્યા વગર પોલીસ પર સીધું અને અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. પોતાના પ્રાણની પરવા કર્યા વગર એસઓજી અને પોલીસની ટીમે મોરચો સંભાળીને વળતો ઘાતક પ્રહાર કર્યો હતો. બંને તરફથી ધડાધડ ગોળીઓ છૂટતા સમગ્ર વિસ્તાર થોડીવાર માટે રણમેદાનમાં ફેરવાઈ ગયો હતો.

## જસદણમાં ભાદર નદીની દીવાલના કામમાં કરોડોનું કૌભાંડ: ભાજપ નેતા ભરત બોઘરાના પત્રથી રાજકારણમાં મોટો ભૂકંપ!

જસદણ

ગુજરાતના રાજકારણમાં આ દિવસોમાં એક અત્યંત વિવાદાસ્પદ અને સનસનીખેજ મામલો સામે આવ્યો છે, જેના કારણે સત્તાવાર બેડામાં ભારે હડકંપ મચી ગયો છે. રાજકોટ જિલ્લાના જસદણ પંથકમાંથી પસાર થતી ભાદર નદી પર બનાવવામાં આવી રહેલી પ્રોટેક્શન વોલ (સુરક્ષા દીવાલ) ના નિર્માણ કાર્યને લઈને ભારતીય જનતા પાર્ટીના જ દિગ્ગજ નેતા અને પૂર્વ ધારાસભ્ય ડૉ. ભરત બોઘરાએ ખુલ્લેઆમ મોરચો ખોલ્યો છે. તેમણે રાજ્યના જળ સંસાધન મંત્રી ઈશ્વર પટેલને સત્તાવાર પત્ર લખીને કરોડો રૂપિયાના માતબર ખર્ચે થતા આ કામમાં આચરવામાં આવેલા ભ્રષ્ટાચારની પોલ ખોલી નાખી છે.

પત્રમાં કરવામાં આવેલા આક્ષેપો મુજબ, જસદણ ખાતે ભાદર નદીના કિનારે નાગરિકોની સુરક્ષા અને જળ સંચયના હેતુથી મંજૂર થયેલી સંરક્ષણ દીવાલના બાંધકામમાં અત્યંત હલકી કક્ષાની સામગ્રીનો બેફામ ઉપયોગ કરવામાં આવ્યો છે. માત્ર ગુણવત્તા જ નહીં, પરંતુ બાંધકામની ડિઝાઈનમાં પણ ગંભીર છબરડા વાગ્યા હોવાનું પત્રમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે.

એટલું જ નહીં, ટેન્ડર પ્રક્રિયામાં નક્કી કરવામાં આવેલી સમયમર્યાદા પૂરી થઈ ગઈ હોવા છતાં હજુ સુધી કામ પૂર્ણ કરવામાં આવ્યું નથી, જેના કારણે સ્થાનિક સ્તરે પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

કોઈપણ પ્રકારની એન્જિનિયરિંગ કે ટેક્નિકલ શરતોને ધ્યાનમાં રાખ્યા વગર મનસ્વી રીતે ચલાવવામાં આવતી આ કામગીરી પાછળ કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની આશંકા ભાજપના જ નેતાએ વ્યક્ત કરતા રાજકીય ગલિયારોમાં ગરમાવો આવી ગયો છે.

### કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર આપી વિરોધ પ્રદર્શિત

# વડોદરામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર સંકલ્પ સ્મારકના ઈ-લોકાર્પણ પર રાજકારણ ગરમાયું

વડોદરા

ભારતના બંધારણના ઘડવૈયા, ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિ અને તેમના સમાનતા, સ્વતંત્રતા, બંધુતા તથા સામાજિક ન્યાયના મહાન વિચારો સાથે સંકળાયેલું ભવ્ય 'સંકલ્પ સ્મારક' હાલ વડોદરા ખાતે નિર્માણ પામ્યું છે. આ સ્મારક જાહેર જનતાના નાણાંના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે, ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા ગત 20 સપ્ટેમ્બરના રોજ આ સ્મારકનું અચાનક ઓનલાઈન એટલે કે ઈ-લોકાર્પણ કરી દેવામાં આવતા રાજકારણ ગરમાયું છે. કોઈપણ પ્રકારના જાહેર કાર્યક્રમ કે જનસમુદાયની ઉપસ્થિતિ વગર ગુપ્ત રીતે કરવામાં આવેલા આ ઈ-લોકાર્પણ સામે કોંગ્રેસ પક્ષ દ્વારા ઉગ્ર વાંધો ઉઠાવવામાં આવ્યો છે. આ વિવાદને લઈને આજે વડોદરા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ



ઋત્વિજ જોષી, અનુસૂચિત જાતિ વિભાગના ચેરમેન મહેશ સોલંકી તેમજ કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલા સહિતના શીર્ષ અને પાયાના આગેવાનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ આગેવાનો અને કાર્યકર્તાઓએ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચીને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને સંબોધિત એક આવેદનપત્ર પાઠવ્યું હતું અને આ મામલે કડક શબ્દોમાં રજૂઆત કરી હતી. કોંગ્રેસના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે ડૉ. બાબાસાહેબ આંબેડકર કરોડો લોકોના આસ્થા અને પ્રેરણાસ્ત્રોત છે, ત્યારે તેમના સ્મારકના લોકાર્પણ જેવા પવિત્ર અવસરને જાહેરમાં ઉજવવામાં કેમ ડરવામાં આવ્યો? સામાન્ય પ્રજાના પરસેવાની કમાણી અને ટેક્સના નાણાંથી બનેલા આ સ્મારકનું લોકાર્પણ ખુલ્લા મંચ પર જનતાની હાજરીમાં થવું જોઈએ તેના બદલે માત્ર કાગળ પર અને ઈ-માધ્યમથી આટોપી લેવું તે મહાપુરુષો અને જનતાના અપમાન સમાન છે. સમગ્ર ઈ-લોકાર્પણની પ્રક્રિયા, આ અંગેના સંબંધિત વહીવટી નિર્ણયો, મંજૂરીઓ આપનાર અધિકારીઓની ભૂમિકા અને આ પાછળના વાસ્તવિક કારણોની પારદર્શક તપાસ થવી જોઈએ તેવી માંગ પણ આવેદનપત્રમાં જોરશોરથી ઉઠાવવામાં આવી છે.

## નડિયાદના હાથજથી વાલ્લા ચોકડી રોડ પરથી 35 બોટલ ગેરકાયદેસર કોડીન યુક્ત નશીલી કફ સીરપ સાથે એક ઝડપાયો!

નડિયાદ

ખેડા જિલ્લામાં યુવાધનને નની લત તરફ ધકેલતા અસામાજિક તત્વો સામે SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) પોલીસ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. નડિયાદ તાલુકાના હાથજ ગામથી વાલ્લા ચોકડી તરફ જતા રોડ પર પોલીસે બાતમીના આધારે સફળ દરોડો પાડીને ગેરકાયદેસર રીતે વેચાણ અર્થે લવાયેલા પ્રતિબંધિત અને નશીલા પદાર્થોના મોટા જથ્થા સાથે એક મુખ્ય આરોપીને રંગેહાથ ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.



આ કાર્યવાહીથી નડિયાદ પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ખેડા SOG પોલીસ ટીમ પેટ્રોલિંગ અને બાતમીદારોના નેટવર્ક દ્વારા સતત વોચમાં હતી. આ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે નડિયાદના હાથજ ગામથી વાલ્લા ચોકડી તરફ જતા માર્ગ પર ગેરકાયદેસર નશીલી દવાઓની હેરાફેરી થઈ રહી છે. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને સ્થળ પર દરોડો પાડ્યો હતો. આરોપી કઈ જગ્યાએથી આ નશીલો જથ્થો લાવતો હતો અને ક્યાં સપ્લાય કરવાનો હતો, તે અંગે SOG દ્વારા સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે. આ રેકેટની પાછળ અન્ય કયા મોટા માથાઓ સંડોવાયેલા છે, તેનું પણ જલ્દી જ પર્દાફાશ થાય તેવી શક્યતાઓ છે. આજે યુવાધન કફ સીરપ અને અન્ય નશીલા પદાર્થોના રવાડે ચઢીને પોતાનું ભવિષ્ય બરબાદ કરી રહ્યું છે. નડિયાદ જેવા શહેરોમાં ગેરકાયદેસર રીતે મેડિકલ પરવાના વગર કે અંડરવર્લ્ડ નેટવર્ક દ્વારા ચાલતા આવા નશાના કારોબારો સામે પોલીસની આ રેડ એક સરાહનીય પગલું છે.

### પાટણના સમીમાં હૈયુ કંપાવનારી ઘટના

## આદિવાસી મહિલા પર દુષ્કર્મ છતાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ ન નોંધાઈ, હોસ્પિટલોએ પણ સારવાર ન આપી!

પાટણ

પાટણ જિલ્લાના સમી પંથકમાંથી કાયદો, વ્યવસ્થા અને માનવતાને શરમમાં મૂકી દેતી એક અત્યંત સંવેદનશીલ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. સમી ગામમાં એક આદિવાસી મહિલા દુષ્કર્મનો શિકાર બની હોવા છતાં, સ્થાનિક સમી પોલીસ સ્ટેશનની ઘોર બેદરકારી અને નિષ્ઠુરતાના કારણે પીડિતાને ન્યાય મેળવવા માટે દર-દર ભટકવું પડ્યું છે. આ બનાવથી સમગ્ર આદિવાસી સમાજ અને પંથકમાં ભારે રોષ ફેલાયો છે.

ઘટનાની પ્રાપ્ત વિગતો અનુસાર, પાટણ જિલ્લાના સમી ગામમાં એક ગરીબ આદિવાસી મહિલા પર જઘન્ય અપરાધ આચરવામાં આવ્યો હતો અને તે દુષ્કર્મનો ભોગ બની હતી. આ અસહ્ય પીડા અને આપવીતી લઈને પીડિત મહિલા પોતાના પતિ સાથે હિંમત કરીને સ્થાનિક સમી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા પહોંચી હતી. પરંતુ, ખાખી વર્દીની લાજ અને ફરજને ભૂલેલી સમી પોલીસની સંવેદનશીલતા મરી પરવારી હોય તેમ પીડિતાના ગંભીર આક્ષેપો છે કે પોલીસે દુષ્કર્મની કોઈ પણ લેખિત કે મૌખિક ફરિયાદ નોંધવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. પોલીસના આ અમાનવીય વલણથી પીડિતા ભાંગી પડી હતી.

આટલું જ નહીં, પોલીસ સ્ટેશનમાંથી ધક્કા ખાઈને નિરાશ થયેલી પીડિતા શારીરિક અને માનસિક વેદનાથી પીડાતી સમીની સરકારી હોસ્પિટલ તેમજ અન્ય ખાનગી હોસ્પિટલોમાં સારવાર અને મેડિકલ ટેસ્ટ માટે પહોંચી હતી. પરંતુ અત્યંત શરમજનક બાબત એ છે કે, સરકારી અને પ્રાઈવેટ હોસ્પિટલોના તંત્ર દ્વારા પણ પીડિત મહિલાને કોઈપણ પ્રકારની મેડિકલ ટ્રીટમેન્ટ આપવામાં આવી નહોતી. એક તરફ અબળા પર અત્યાચાર થયો અને બીજી તરફ પોલીસ તથા તંત્ર દ્વારા હાથ ઊંચા કરી દેવાતા પીડિતા ન્યાય માટે લાચાર બની ગઈ હતી. આ ગંભીર અને વિવાદાસ્પદ મામલે હવે સ્થાનિક સ્તરેથી અને સામાજિક સંગઠનો દ્વારા ઉચ્ચ સ્તરીય તપાસની માંગ ઉઠી રહી છે. જો પોલીસ જ ગુનેગારોને છાવરવા માટે આ પ્રકારની બેદરકારી દાખવશે તો સામાન્ય અને પીડિત નાગરિકો કોના પર ભરોસો કરશે?

## નર્મદા ભાજપમાં મોટો રાજકીય ધડાકો: જિલ્લા પ્રમુખ નીલ રાવને પદ પરથી મુક્ત કરાયા!

નર્મદા

નર્મદા જિલ્લાના રાજકારણમાં એકાએક ભૂકંપ સર્જાયો છે. ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવને તેમના પદ પરથી મુક્ત કરવામાં આવ્યા છે. સંગઠનમાં લાંબા સમયથી ચાલી રહેલી ખેંચતાણ અને આંતરિક અસંત વચ્ચે આવેલા આ અચાનક નિર્ણયથી સમગ્ર રાજ્યના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. વિશ્વાસસૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જિલ્લા પ્રમુખ પદેથી નીલ રાવને હટાવવા માટે પાછલા કેટલાક સમયથી સ્થાનિક સ્તરે મોરચો મંડાયો હતો. સૂત્રોનો દાવો છે કે આ નિર્ણય કોઈ સામાન્ય સંગઠનાત્મક ફેરફાર નથી, પરંતુ જિલ્લાના સાંસદ અને ધારાસભ્યોના સતત અને ભારે દબાણ હેઠળ હાઈકમાન્ડ દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે. સ્થાનિક નેતૃત્વ અને સંગઠન પ્રમુખ વચ્ચે તાલમેલનો અભાવ હોવાની ચર્ચાઓ અગાઉથી જ ચાલી રહી હતી. આંતરિક અસંતોષ એટલી હદે વધી ગયો હતો કે આખરે પક્ષના મોટા ગજાના નેતાઓએ પ્રમુખને હટાવવા માટે રજૂઆતોનો દોર શરૂ કર્યો હતો, જેનું પરિણામ હવે સામે આવ્યું છે.

### "જે ખેડૂતોના હક માટે લડશે, એ જ સાચો નેતા!"

## અર્જુન મોઢવાડિયાના ગઢમાં ગોપાલ ઈટાલિયાનો સરકાર ઉપર પ્રહાર!!

પોરબંદર

ગુજરાતની રાજનીતિમાં ખેડૂતોના સળગતા પ્રશ્નો અને આંદોલનો વચ્ચે આમ આદમી પાર્ટીના અગ્રણી નેતા ગોપાલ ઈટાલિયાએ ભાજપ સરકાર સામે મોરચો ખોલી દીધો છે. વરિષ્ઠ મંત્રી અર્જુન મોઢવાડિયાના ગઢ સમાન વિસ્તારમાં જાહેરમાં સરકાર સામે હુંકાર ભરતા ગોપાલ ઈટાલિયાએ સરકારની નીતિઓ અને ભાજપમાં જોડાયેલા પૂર્વ નેતાઓ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે ખેડૂતો હવે ડવાના નથી અને હિટલરશાહી સામે આર- લડાઈ લડવા માટે તૈયાર બેઠા છે. ગોપાલ ઈટાલિયાએ પોતાના નિવેદનમાં ખેડૂતોના હિતોની રક્ષાને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'જે વ્યક્તિ ખેડૂતોના હક અને અધિકાર માટે



રસ્તા પર ઉતરીને લડશે અને સરકાર સામે અવાજ ઉઠાવશે, માત્ર તે જ ખેડૂતોનો સાચો અને અસલી નેતા ગણાય.' ખેડૂતોના નામે માત્ર રાજકીય રોટલા શેકતા અને સત્તાના સોદાબાજી કરતા નેતાઓને હવે ગુજરાતનો ખેડૂત ઓળખી ગયો છે. આ નિવેદનમાં રાજુ કરપડાનું નામ લીધા વિના અથવા સીધા નિશાન બનાવતા ગોપાલ ઈટાલિયાએ આકરા પ્રહારો કર્યા હતા કે, જે લોકો અગાઉ ખેડૂતોની લડાઈ લડવાના દાવા કરતા હતા, તેઓ આજે ખેડૂતોના નામે રાજનીતિ કરીને ભારતીય જનતા પાર્ટી (BJP) માં સારી જગ્યા અને પદ મેળવીને ગોઠવાઈ ગયા છે. ખેડૂતોની પીઠમાં છરો ભોંકનારા આવા સ્વાર્થી નેતાઓને આગામી વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતનો અન્નદાતા મતદાનના માધ્યમથી કરારો જવાબ આપશે. વર્તમાન સરકાર પર પ્રહાર કરતા ઈટાલિયાએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે આજે ગુજરાત અને દેશમાં હિટલરશાહી ચલાવવામાં આવી રહી છે. જ્યારે પણ કોઈ સાચો અવાજ સરકારની વિરુદ્ધ ઉઠે છે અથવા ખેડૂતો પોતાના હક માટે આંદોલન કરે છે, ત્યારે આ સરકારી તંત્ર દ્વારા ED (એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ), CBI, CID ક્રાઈમ અને ક્રાઈમ બ્રાન્ચ જેવી કેન્દ્રીય તથા રાજ્યની તપાસ દ્વારા ખોટી કાર્યવાહી કરવાની ધમકીઓ આપવામાં આવે છે.

### દિવાળી કે દીવા તળે અંધારું?

## 'દિકરીના રક્ષણ'ની આડમાં સ્ત્રીઓની સ્વતંત્રતા છીનવવાનો અવાજ કે પુરુષવાદી માનસિકતાનું પ્રદર્શન?

ગાંધીનગર

આજના આધુનિક યુગમાં જ્યારે દીકરીઓ અવકાશથી લઈને દેશના સર્વોચ્ચ શિખરો સર કરી રહી છે, ત્યારે બીજી બાજુ સત્તા અને વ્યવસ્થાના શીર્ષ સ્થાને બેઠેલા કેટલાક વર્ગોની માનસિકતા હજુ પણ મધ્યયુગીન રૂઢિચુસ્તતા અને પિતૃસત્તાક જંજાળમાં જકડાયેલી છે. તાજેતરમાં 'દીકરીના રક્ષણ' અને સુરક્ષાના નામે સ્ત્રીઓની સ્વતંત્રતા અને ગતિશીલતાને સીમિત કરવાના જે સુર ઉછળી રહ્યા છે, તેણે સમગ્ર રાજ્યની નારીશક્તિમાં ભારે રોષ પેદા કર્યો છે. 'પાક્કો ગુજરાત' આ ગંભીર મુદ્દે સવાલ ઉઠાવે છે કે શું રક્ષણ આપવાના નામે સ્ત્રીઓને કમજોર અને નિર્બળ સાબિત કરવાનું આ એક સુનિયોજિત ષડયંત્ર છે? સવાલ એ થાય છે કે રક્ષણ કોણ માંગે છે અને કોનાથી માંગે છે? જો સમાજમાં કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાનું શાસન છે, તો પછી સ્ત્રીઓની સ્વતંત્રતાને કાપવાના ફતવા કેમ બહાર પાડવામાં આવે છે? જો કોઈ એમ માને કે સ્ત્રીઓનું રક્ષણ કરવું પડશે એટલે તેઓ પોતાની મરજીથી જીવી નહીં શકે, તો તે સીધેસીધો સ્ત્રીઓની સ્વતંત્રતા અને સમાનતાના અધિકારનો વિરોધ છે. નારી સ્વાતંત્ર્ય એ કોઈ ભીખ નથી, પરંતુ બંધારણે આપેલો મૂળભૂત અધિકાર છે. રક્ષણના નામે દીકરીઓની મુક્ત હિલચાલ અને તેમના નિર્ણયો પર અંકુશ લગાવવો એ માત્ર એક માનસિક ગુલામીની નિશાની છે. આપણા દેશ અને રાજ્યમાં નાગરિકોની સુરક્ષા માટે પોલીસ, ન્યાયતંત્ર, અને મજબૂત કાયદો-વ્યવસ્થા હાજર છે. તો પછી શું આ વ્યવસ્થાઓ નિષ્ફળ સાબિત થઈ ગઈ છે? જો કાયદો અને વ્યવસ્થા હોવા છતાં પણ કોઈ સંસ્થા કે વ્યવસ્થા એમ માનતી હોય કે સ્ત્રીઓને સુરક્ષિત રાખવા માટે તેમને કેદ રાખવી પડશે અથવા તેમની સ્વતંત્રતા છીનવી લેવી પડશે, તો તેનો અર્થ એ થાય કે તેઓ કાયદા અને વ્યવસ્થા પર ભરોસો નથી કરતા–અથવા પછી તેઓ પોતાને કાયદા અને વ્યવસ્થાથી પણ ઉપર માને છે.

## વડોદરાની હોનહાર દીકરીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે ડંકો વગાડ્યો: આર્થિક વિપત્તિઓને આપી જીત્યા ગોલ્ડ મેડલ!

### ઓટો ચાલક પિતાની દીકરી અને પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલી તેજસ્વી બાલિકાઓએ ઇતિહાસ રચ્યો

વડોદરા

જ્યારે ઈરાદો બુલંદ હોય અને સપનાઓને આંખમાં રાખીને આગળ વધવાની જીદ હોય, ત્યારે ગરીબી અને આર્થિક તંગી પણ રસ્તાની રોડા નથી બની શકતી. ગુજરાતના સંસ્કારી નગર વડોદરાની બે દીકરીઓએ આ વાત સાચી સાબિત કરી દેખાડી છે. આંતરરાષ્ટ્રીય સ્તરની રમતગમત સ્પર્ધાઓમાં શાનદાર પ્રદર્શન કરીને આ દીકરીઓએ દેશ અને ગુજરાત માટે ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. પરંતુ આ ગૌરવશાળી સફળતા પાછળની સંઘર્ષગાથા એટલી જ હચમચાવી નાખનારી છે.



આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર ત્રિરંગો લહેરાવનાર આ દીકરીઓનો પરિવાર અત્યંત કપરી પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે.

આ ખેલાડીઓ પૈકી એક દીકરીના પિતા પોતાનું ગુજરાન ચલાવવા માટે ઓટો રિક્ષા ચલાવે છે, જેમણે પોતાની પાઈ-પાઈ જોડીને દીકરીના સપનાને પૂરું કરવા માટે એડીચોટીનું જોર લગાવ્યું છે.

જ્યારે બીજી દીકરી નાની વયે જ પિતાની છત્રછાયા ગુમાવી ચૂકી છે, છતાં જીવનના આઘાતોને હિંમતથી હસતાં-હસતાં ઝીલીને તેણે પોતાની રમત પર પકડ જાળવી રાખી.

સાધનોના અભાવ, મોંઘી ટ્રેનિંગનો ખર્ચ અને રોજિંદા જીવનની વિકટ સમસ્યાઓ વચ્ચે પણ આ દીકરીઓએ ક્યારેય હાર માની નહીં અને પોતાના પરસેવાથી મેડલ જીતીને દેશનું નામ રોશન કર્યું. પ્રતિભા હોવા છતાં આર્થિક લાચારીના કારણે અસંખ્ય ખેલાડીઓ રમત છોડવા મજબૂર બનતા હોય છે, પરંતુ વડોદરાની આ દીકરીઓ માટે હવે આશાનું કિરણ ઉગ્યું છે.

## તંત્રી લેખ...

# 'વિકસિત ભારત 2047'નો જુમલો કે સત્તાનો છળ: નફરતના સાયામાં વિકાસનું સ્વપ્ન?

**- જાતિ અને ધર્મની આગમાં દેશને હોમીને 'વિકસિત ભારત'નું નાટક શા માટે?**
**- ખુરશીની લાલસા અને સત્તાના સ્વાર્થ માટે સામાજિક તાણાવાણાને વેરવિખેર કરતા રાજકીય પક્ષો**
**- નફરતના બજારમાં જનકલ્યાણ અને પ્રગતિની આશા રાખવી એ માત્ર ને માત્ર એક મૂર્ખામીભર્યો ધોખો છે**

આઝાદીના સો વર્ષ પૂરા થવા પર ભારતને એક આર્થિક મહાશક્તિ અને 'વિકસિત રાષ્ટ્ર' બનાવવાનું ભવ્ય સ્વપ્ન આજકાલ સત્તાના ગલિયારાથી લઈને મોટા-મોટા જાહેરાતના હોર્ડિંગ્સ સુધી ગુંજી રહ્યું છે. 'વિકસિત ભારત 2047' નારો દેશના યુવાનો અને નાગરિકોના મનમાં આશા જગાવવા માટે ઘડવામાં આવ્યો છે, પરંતુ શું આ માત્ર એક જુમલો બનીને રહી ગયો છે? સવાલ એ નથી કે 2047માં ભારત કેવું દેખાશે, સવાલ એ છે કે જે દેશની રાજનીતિનો પાયો જ નફરત, ફૂટ અને વૈમનસ્ય પર ટકેલો હોય, ત્યાં પ્રગતિની



કલ્પના કરવી પણ કોઈ ફરેબથી ઓછી છે શું?

રાજકીય સ્વાર્થ: જાતિઓની દીવાલો અને ધર્મની ખાઈ

આજે દેશની રાજકીય વ્યવસ્થાનું કડવું સત્ય એ બની ગયું છે કે સત્તાની મલાઈ અને ખુરશીની લાલસા મેળવવા માટે રાજકીય પક્ષો કોઈપણ હદ સુધી જવા તૈયાર છે. જે દેશમાં રાજનીતિનું મુખ્ય હથિયાર જનતાનો વિકાસ ન બનીને બે જાતિઓ વચ્ચે જાતિગત ઝેર ફેલાવવાનું અને બે ધર્મો વચ્ચે વૈમનસ્યની આગ સળગાવવાનું હોય, ત્યાં સમાજનું માળખું અંદરથી પોલું પડી જાય છે.

મતોની ફસલ કાપવા માટે જાતિઓનેસામસામે લડાવવામાં આવે છે.

ધ્રુવીકરણની રાજનીતિ હેઠળ ધર્મના નામે મનુષ્યોને વહેંચવામાં આવે છે.

સુનિયોજિત એજન્ડા હેઠળ સમાજના તાણાવાણાને તાર-તાર કરવામાં આવે છે જેથી રાજકીય રોટલા શેકી શકાય.

આવા વિભાજનકારી માનસિકતા અને નફરતની રાજનીતિ કરનારા પક્ષો પાસેથી એવી આશા કેવી રીતે રાખી શકાય કે તેઓ દેશને પ્રગતિના રસ્તે લઈ જશે? આ એક એવો વિરોધાભાસ છે જે સીધેસીધો જનતાની આંખોમાં ધૂળ નાખવા જેવો છે.

વિકાસનું નાટક અને જનકલ્યાણની બલિ

જે રાજકીય પક્ષો સમાજને જોડવાને બદલે તોડવાનું કામ કરે છે, તેમના મોંમાંથી 'જનકલ્યાણ' અને '' જેવા શબ્દો અત્યંત શોભાહીન અને છલ જેવા લાગે છે. જે દેશની ઊર્જા યુવાનોને રોજગાર, શિક્ષણ, સ્વાસ્થ્ય અને પાયાની સુવિધાઓ આપવામાં લાગવી જોઈએ, તે ઊર્જા માત્ર આ વાતમાં ખર્ચવામાં આવી રહી છે કે કેવી રીતે એક સમુદાયને બીજા સામે ઊભો કરીને ચૂંટણી જીતી શકાય.

જ્યારે સત્તાનો એકમાત્ર હેતુ માત્ર ને માત્ર ચૂંટણી જીતવું અને પોતાની હકૂમત બચાવી રાખવાનું બની જાય છે, ત્યારે દેશનો સામાન્ય નાગરિક હાંસિયામાં ધકેલાઈ જાય છે. મોંઘવારી, બેરોજગારી, બિસ્માર શિક્ષણ અને કથળતી સ્વાસ્થ્ય સેવાઓ આ સ્વાર્થી નેતાઓના એજન્ડામાં ક્યાંય દૂર-દૂર સુધી હોતી નથી. તેના બદલે, એજન્ડામાં માત્ર નફરત, નિવેદનબાજી અને ધ્રુવીકરણના નવા પેંતરા હોય છે.

નિષ્કર્ષ: શું નફરતના રથ પર બેસીને 'વિકસિત ભારત' પહોંચી શકાશે?

ઈતિહાસ સાક્ષી છે કે કોઈ પણ રાષ્ટ્ર ત્યાં સુધી મહાન કે વિકસિત બની શકે નહીં, જ્યાં સુધી તેના નાગરિકો ભાઈચારા અને એકતાના સૂત્રમાં બંધાયેલા ન હોય. જે દેશની રાજનીતિનો આધાર જ 'ભાગલા પાડો અને રાજ કરો' (Divide and Rule) ની નીતિ બની ગયો હોય, ત્યાં 2047ના વિકસિત ભારતનું સ્વપ્ન માત્ર એક કાગઝી જુમલો અને મીઠી ગોળી સિવાય કશું જ નથી.

હવે સમય આવી ગયો છે કે દેશનો મતદાતા, યુવાન અને સામાન્ય માણસ આ રાજકીય પક્ષોના જાતિ અને ધર્મના પાખંડને ઓળખે. જ્યાં સુધી જનતા નફરતની આ રાજનીતિને નકારીને વિકાસ, રોજગાર અને અસલી મુદ્દાઓ પર મત નહીં આપે, ત્યાં સુધી 'વિકસિત 'નો આ જુમલો માત્ર સત્તાની તિજોરી ભરવાનું સાધન જ બનતો રહેશે. સંપાદકીય વિશેષ ટિપ્પણી: શું જાતિ અને ધર્મની રાજનીતિથી ઉપર ઊઠીને દેશ ક્યારેય સાચા વિકાસના પાટે પાછો ફરી શકશે? તમારા વિચારો અમને મોકલો– 'પાક્કો ગુજરાત' તમારી અવાજને હંમેશાં બેબાક રીતે બુલંદ કરશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# જેવી આપણી દાનત, એવી આપણી સંગત: દુર્યોધન બનીશું તો શકુનિ મળશે, અર્જુન બનીશું તો કૃષ્ણ!

મહાભારત માત્ર હજારો વર્ષ જૂનો ભૂતકાળ નથી; એ આપણા અંતરમાં અને આપણી આસપાસ રોજ ખેલાતું જીવંત કુરુક્ષેત્ર છે. આપણે ઘણીવાર આખી દુનિયા સામે ફરિયાદ કરતા ફરીએ છીએ કે, 'આપણને કોઈ સાચો માણસ મળતો જ નથી, બધા સ્વાર્થી અને મતલબી જ ભેગા થાય છે!' પણ આપણે ક્યારેય અરીસા સામે ઊભા રહીને આપણી જાતને આ સવાલ નથી પૂછતા કે, 'આપણે પોતે અંદરથી કેવા છીએ કે આપણા જીવનમાં આવા લોકોનું જ ટોળું વારંવાર ખેંચાઈ આવે છે?'

આપણી આસપાસના લોકો બીજું કંઈ નથી, આપણા જ અંતરમનનું અદૃશ્ય પ્રતિબિંબ છે. માખી ગમે તેટલા સુંદર બગીચામાં પણ ગંદકી જ શોધે છે, જ્યારે મધમાખી ગમે તેટલા કાદવ વચ્ચે પણ કમળની સુગંધ સુધી પહોંચી જાય છે. જેની દાનતમાં ખોટ હોય એને સલાહકાર પણ ખોટો જ મળે, અને જેના હૃદયમાં સત્ય હોય એનો સારથિ ખુદ ઈશ્વર બને!

દુનિયાનો અફર નિયમ છે જેવું વાવીએ, એવું જ લણીએ. આપણા મનની અંદર જે પ્રકારની ભૂખ હશે, બહારથી એવા જ તત્ત્વો આપણી પાસે આવશે

જો આપણને દરેક વાતમાં માત્ર આપણો પોતાનો સ્વાર્થ દેખાતો હશે, તો આપણી આસપાસ બીજાનો લાભ ઉઠાવનારા મતલબીઓ જ આવશે.

જો આપણે દરેક સંબંધમાં માત્ર ઉપયોગિતા શોધતા રહીશું, તો આપણને છેતરીને ઉપયોગ કરનારા લોકો જ મળશે.

જો આપણે ખોટા અહંકાર અને સત્તા પાછળ દોડીશું, તો આપણી આસપાસ જી-હજૂરી કરતા ચાપલૂસોની ફોજ જમા થશે. પણ જો આપણે સત્ય અને પ્રામાણિકતાનો માર્ગ પકડીશું, તો શરૂઆતમાં કદાચ સાથ આપનારા લોકો ઓછા મળશે; પણ જે મળશે એ સોના જેવા શુદ્ધ, અડીખમ અને ક્યારેય સાથ ન છોડનારા હશે.

દુર્યોધનને શકુનિ શોધવા જવો નહોતો પડ્યો, બંનેની અંદરનું ઝેર એક સરખું હતું એટલે એકબીજાને ખેંચી લાવ્યા. અર્જુનને કૃષ્ણ એટલા માટે મળ્યા કારણ કે અર્જુનની દિશા સત્ય અને ધર્મ તરફ વળેલી હતી. અહીં જીવનનું સૌથી મોટું રહસ્ય છુપાયેલું છે. કૃષ્ણ અર્જુનના જીવનમાં માત્ર એટલા માટે નહોતા આવ્યા કે અર્જુન મહાન ધનુર્ધર હતો;



અર્જુન એટલો નિખાલસ અને શરણાગત હતો કે એનામાં કૃષ્ણનું કડવું સત્ય સાંભળવાની અને સ્વીકારવાની તૈયારી હતી. આજના યુગમાં પરમાત્મા કોઈ પીતાંબર કે મોરપિચ્છ પહેરીને સાક્ષાત્ નથી આવતા. ક્યારેક સાચી સલાહ આપતો કોઈ સાચો માણસ કૃષ્ણ બનીને આવે છે.

ક્યારેક ખોટા માર્ગે જતા રોકીને પાછો ખેંચી લેતો સાચો મિત્ર કૃષ્ણ હોય છે.

ક્યારેક આપણી ભૂલ આપણી આંખમાં આંખ પરોવીને મોં પર કહી દેનાર વડીલ કૃષ્ણ હોય છે. ક્યારેક આપણો અહંકાર ઓગાળીને સત્યનો અરીસો બતાવી દેનાર વ્યક્તિ કૃષ્ણ હોય છે.

પણ અસલી ધર્મસંકટ એ છે કે આપણે કૃષ્ણને સાંભળવા તૈયાર છીએ કે શકુનિને?

શકુનિ હંમેશા એ જ વાત કરશે જે આપણા અહંકારને 'ગમે', અને કૃષ્ણ હંમેશા એ જ વાત કરશે જે આપણા જીવન માટે 'સાચી' હોય!

સાચો મિત્ર કોણ? જે આપણને બચાવે કે જે આપણી ભૂલને છાવરે? સંગતની પરખ કરવી હોય તો આ સુવર્ણ નિયમ યાદ રાખવા જેવો છે. ખોટી સંગતનો સૌથી મોટો સંકેત એ નથી કે સામેની વ્યક્તિ સીધેસીધી કપટી દેખાય છે; સૌથી મોટો ખતરો એ છે કે એ આપણી દરેક ભૂલ કે ખોટી વાતને સાચી સાબિત કરીને પીઠ થાબડે છે! જે માણસ આપણા દરેક ખોટા કામમાં કહે કે, 'તું કરે છે એ જ બરાબર છે, તું જ સાચો છે,' એ આપણો મિત્ર નથી, એ મીઠું ઝેર આપનારો આધુનિક શકુનિ છે. સાચો મિત્ર કે સાચો હિતેચ્છુ તો એ છે જે નિર્ભય થઈને છાતી ઠોકીને કહી શકે: 'તારી સામે આખી દુનિયા ખોટી નથી, એક વાર તારા પોતાના અંતરમાં પણ ડોકિયું કરી લે!'

શકુનિએ દુર્યોધનને વિનાશના માર્ગે જતાં ક્યારેય રોક્યો નહીં, ઊલટાનું ઘી હોમ્યું. જ્યારે કૃષ્ણે કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને માત્ર મીઠી સાંત્વના ન આપી, પણ એના મોહ અને કાયરતાનો સણસણતો સામનો કરાવીને એને કર્તવ્યના માર્ગે ઊભો કર્યો. જીવનમાં આપણે એવા લોકોની સંગત રાખવી જોઈએ જે આપણી હા માં હા ન મેળવે, પણ આપણી ભૂલ પર મોં પર 'ના' કહેવાની ખુમારી રાખે. "કૃષ્ણ મળશે" એ પહેલાં "અર્જુન બનવું" પડે આપણે સહુ ઈચ્છીએ છીએ કે આપણા જીવનમાં કૃષ્ણ જેવો સાથ હોય. પણ શું આપણે અર્જુન જેવું સમર્પણ લાવવા તૈયાર છીએ? આપણે કૃષ્ણની હાજરી ઈચ્છીએ છીએ, પણ એમનું માર્ગદર્શન કે ગીતા નથી સાંભળવી. આપણે વિજય અને સફળતા ઈચ્છીએ છીએ, પણ પોતાના અહંકાર સામેનું યુદ્ધ નથી લડવું. આપણે સાચા અને વફાદાર લોકો ઈચ્છીએ છીએ, પણ આપણું પોતાનું વર્તન બદલવું નથી. આ દંભ ક્યારેય ફળતો નથી. કૃષ્ણને બહાર શોધતા પહેલાં આપણે આપણી ભીતર અર્જુનને જગાડવો પડે. સાચી સંગત શોધતા પહેલાં પોતાના મનનું અંતર શુદ્ધ કરવું પડે. ઈશ્વર જેવો સારથિ મળવો એ ભાગ્ય હોઈ શકે, પણ પોતાના જીવનના રથની લગામ ઈશ્વરના હાથમાં સોંપી દેવી એ સૌથી મોટું સમર્પણ છે. અને જ્યારે આપણું સમર્પણ શુદ્ધ હોય, ત્યારે દુનિયાનો કોઈ શકુનિ આપણો વાળ પણ વાંકો નથી કરી શકતો! આપણા જીવનમાં બહાર કોણ બેઠું છે એ પછી જોવું; પહેલાં એ તપાસીએ કે આપણા મનના સિંહાસન પર કોણ બેઠું છે? જો અંદર દુર્યોધન બેઠો હશે તો બહાર શકુનિઓની કદી કમી નહીં પડે; પણ જો અંદર અર્જુન જાગી જશે, તો ઘોર અંધકાર વચ્ચે પણ ખુદ કૃષ્ણ આવીને આપણા વિજયનો માર્ગ કંડારી આપશે!

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# રાજસ્થાનની ચૂંટણીમાં ભાજપ માટે મોટો સંકેત: જીતની ખુશી વચ્ચે છુપાયેલું છે ખતરનાક પોલિટિકલ એલાર્મ

રાજસ્થાનની નાગરિક સંસ્થા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપે ભલે ફરી એક વખત બહુમતી મેળવીને ભગવો લહેરાવ્યો હોય, પરંતુ આ ચૂંટણીઓના પરિણામો માત્ર કાગળ પરની જીત નથી. આજના ગ્રાઉન્ડ રિયાલિટીના આંકડાઓ સ્પષ્ટપણે એ સાબિત કરે છે કે આવનારા વર્ષ ૨૦૨૮ની વિધાનસભા ચૂંટણી પહેલાં ભાજપ માટે આ એક મોટું પોલિટિકલ એલાર્મ છે.

મતદાનના આંકડાઓ પર નજર કરીએ તો કુલ પરિણામોમાં ભાજપને ૪,૧૭૯ બેઠકો પર જીત મળી છે, જ્યારે કોંગ્રેસ ૩,૬૧૩ બેઠકો મેળવવામાં સફળ રહી છે. આ સિવાય મોટી સંખ્યામાં ૨,૨૭૩ બેઠકો પર અપક્ષ અને નિર્દલીય ઉમેદવારો વિજયી બન્યા છે. ભાજપને ભલે કોંગ્રેસ કરતાં ૫૬૬ બેઠકો વધુ મળી હોય, પરંતુ વાસ્તવિક ચિત્ર કંઈક અલગ જ કહાની કહી રહ્યું છે. અનેક મહત્ત્વપૂર્ણ બેઠકો પર અપક્ષો એટલી મોટી સંખ્યામાં ચૂંટાઈ આવ્યા છે કે સ્પષ્ટ બહુમતી ન મળવાને કારણે કે પછી ભાજપ અને કોંગ્રેસ બંને મુખ્ય પક્ષો સત્તાથી સીધા દૂર થઈ ગયા છે.

આ ચૂંટણીઓનો સૌથી મોટો અને ચોંકાવનારો સંદેશ એ છે કે શહેરી મતદાતાઓ હવે ભાજપથી નારાજ થઈને સીધા કોંગ્રેસ તરફ વળ્યા નથી, પરંતુ તેમણે ભાજપને અત્યંત સ્પષ્ટ અને ખુલ્લો સંકેત આપી દીધો છે. જનતાએ સ્પષ્ટ કહી દીધું છે કે અમને ક્યારેય ટેક ઈટ ગ્રાન્ટેડ અથવા હળવાશથી લેવાની ભૂલ ન કરતા. આ પરિણામો સીધી રીતે ભજનલાલ શર્માની સરકારના કામકાજ, સંગઠનની પકડ અને વિપક્ષી કોંગ્રેસની ક્ષમતા પર મોટો સવાલ ઊભો કરે છે.

રાષ્ટ્રીય સ્તરના મોટા ભાષણો, ધુંઆધાર પ્રચારો કે રાષ્ટ્રીય મુદ્દાઓ સ્થાનિક ચૂંટણીઓમાં કોઈ કામ નથી આવતા.

સ્થાનિક સ્તરે જનતાના મુદ્દાઓ તદ્દન અલગ હોય છે. ગટર લાઈનોની સિસ્ટમ, રસ્તાઓની ખરાબ હાલત, પીવાના પાણીની અનિયમિત સપ્લાય, સ્ટ્રીટ લાઈટ્સની વ્યવસ્થા, ગેરકાયદેસર અતિક્રમણ અને સ્થાનિક કોર્પોરેટરો કે નેતાઓની જનતા માટે ઉપલબ્ધતા જેવા પાયાના પ્રશ્નો જ ચૂંટણીના નિર્ણયો નક્કી કરે છે. રાષ્ટ્રીય ક્ષેત્રે અપાતા મોટા સ્લોગનોની સ્થાનિક કક્ષાએ કોઈ વેલ્યુ નથી હોતી, અને આ ચૂંટણીઓએ તે સાબિત કરી દીધું છે. રાજસ્થાનની આ સ્થાનિક ચૂંટણીઓના રિઝલ્ટ એ વર્ષ ૨૦૨૮માં યોજાનારી મુખ્ય વિધાનસભા ચૂંટણીની અસલી બ્લુ પ્રિન્ટ સાબિત થઈ શકે છે. રાજસ્થાનનો રાજકીય ઈતિહાસ હંમેશાંથી પરંપરાગત રહ્યો છે કે ત્યાં દર પાંચ વર્ષે સરકાર બદલાય છે. જો કોંગ્રેસ પક્ષ પોતાના જૂના રોગો જેવા કે આંતરકલહ, જૂથબારી અને આંતરિક ખેંચાણથી ઉપર ઉઠીને પૂરી એકતા અને રણનીતિ સાથે મેદાનમાં , તો તે આવનારા સમયમાં ભાજપ માટે મોટો અને ખતરનાક પડકાર બની શકે છે.

# ખાખીને પડકાર અને કાયદાની ધજ્જિયાં: બરવાળા સતલોક આશ્રમની હચમચાવી દેનારી કહાની

## સામાન્ય સરકારી કર્મચારીથી વિવાદાસ્પદ આધ્યાત્મિક ગુરુ સુધીની સફર, 2006ના કરૌંથા વિવાદથી 2014ના બરવાળા પ્રકરણ સુધી અનેક ગંભીર કેસોમાં નામ

હિસાર/બરવાળા:

હરિયાણાના હિસાર જિલ્લાના બરવાળા ખાતે આવેલો સતલોક આશ્રમ અને તેના સંચાલક રામપાલનું નામ વર્ષોથી દેશના સૌથી ચર્ચિત આધ્યાત્મિક વિવાદોમાં રહ્યું છે. એક તરફ રામપાલના અનુયાયીઓ તેને આધ્યાત્મિક ગુરુ તરીકે માનતા રહ્યા, તો બીજી તરફ તેના સંગઠન અને આશ્રમને લઈને અનેક ગંભીર કાનૂની વિવાદો સર્જાયા. વર્ષ 2014માં બરવાળા આશ્રમમાં પોલીસ કાર્યવાહી દરમિયાન સર્જાયેલી પરિસ્થિતિએ સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું હતું.

### સરકારી નોકરીથી આધ્યાત્મિક પ્રવચનો સુધી

રામપાલ હરિયાણાના સિંચાઈ વિભાગમાં જુનિયર એન્જિનિયર તરીકે કાર્યરત હતો. નોકરી દરમિયાન તેનો આધ્યાત્મિક વિચારો અને કબીરપંથી વિચારધારા તરફ ઝુકાવ વધ્યો. ત્યારબાદ તેણે સરકારી નોકરી છોડીને આધ્યાત્મિક પ્રવચનો આપવાનું શરૂ કર્યું.

સમય જતાં તેના અનુયાયીઓની સંખ્યા વધતી ગઈ અને બરવાળામાં સતલોક આશ્રમનું વિશાળ નેટવર્ક ઊભું થયું. આશ્રમ અને રામપાલની પ્રવૃત્તિઓને લઈને સમયાંતરે વિવિધ સંગઠનો અને કાનૂની સંસ્થાઓ સાથે વિવાદો પણ થયા.

કરૌંથા વિવાદે વધાર્યો તણાવ

વર્ષ 2006માં રોહતક જિલ્લાના કરૌંથા ખાતે રામપાલના આશ્રમને લઈને આર્ય સમાજના અનુયાયીઓ અને રામપાલના સમર્થકો વચ્ચે ગંભીર અથડામણ થઈ હતી. આ ઘટનામાં એક વ્યક્તિના મૃત્યુનો મામલો સામે આવ્યો હતો અને રામપાલ સામે ગંભીર ગુનાઓ નોંધાયા હતા.

આ કેસમાં રામપાલની ધરપકડ પણ કરવામાં આવી હતી. ત્યારબાદ લાંબી કાનૂની પ્રક્રિયા ચાલી. અહીં નોંધવું જરૂરી છે કે આ કેસમાં આગળની અદાલતી કાર્યવાહી અને તેના અંતિમ પરિણામને આધારે જ કોઈ નિષ્કર્ષ કાઢવો જોઈએ.

### નવેમ્બર 2014: બરવાળા આશ્રમની બહાર પોલીસ અને સમર્થકો આમને-સામને

વર્ષ 2014માં રામપાલને કોર્ટમાં હાજર કરાવવાના મુદ્દે કાનૂની કાર્યવાહી ચાલી રહી હતી. તેની ધરપકડ માટે પોલીસ બરવાળા સ્થિત સતલોક આશ્રમ પહોંચી ત્યારે પરિસ્થિતિ અત્યંત તંગ બની ગઈ.

કોર્ટના આદેશોના અમલ દરમિયાન આશ્રમની આસપાસ મોટી સંખ્યામાં રામપાલના સમર્થકો એકત્ર થયા હતા. અદાલતી દસ્તાવેજોમાં પોલીસને રોકવા માટે આશ્રમ પરિસરમાં મોટી સંખ્યામાં લોકોની હાજરી, મહિલાઓ અને બાળકોની હાજરી તેમજ પેટ્રોલ/ડીઝલ ભરેલા કેન સાથેના લોકો અંગેની વિગતો નોંધાઈ છે.

પોલીસ અને આશ્રમ સમર્થકો વચ્ચેનો આ મુકાબલો અનેક દિવસો સુધી ચાલ્યો. આખરે 19 નવેમ્બર 2014ના રોજ રામપાલને આશ્રમમાંથી ધરપકડ કરવામાં આવી.

### આશ્રમમાંથી મૃતદેહ મળ્યા, કેસે લીધો ગંભીર વળાંક

પોલીસ કાર્યવાહી બાદ આશ્રમની




અંદરથી મહિલાઓ અને એક બાળક સહિત કુલ છ મૃતદેહ મળ્યા હોવાના અહેવાલો સામે આવ્યા હતા. આ મોતને લઈને અલગથી ફોજદારી કેસ ચલાવવામાં આવ્યો અને સમગ્ર ઘટનાએ રાષ્ટ્રીય સ્તરે ભારે ચર્ચા જગાવી.

આ કેસમાં રામપાલ સહિત અન્ય આરોપીઓ સામે હત્યા અને અન્ય ગંભીર ગુનાઓના આરોપો મૂકવામાં આવ્યા હતા. બાદમાં અદાલતી કાર્યવાહી દરમિયાન પુરાવાઓના આધારે આરોપીઓ અંગે ચુકાદા આપવામાં આવ્યા.

### 2018માં આજીવન કેદની સજા

ઓક્ટોબર 2018માં હિસારની અદાલતે 2014ના બે અલગ હત્યા કેસોમાં રામપાલ અને અન્ય આરોપીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી. આ સજાએ બરવાળા આશ્રમ પ્રકરણને વધુ ગંભીર કાનૂની વળાંક આપ્યો.

આ સમગ્ર ઘટનામાં કોર્ટના ચુકાદા અને સત્તાવાર રેકોર્ડને આધારે જ આરોપો અને દોષિત ઠરાવવાની વિગતો રજૂ કરવી મહત્વપૂર્ણ છે. રામપાલ વિરુદ્ધ અન્ય કાનૂની કાર્યવાહી પણ અલગ-અલગ સમયગાળામાં ચાલી રહી હતી.

### કાયદાથી ઉપર કોઈ નથી

બરવાળા સતલોક આશ્રમ પ્રકરણનો સૌથી મોટો સંદેશ એ છે કે ધાર્મિક કે આધ્યાત્મિક ઓળખ ધરાવતી કોઈ વ્યક્તિ કે સંસ્થા કાયદાથી ઉપર નથી.

આસ્થાના નામે કોઈપણ સંગઠન ઊભું થાય ત્યારે તેના અનુયાયીઓએ પણ કાયદો, ન્યાયિક પ્રક્રિયા અને બંધારણીય વ્યવસ્થાનું પાલન કરવું જરૂરી છે. કોઈ વ્યક્તિને આધ્યાત્મિક ગુરુ માનવો એ વ્યક્તિગત આસ્થા હોઈ શકે છે, પરંતુ કાયદાનું પાલન દરેક નાગરિક માટે સમાન છે.

### સમાજ માટે મોટો સવાલ

બરવાળાની ઘટના માત્ર એક આશ્રમ કે એક વ્યક્તિની કહાની નથી. આ સમગ્ર પ્રકરણ સમાજ સામે અનેક પ્રશ્નો ઊભા કરે છે–આસ્થા અને અંધશ્રદ્ધા વચ્ચેની રેખા ક્યાં છે? આધ્યાત્મિક સંગઠન ક્યારે વ્યક્તિગત સત્તાના કેન્દ્રમાં પરિવર્તિત થાય છે? અને સૌથી મહત્વપૂર્ણ, જ્યારે કાયદો અને કોઈ ધાર્મિક સંગઠન સામસામે આવે ત્યારે અનુયાયીઓએ કાયદાનો સાથ આપવો કે વ્યક્તિનો?

જાગૃત સમાજ માટે શિક્ષણ, તર્ક, કાયદા પ્રત્યે સન્માન અને કોઈપણ વ્યક્તિ અથવા સંસ્થાની પ્રવૃત્તિઓનું તથ્યોના આધારે મૂલ્યાંકન કરવું અત્યંત જરૂરી છે.

### પક્કો ગુજરાત ન્યૂઝનો સંદેશ

આસ્થા તમારી વ્યક્તિગત બાબત છે, પરંતુ કાયદો સૌ માટે સમાન છે.

કોઈપણ વ્યક્તિને ભગવાનનો દરજ્જો આપતા પહેલા તેના વિચારો કરતાં પણ તેના કાર્યો અને કાનૂની રેકોર્ડને સમજવું જરૂરી છે.

**પક્કો ગુજરાત ન્યૂઝ – સત્ય, તથ્ય અને જનહિતના પક્ષમાં.**

# ગુંડાઓ જન્મજાત અપરાધી કે સમાજ અને વ્યવસ્થાના શિકાર? 'અપરાધીઓ પેદા થવાના' આ કાળા સત્ય પર મોટો ખુલાસો!

આજે સમાજમાં રોજબરોજ વધતા જતા અપરાધો અને ગુનાખોરીને જોઈને દરેક નાગરિકના મનમાં એક જ સવાલ થાય છે કે આ ગુનેગારો ક્યાંથી આવે છે? શું કોઈ પણ વ્યક્તિ જન્મથી જ અપરાધી હોય છે? 'પાક્કો ગુજરાત'ના આ વિશેષ અહેવાલમાં આ સવાલનો જવાબ શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. નિષ્ણાતો અને વાસ્તવિક પરિસ્થિતિ સ્પષ્ટ કરે છે કે ગુંડાઓ ક્યારેય જન્મજાત અપરાધી હોતા નથી, પરંતુ આસપાસની પરિસ્થિતિ, સંજોગો અને વ્યવસ્થિત નિષ્ફળતાઓ તેમને ગુનાહિત દુનિયા તરફ ધકેલે છે. 'ગુંડાઓ જન્મતા નથી, પણ એને પેદા કરવામાં આવે છે' – આ વિધાન સો ટકા સાચું છે, કારણ કે માનવી જન્મથી નિર્દોષ હોય છે, પરંતુ સમાજ, રાજકારણ અને પોલીસ તંત્રની ખામીઓ તેને ગુનેગાર બનવા મજબૂર કરે છે.

આ ત્રણેય મુખ્ય પરિબળોની વિગતવાર સમીક્ષા નીચે મુજબ છે:

1. સમાજની ભૂમિકા: ગુનેગારો પેદા કરતું કારખાનું?

સમાજ એ વ્યક્તિનું ઘડતર કરનારું પ્રથમ સ્થાન છે. જો સમાજમાં જ અસંતુલન ઊભું થાય, તો તે ગુનેગારો પેદા કરવાનું કારખાનું બની જાય છે.

આર્થિક અસમાનતા અને ગરીબી: પાયાની જરૂરિયાતો (રોટી, કપડા, મકાન) સંતોષવામાં નિષ્ફળ ગયેલા કેટલાક યુવાનો ઝડપથી પૈસા કમાવવાના શોર્ટકટ તરીકે ગુનાખોરીના રસ્તે ચડી જાય છે.

પરિવાહિક ઉપેક્ષા અને હિંસા: બાળપણમાં યોગ્ય સંસ્કાર, પ્રેમ કે માર્ગદર્શનનો અભાવ, અથવા ઘરેલું હિંસાનો ભોગ બનેલા બાળકોના માનસ પર ઊંડી નકારાત્મક અસર પડે છે.

સામાજિક ભેદભાવ: જ્ઞાતિવાદ, બેરોજગારી અને સામાજિક બહિષ્કારના કારણે યુવાનોમાં વ્યવસ્થા સામે રોષ ભરાય છે, જે ઘણીવાર હિંસાત્મક સ્વરૂપ ધારણ કરે છે. 2. રાજકારણની ભૂમિકા: અપરાધીઓને સંરક્ષણ આપતી ઢાલ રાજકારણ એ દેશની દિશા નક્કી કરે છે, પરંતુ જ્યારે રાજકારણ સ્વાર્થી બને છે ત્યારે તે ગુનાખોરીને સીધું પ્રોત્સાહન આપે છે. રાજકારણનું અપરાધીકરણ: ચૂંટણી જીતવા માટે રાજકીય પક્ષો બાહુબલીઓ અને ગુનેગારોની મદદ લે છે. બદલામાં આ ગુનેગારોને રાજકીય સંરક્ષણ મળે છે. અપરાધીઓને પ્રોત્સાહન: ગુનેગારોને ટિકિટ આપવી, તેમને મોટા પદો પર બેસાડવા કે સન્માનિત કરવાથી તેમનું મનોબળ વધે છે અને તેઓ પોતાને કાયદાથી ઉપર માનવા લાગે છે.



### છોટાઉદેપુરના નાલેજ ગામમાં સરકારી પ્રાથમિક શાળાના બાંધકામમાં મોટો ભ્રષ્ટાચાર

# નબળી ગુણવત્તાનો ઘટસ્ફોટ થતાં રાતોરાત કોલમ તોડી નાખવામાં આવ્યા!

### પ્રજાના ટેક્સના પૈસાનો ધુમાડો: "વીડિયો વાયરલ થતાં જ કોલમ કેમ તોડ્યા? શું ભ્રષ્ટાચાર પર પડદો પાડવાનો ખેલ ચાલી રહ્યો છે?" - ગ્રામજનોમાં ભારોભાર આક્રોશ



છોટાઉદેપુર

ગુજરાતમાં શિક્ષણના મંદિરો સમાન સરકારી શાળાઓના નિર્માણમાં ચાલતી ઘોર બેદરકારી અને ભ્રષ્ટાચારના કિસ્સાઓ અવારનવાર સામે આવતા રહે છે. આવો જ એક અત્યંત ચોંકાવનારો અને સનસનીખેજ મામલો છોટાઉદેપુર જિલ્લામાંથી સામે આવ્યો છે. છોટાઉદેપુર જિલ્લાના નાલેજ ગામમાં બની રહેલી સરકારી પ્રાથમિક શાળાના નવા બાંધકામને લઈને હવે ગંભીર સવાલો ઊભા થયા છે. શાળાના બાંધકામમાં આચરવામાં આવેલી ગેરરીતિઓ અંગે ગ્રામજનો દ્વારા અગાઉથી જ આશંકા વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ જ્યારે બાંધકામની પોલ ખોલતો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો, ત્યારે સમગ્ર વહીવટી તંત્રમાં હડકંપ મચી ગયો છે. નાલેજ ગામના વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટપણે જોવા મળી રહ્યું છે કે શાળાના બાંધકામ માટે ઊભા કરવામાં આવેલા કોલમ (પિલર) માં સિમેન્ટ અને રેતી પકડ જમાવવાના બદલે કપચી બહાર દેખાઈ રહી છે. ગ્રામજનોનો સ્પષ્ટ દાવો છે કે કોલમની આસપાસનો માલ (મટીરિયલ) તદ્દન નબળો હોવાને કારણે ધોવાઈ ગયેલો જોવા મળે છે. બાંધકામમાં વપરાતા સિમેન્ટ, રેતી અને કપચીની ગુણવત્તા તેમજ તેની પ્રક્રિયા સામે ગ્રામજનોએ ભારે આક્ષેપો કર્યા છે. સરકારી નાણાંથી બની રહેલી આ શાળામાં બાળકોના ભવિષ્ય સાથેડા કરવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ લોકો કરી રહ્યા છે. આ મામલો ત્યારે વધુ ગંભીર અને શંકાસ્પદ બન્યો જ્યારે સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થયા બાદ ભ્રષ્ટાચાર છુપાવવા માટે રાતોરાત શાળાના બાંધકામના કેટલાક કોલમ તોડી નાખવામાં આવ્યા હોવાની હકીકત સામે આવી. ગ્રામજનો અને જાગૃત નાગરિકો હવે તંત્ર સામે સીધા સવાલો ઉઠાવી રહ્યા છે કે:

જો બાંધકામ બરાબર હતું, તો વીડિયો વાયરલ થયા બાદ કોલમ કેમ તોડવામાં આવ્યા?

શું બાંધકામમાં શરૂઆતથી જ ગંભીર ખામીઓ અને ભ્રષ્ટાચાર હતો?

જે કોલમ તોડી નાખવામાં આવ્યા છે, શું તેના કોઈ લેબોરેટરી કે ટેકનિકલ નમૂના લેવામાં આવ્યા છે કે નહીં?

જો નમૂના લેવાયા હોય, તો તેની પારદર્શક લેબોરેટરી તપાસ ક્યારે થશે?

જિલ્લા શિક્ષણ અધિકારીનો ખુલાસો કે માત્ર ઔપચારિકતા?

આ સમગ્ર વિવાદ અંગે જ્યારે છોટાઉદેપુર જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી જસવંત પરમારનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે બેફિકરાઈ ભર્યું નિવેદન આપતા જણાવ્યું હતું કે, 'વરસાદ પડતો હોવાથી બાંધકામનું કામ યોગ્ય રીતે થઈ શક્યું નહોતું. જોકે, ટેકનિકલ સ્ટાફને સ્થળ પર મોકલીને કામ વ્યવસ્થિત રીતે થાય તે માટે તાકીદ કરવામાં આવી છે.'

### સુરતના સારોલી શ્યામ સંગીની માર્કેટ અગ્નિકાંડ

## 25 કરોડની ખાખ થયેલી હોળી પાછળના રાક્ષસનું સ્પોટ પર લાવીને રી-કન્સ્ટ્રક્શન!

સુરત

સુરતના પલસાણા અને સારોલી વિસ્તારમાં આવેલી અતિ વ્યસ્ત એવી પ્રખ્યાત શ્યામ સંગીની ટેક્સટાઇલ માર્કેટમાં થોડા સમય પહેલાં ઘટેલી હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર વ્યાપારી જગતમાં હાહાકાર મચાવી દીધો હતો. લાખો-કરોડો રૂપિયાની મહેનતને એક જ રાતમાં રાખમાં ફેરવી દેનાર પાપી આરોપીને હવે સુરત પોલીસે કાયદાનો પાઠ ભણાવવા માટે સીધો ઘટનાસ્થળે ખેંચી ગઈ છે. માર્કેટના છઠ્ઠા માળે ઊભા રહીને આગ લગાવનાર એ નરાધમ આરોપીનું પોલીસે પોલીસ બંદોબસ્ત વચ્ચે સ્પોટ પર લઈ જઈને રી-કન્સ્ટ્રક્શન (પુનઃનિર્માણ) કરાવ્યું છે, જેણે આખા સુરતમાં ફરી ચકચાર મચાવી દીધી છે.

તમને જણાવી દઈએ કે શ્યામ સંગીની ટેક્સટાઇલ માર્કેટમાં લાગેલી આ આગ કોઈ સામાન્ય અકસ્માત નહોતો, પરંતુ એક સુનિયોજિત અને ઘાતક કૃત્ય હતું. આરોપીએ માર્કેટના છઠ્ઠા માળે આવેલી દુકાનોને ટાર્ગેટ કરીને બેરહેમીપૂર્વક આગ ચાંપી હતી.

આ ભીષણ આગની લપેટમાં આવીને કુલ ૧૭ જેટલી દુકાનો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ છે.

દુકાનોમાં રાખેલો કરોડો રૂપિયાનો કાપડનો અને વેપારનો સામાન જળીને રાખ થઈ ગયો, જેના કારણે અંદાજિત ૨૫ કરોડ રૂપિયાનું માતબર આર્થિક નુકસાન વેપારીઓને વેઠવું પડ્યું છે.

એક ઝાટકે અનેક પરિવારોના રોજગાર છીનવાઈ ગયા અને વેપારીઓની આંખોમાં આંસુ આવી ગયા.

પોલીસની ધમાકેદાર તપાસ: આરોપીએ કઈ રીતે રચી હતી ખેલની સાજીશ?

ગુનો આચર્યા બાદ આરોપી પોલીસથી બચવા માટે ગમે તેટલા કીમિયા અજમાવતો હોય, પરંતુ સુરત પોલીસની સઘન તપાસ અને ટેક્નિકલ સર્વેલન્સ આગળ તે લાંબો સમય ટકી શક્યો નહીં. પોલીસે આખરે તેને દબોચી લીધો હતો.

આજે પોલીસે આરોપીને ઘટનાસ્થળે (શ્યામ સંગીની માર્કેટના છઠ્ઠા માળે) રૂબરૂ લઈ જઈને તેની ક્રાઈમ સીનનું રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આરોપીએ ઘટના વખતે કઈ જગ્યાએથી પ્રવેશ કર્યો હતો, કઈ રીતે આગ લગાવી હતી, કઈ જગ્યાએ છુપાયો હતો અને કયા રસ્તેથી ફરાર થયો હતો-તે તમામ બાબતોનું લાઈવ પ્રદર્શન તેણે પોલીસ સમક્ષ કર્યું હતું. પોલીસની આ કડકાઈથી આરોપીની તમામ ચાલબાજીઓ ખુલ્લી પડી ગઈ છે. આ મામલે વેપારી આલમમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વેપારીઓનું કહેવું છે કે આવા માનસિક વિકૃત અને ગુનેગાર તત્વોને કારણે નિર્દોષ લોકોની વર્ષોની કમાણી પળભરમાં સ્વાહા થઈ જાય છે.

## અંકલેશ્વર પાલિકામાં ચીફ સેનિટરી ઇન્સ્પેક્ટરનું રાજીનામું:ભાજપ શાસિત પાલિકાની છબી ખરડાઇ

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર નગરપાલિકા હવે વિવાદોનો પર્યાય બની ચૂકી છે. હવે સેનેટરી ઈન્સપેક્ટરે રાજીનામું આપી દેતાં પાલિકાની આબરૂને વધુ એક બટ્ટો લાગ્યો છે. કરાર આધારિત ચીફ સેનિટરી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા હાર્દિક ભાવસારે માનસિક ત્રાસ અને સતત હેરાનગતિથી કંટાળીને પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી દેતાં પાલિકા આલમમાં ખળભળાટ મચી ગયો છે.

ચીફ ઓફિસરને પાઠવેલા પોતાના રાજીનામા પત્રમાં હાર્દિક ભાવસારે અત્યંત ચોંકાવનારા અને ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે, પાલિકામાં પૂરી પ્રામાણિકતા અને નિષ્ઠાથી ફરજ બજાવવા છતાં તેમની કામગીરી પર વારંવાર અણછાજતી શંકાઓ કરવામાં આવતી હતી.

આ ઉપરાંત, સાથી કર્મચારીઓ સત્તાવારી રીતે બનેલો સોશિયલ મિડિયાના ગૃપમાં ખોટી રીતે તેમના કામની ત્રુટિઓ શોધીને પાલિકાના હોદ્દેદારોને ભરમાવતા હતા. નગરપાલિકાના હોદ્દેદારો અને સભ્યો પણ તેમની સાથે અપમાનજનક રીતે વર્તન કરતાં હોવાનો પણ તેમણે આરોપ લગાવ્યો છે. સતત નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકીઓ આપવામાં આવતી હતી. આ સતત માનસિક પજવણી અને ત્રાસથી કંટાળીને આખરે તેમને મજબૂર બની આ આકરું પગલું ભરવું પડ્યું છે.

### સ્વચ્છતા અને કામગીરીમાં ક્ષતિ અંગે કડક કાર્યવાહી

## કલેક્ટર ગાર્ગી જૈનની સિવિલ હોસ્પિટલની ઓચિંતી મુલાકાત

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા



રાત્રિના આશરે 8 વાગ્યે કલેક્ટર ગાર્ગી જૈને સિવિલ હોસ્પિટલની ઓચિંતી મુલાકાત લઈ હોસ્પિટલમાં દર્દીઓને આપવામાં આવતી સારવાર, ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓ તેમજ સ્ટાફની હાજરીની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું.

છોટાઉદેપુર જિલ્લાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ ખાતે ઘણી ક્ષતિઓ વારંવાર ધ્યાન પર આવતી હોય છે જ્યારે પ્રજા પણ ઘણી ફરિયાદો કરતી હોય જે સમસ્યા અને ફરિયાદોને ધ્યાને રાખીને વહીવટી તંત્ર એક્શનમાં આવી ગયું છે જ્યારે જિલ્લા કલેકટર ગાર્ગી જૈન દ્વારા અચાનક જ સિવિલ હોસ્પિટલની મુલાકાત લેવામાં આવી હતી અચાનક કલેકટર સિવિલ હોસ્પિટલ પહોંચતા સ્ટાફમાં પણ ફફડાટ ફેલાયો હતો

મુલાકાત દરમિયાન કલેક્ટર ગાર્ગી જૈને દર્દીઓ સાથે સીધો સંવાદ કરી તેમની સારવાર, દવાઓ અને હોસ્પિટલમાં મળતી અન્ય સુવિધાઓ અંગે જાણકારી મેળવી હતી. સાથે જ ફરજ પર હાજર સ્ટાફની વિગતો મેળવી હાજરીની પણ ચકાસણી કરી હતી. હોસ્પિટલમાં સ્વચ્છતાની સ્થિતિનું નિરીક્ષણ કરતાં કેટલીક જગ્યાએ ક્ષતિઓ ધ્યાને આવતાં કલેક્ટર ગાર્ગી જૈને સ્વચ્છતા વ્યવસ્થા તાત્કાલિક સુધારવા કડક સૂચનાઓ આપી હતી. હોસ્પિટલ જેવી આરોગ્ય સંસ્થામાં સ્વચ્છતા, સમયસર સારવાર અને કર્મચારીઓની નિયમિત હાજરી બાબતે કોઈપણ પ્રકારની બેદરકારી ન રાખવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી.

ઓચિંતી મુલાકાત દરમિયાન સ્વચ્છતામાં ક્ષતિ, સ્ટાફની ગેરહાજરી તેમજ કામગીરીમાં જોવા મળેલી ત્રુટિઓને ગંભીરતાથી લઈ CDMO અને RMOને કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી.

કલેક્ટર ગાર્ગી જૈને હોસ્પિટલમાં આવતા દરેક દર્દીને યોગ્ય સારવાર અને જરૂરી સુવિધાઓ સમયસર મળી રહે તે સુનિશ્ચિત કરવા તેમજ સ્વચ્છતા અને સ્ટાફની હાજરી અંગે નિયમિત દેખરેખ રાખવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

## ગાંધીનગર મનપા ચૂંટણી અંતર્ગત આમ આદમી પાર્ટી દ્વારા બીજી યાદી જાહેર કરાઈ

### જિલ્લા પંચાયત સીટની પેટા ચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ ઉમેદવારોની ઘોષણા કરી

ગાંધીનગર





આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ.કરન બારોટે એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી અંતર્ગત આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ 23 ઉમેદવારોના નામોની યાદી જાહેર કરી હતી. આજે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીના છ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવે છે. ગાંધીનગરના વોર્ડ નંબર 2 થી ઈશ્વરભાઈ વાઘેલા અને વિલાસબેન મકવાણા, વોર્ડ નંબર 4 થી સીરીનબાનુ મન્સૂરી, શરીફ મકરાણી અને લાલભાઈ વણઝારા તથા વોર્ડ નંબર 5 થી જય વાઘેલાનું નામ જાહેર કરવામાં આવે છે. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ડૉ.કરન બારોટે જણાવ્યું હતું કે સાથે સાથે પેટા ચૂંટણી પણ આવી રહી છે તેને અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની સીટ ભાડથર માટે વીરાભાઈ કંદોરીયાનું નામ જાહેર કરવામાં આવે છે. તો કુલ મળીને ગાંધીનગરમાં અગાઉ 23 ઉમેદવારો જાહેર કરાયા હતા અને હવે 6 ઉમેદવારો જાહેર કરાયા છે એમ કુલ 29 ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. આવનારા સમયમાં વધુ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવશે. આ ઉમેદવારો એ લોકો છે જે સતત લોકોની વચ્ચે રહ્યા, લોકોના મુદ્દાઓ ઉઠાવતા રહ્યા અને લોકો માટે લડતા રહ્યા તો હવે ગાંધીનગર સહિત ગુજરાતના તમામ નાગરિકોને અમે અપીલ કરીએ છીએ કે આમ આદમી પાર્ટીની બદલાવની રાજનીતિમાં આમ આદમી પાર્ટીને સહકાર આપો.

## ભાદરવી મેળામાં આરોગ્ય વિભાગ ની મોકડ્રિલ યોજાઇ, વાય.કે મકવાણા cdmo હાજર રહ્યા

### ચાચર ચોક મા યાત્રિક બે ભાન થઈ જતા મેડિકલ ટીમ દ્વારા તપાસ કરી 108 મારફતે આગળ રેફર કર્યો

અંબાજી, લક્ષ્મણજી ઠાકોર

શક્તિપીઠ અંબાજી ખાતે હાલમાં ભાદરવી પૂનમનો મહા મેળો ચાલી રહ્યો છે ત્યારે લાખોની સંખ્યામાં ભક્તો દૂર દૂરથી અંબાજી ધામ આવી પહોંચી રહ્યા છે. આટલી મોટી સંખ્યામાં આવતા ભક્તોની સુરક્ષા અને સલામતી માટે વહીવટી તંત્ર ખડે પગે તેના છે હાલમાં ગર્મી ના કારણે યાત્રિકોને કોઈપણ તકલીફ ન પડે તે માટે બનાસકાંઠા આરોગ્ય વિભાગ દ્વારા અંબાજીના અલગ અલગ રસ્તો ઉપર 26 જેટલા હંગામી આરોગ્ય કેન્દ્ર ઊભા કરવામાં આવ્યા છે. આ સિવાય બે ઈમરજન્સી મોબાઈલ વાહન પણ મૂકવામાં આવી છે. અને 108 ની સુવિધા પણ અનેક જગ્યા મુકવામાં આવી છે તો સાથે સાથે કોર્ડિનેશન થી યાત્રિકો અને કોઈ પણ તકલીફ ન પડે તેવી અનેક સુવિધાઓ આરોગ્ય વિભાગ દ્વારા ઊભી કરવામાં આવી છે. ભાદરવી પૂનમના મહા મેળામાં આવતા લાખોની સંખ્યામાં માઈભક્તો ના આરોગ્યને લઈને વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ સતર્ક છે. અને તેને માઇભક્તોની આરોગ્ય માટે મેંડીકલ ટીમો અને જરૂરત મેડિસન ઉપલબ્ધ કરવામાં આવી છે. આજે અંબાજી મંદિરના ચાચર ચોકમાં આરોગ્ય વિભાગ બનાસકાંઠા દ્વારા એક મોકલી નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બે યાત્રિકો હાથમાં ધજાઓ લઈને માં અંબા ના દર્શન કરવા જઈ રહ્યા હતા ત્યારે એક યાત્રિક બેભાન થઈ જતા બીજો યાત્રિક દ્વારા તેમને મદદ માટે સિક્યુરિટી ગાર્ડને સંપર્ક કર્યો હતો ત્યાર બાદ આરોગ્ય વિભાગ ને જાણ કરતા આરોગ્ય વિભાગ કોઈપણ સમય વિલંબ કર્યા સિવાય તાત્કાલિક ધોરણે યાત્રિક ને મંદિરમાં આરોગ્ય કેન્દ્ર સુધી લઈ જઈ તેમને તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ ઈમરજન્સી 108 મારફતે તેમને આગળ રેફર કરવામાં આવ્યું હતું આ તમામ પ્રક્રિયા એક મોકલી હતી અને જેમાં આરોગ્ય વિભાગ બનાસકાંઠા ટીમની સુંદર કામગીરી જોવા મળી હતી.

## ઓલપાડના ભાંડુત ગામની દીકરી શ્વેતા પટેલે બોક્સિંગમાં સિલ્વર મેડલ જીતી તાલુકાનું નામ રોશન કર્યું

ઓલપાડ

ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલા ભાંડુત ગામની હોનહાર દીકરી શ્વેતા પટેલે રમતગમત ક્ષેત્રે ઝળહળતી સિદ્ધિ હાંસલ કરી સમગ્ર વિસ્તારનું નામ રોશન કર્યું છે. શ્વેતાએ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં પોતાની પ્રતિભા અને ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરીને સિલ્વર મેડલ (રજત ચંદ્રક) પ્રાપ્ત કર્યો છે. ભાંડુત ગામના નિવાસી રમેશભાઈ લલ્લુભાઈ પટેલની પુત્રી શ્વેતાએ પોતાની અથાક મહેનત, સમર્પણ અને રમત પ્રત્યેના ઝૂનૂનથી આ સિદ્ધિ મેળ વી માવતરનું ગૌર વ વધાર્યું છે. શ્વેતાના આ સુવર્ણ સ ફળતા જેવા સિલ્વર મેડલના સમાચાર મળતાં જ તેના પરિવારજનો, ભાંડુત ગ્રામજનો અને સમગ્ર પટેલ સમાજમાં આનંદ અને ઉત્સાહનો માહોલ વ્યાપી ગયો છે. શ્વેતા પટેલની આ સિદ્ધિ બદલ ગામના ડેપ્યુટી સરપંચ તેમજ સુરત જિલ્લા પંચાયતના સદસ્ય હેમંતભાઈ પટેલ દ્વારા તેને રૂબરૂ/સંદેશા મારફતે ખાસ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમણે શ્વેતાની મહેનતને બિરદાવી હતી અને તે ભવિષ્યમાં રાજ્ય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આવી જ રીતે શ્રેષ્ઠ દેખાવ કરી વધુ સિદ્ધિઓ હાંસલ કરે તેવી હૃદયપૂર્વકની શુભકામનાઓ વ્યક્ત કરી હતી.





## પાવીજેતપુરના હરખપુર ગામે નવી પ્રાથમિક શાળાના મકાનનું લોકાર્પણ: વિદ્યાર્થીઓ અને ગ્રામજનોમાં ખુશીનો માહોલ

### જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા અને ધારાસભ્ય જયંતીભાઈ રાઠવાના હસ્તે ભવન ખુલ્લું મૂકાયું: શિક્ષણ ક્ષેત્રે વધુ એક સીમાચિહ્ન

છોટાઉદેપુર



છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકામાંથી શિક્ષણ જગત માટે એક ઉત્સાહજનક અને આનંદના સમાચાર સામે આવ્યા છે. તાલુકાના હરખપુર ગામે વિદ્યાર્થીઓની લાંબા સમયની જરૂરિયાત અને શૈક્ષણિક સુવિધાઓને ધ્યાનમાં રાખીને નિર્માણ પામેલા પ્રાથમિક શાળાના નવા મકાનનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓને ઉત્તમ અને આધુનિક શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવાના આ શુભ આશય સાથે યોજાયેલા લોકાર્પણ સમારોહમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ઉપેન્દ્રભાઈ રાઠવા અને સ્થાનિક ધારાસભ્ય શ્રી જયંતીભાઈ રાઠવા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ બંને અગ્રણી મહાનુભાવોના હસ્તે રિબિન કાપીને અને શાસ્ત્રોક્ત વિધિ સાથે શાળાના નવા ભવનને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

ચાર ઓરડાવાળી આધુનિક શાળાથી વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ દૂર થશે.

હરખપુર ગામના બાળકોને પાયાનું શિક્ષણ મેળવવામાં કોઈપણ પ્રકારની અડચણ ન નડે તે માટે ખાસ આયોજન કરીને ચાર ઓરડાવાળી નવી પ્રાથમિક શાળાનું સુંદર નિર્માણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધી પ્રાથમિક શાળાના મકાનને લઈને જે અગવડતાઓ હતી, તે હવે આ નવા ભવનના નિર્માણથી કાયમ માટે દૂર થઈ ગઈ છે.

નવા શાળા ભવનના લોકાર્પણ પ્રસંગે હરખપુર ગામના ગ્રામજનો, પંચાયતના અગ્રણીઓ, શાળાના આચાર્ય, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વાલીઓ અને ઉત્સાહી વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'શિક્ષણ જ કોઈપણ સમાજ અને રાષ્ટ્રના વિકાસની ચાવી છે, અને બાળકોને પાયાથી જ સારી સુવિધાઓ મળશે તો તેઓ ભવિષ્યમાં દેશનું નામ રોશન કરશે.'

## દીકરા-વહુના કૌટુંબિક વિવાદમાં માતા પરેશાન, 181 અભયમની સમજાવટથી સમાધાન

ભરૂચ



પતિના અવસાન બાદ દીકરા-વહુ સાથે રહેતી મહિલાએ કૌટુંબિક વિવાદથી કંટાળી 181 અભયમની મદદ માગી હતી. મહિલાના જણાવ્યા મુજબ, દીકરા અને વહુ વચ્ચે અવારનવાર થતા ઝઘડાની અસર તેમના પર પણ થતી હતી. ઘરકામ સહિતની બાબતોને લઈને બોલાચાલી થતી અને ક્યારેક ઘર છોડીને જવા માટે કહેવામાં આવતું હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. મહિલાએ 181 અભયમ સમક્ષ એવી પણ રજૂઆત કરી હતી કે તેમને યોગ્ય રીતે ભોજન મળતું ન હતું અને મજૂરીકામ કરીને પોતાનું ગુજરાન ચલાવવું પડતું હતું. કૌટુંબિક વિવાદ દરમિયાન નુકસાન પહોંચાડવાની ધમકી મળતી હોવાની વાત પણ તેમણે કરી હતી.

રજૂઆત મળતાં ભરૂચ 181 અભયમની ટીમ સ્થળ પર પહોંચી મહિલાની વાત સાંભળી સમગ્ર મામલે હસ્તક્ષેપ કર્યો હતો. ટીમે દીકરા અને વહુને મહિલાની જવાબદારી તથા સન્માનપૂર્વક વર્તન અંગે સમજાવ્યા હતા અને સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. સમજાવટ બાદ દીકરા-વહુએ ભવિષ્યમાં આવી પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય અને મહિલાની યોગ્ય કાળજી રાખવામાં આવે તેવી લેખિત બાંહેધરી આપી હતી.



### કરણ જોહરની ફિલ્મથી ડેબ્યૂ પછી પણ અનેક ફિલ્મમાંથી રિપ્લેસ થઈ

# 'કચ્ચા બદામ ગર્લ' સીતા બનતા હોબાળો: અંજલી અરોરાએ ટ્રોલર્સને જવાબ આપ્યો

મુંબઈ

અંજલી અરોરા હાલમાં ફિલ્મ 'મહાકાવ્ય શ્રી રામાયણ કથા'માં સીતાનું પાત્ર ભજવવાને લઈને ચર્ચામાં છે. ફિલ્મમાં તેના લુક અને પાત્રની પ્રશંસા થઈ રહી છે, તો બીજી તરફ સોશિયલ મીડિયા પર તેને ટ્રોલ પણ કરવામાં આવી રહ્યાં છે. તેનું કારણ તેની જૂની સોશિયલ મીડિયા છબી, ખાસ કરીને 'કચ્ચા બદામ' ગીત પર વાયરલ થયેલી તેની ડાન્સિંગ રીલ્સ છે. અંજલી અરોરાએ સોશિયલ મીડિયા પર ડાન્સિંગ રીલ્સથી ઓળખ બનાવી હતી. ખાસ કરીને 'કચ્ચા બાદામ' ગીત પરનો તેનો ડાન્સ વીડિયો ખૂબ વાયરલ થયો હતો. ત્યારબાદ તે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર તરીકે ઓળખાવા લાગી હતી. બાદમાં તેણે રિયાલિટી શો 'લૉક અપ સીઝન 1'માં ભાગ લીધો હતો.

હવે જ્યારે તે 'મહાકાવ્ય શ્રી રામાયણ કથા'માં સીતાનું પાત્ર ભજવી રહી છે, ત્યારે સોશિયલ મીડિયા પર તેની જૂની તસવીરો અને વીડિયોને લઈને પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. કેટલાક લોકો તેની ગ્લેમરસ અને બિન્દાસ સોશિયલ મીડિયા છબીની તુલના સીતાના પાત્ર સાથે કરી રહ્યા છે. આ જ કારણસર તેને ટ્રોલ કરવામાં આવી રહી છે.

ઘણા યુઝર્સે પ્રશ્ન ઉઠાવ્યો કે ડાન્સિંગ અને ગ્લેમરસ છબી માટે જાણીતી અંજલી સીતા જેવા પવિત્ર પાત્રને કેવી રીતે ભજવી શકે. કેટલાક કમેન્ટ્સમાં તેને 'કચ્ચા બાદામ ગર્લ' કહીને ટ્રોલ કરવામાં આવી, તો કેટલાક યુઝર્સે લખ્યું કે, 'સીતાના રોલમાં શૂર્પણખા'.

અંજલીએ કહ્યું- 'એ મારી આખી જિંદગી નથી'

ટ્રોલિંગને લઈને અંજલીએ દિવ્ય ભાસ્કરને કહ્યું કે, લોકોને કોઈને જજ કરવાનો અધિકાર છે, પરંતુ કોઈનું જૂનું જીવન તેની સંપૂર્ણ ઓળખ ન હોઈ શકે. તેણે કહ્યું, 'લોકોનું કામ જજ કરવાનું છે અને તેમને તેનો અધિકાર છે. જે બાબતો છે, તે છે જ. આપણે કોઈપણ બાબતને આપણા જીવનનો એક ભાગ કહી શકીએ, પરંતુ તે આપણું સંપૂર્ણ જીવન નથી હોતું.' અંજલીએ કહ્યું કે, જો લોકો તેને જૂની સોશિયલ મીડિયા ઈમેજ માટે યાદ કરે છે તો તે પણ ઠીક છે, પરંતુ તેણે આ સિવાય પણ ઘણું કામ કર્યું છે અને આગળ પણ કરવા માગે છે. તેના મતે, 'હું ઈચ્છું છું કે લોકો મારી પર્સનાલિટીને અલગ રાખીને આ સિનેમામાં મારા પાત્રને જુએ અને પછી જજ કરે.'

**સોશિયલ મીડિયા ઈમેજ માટે યાદ કરે છે તો તે પણ ઠીક છે, પરંતુ તેણે આ સિવાય પણ ઘણું કામ કર્યું છે**

# ફિલ્મ ધી વનમાં મંજૂરી વિના ગીતની ચોરી

## આ ગીત પર પોતે ત્રણ વર્ષથી કામ કરી રહ્યો હોવાનો સંગીતકાર સરગમ વૈશનો દાવો

નવી દિલ્હી

સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની આગામી ફિલ્મ 'વન-ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ'નું ટ્રેલર રિલિઝ થતાં જ તેમાં વપરાયેલાં ગીત વિશે વિવાદ ફાટી નીકળ્યો છે. સંગીતકાર સરગમ વૈશે રવિવારે એક પોસ્ટ મુકી જણાવ્યું હતું કે મારી મંજૂરી કે સંમતિ વિના જ આ ગીતને ટ્રેલરમાં બેકગ્રાઉન્ડમાં વાપરવામાં આવ્યું છે જેને તત્કાળ હટાવી લેવામાં આવે.

આ પોસ્ટમાં સરગમે જણાવ્યું હતું કે હું આ ગીત અયિગિરી નંદિની પર ત્રણ વર્ષથી કામ કરી રહ્યો છું અને તે વાપરવા માટે મારી કોઈ મંજૂરી કે સંમતિ લેવામાં આવી નથી. મેં એક મ્યુઝિક લેબલ સાથે આ ગીત માટે કરાર કરેલાં હોઈ તેના ગેરકાયદે ઉપયોગથી મારા કરાર પર અસર પડે છે. સરગમના આક્ષેપોનો વન- ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ ફિલ્મમેકર્સ દ્વારા કોઈ પ્રતિભાવ આપવામાં આવ્યો નથી. સરગમે તેની પોસ્ટમાં ફિલ્મમેકર્સે કોઈ મંજૂરી કે લાયસન્સ લીધું હોય તો તેની માહિતી પુરી પાડવા પણ જણાવ્યું હતું. મુંબઈમાં સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની ફિલ્મ 'વન-ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ'ના ટ્રેલર ગીત પર વિવાદ થયો છે. સંગીતકાર સરગમ વૈશે દાવો કર્યો કે, તેમની મંજૂરી વિના 'અયિગિરી નંદિની' ગીતનો ઉપયોગ કરાયો છે, જેના પર તેઓ 3 વર્ષથી કામ કરી રહ્યા હતા. તેમણે ગીત તાત્કાલિક હટાવવા ચેતવણી આપી છે. સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની આગામી ફિલ્મ 'વન-ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ'નું ટ્રેલર રિલિઝ થતાં જ તેમાં વપરાયેલાં ગીત વિશે વિવાદ ફાટી નીકળ્યો છે. સંગીતકાર સરગમ વૈશે રવિવારે એક પોસ્ટ મુકી જણાવ્યું હતું કે મારી મંજૂરી કે સંમતિ વિના જ આ ગીતને ટ્રેલરમાં બેકગ્રાઉન્ડમાં વાપરવામાં આવ્યું છે.




# આલિયા ભટ્ટ પ્રોડયૂસર તરીકે કોરિયન ફિલ્મની ઉઠાંતરી કરશે

## 'દૃશ્યમ થ્રી'ની રિલિઝ બાદ અભિષેક પાઠકનો નિર્દેશક તરીકે આ મોટો પ્રોજેક્ટ બની રહેશે. આલિયા ભટ્ટની એક્ટ્રેસ તરીકે આગામી ફિલ્મોમાં 'લવ એન્ડ વોર' અને 'તુમ્બાડ ટુ' મુખ્ય છે.

હાનોઈ

આલિયા ભટ્ટ એક પ્રોડયૂસર તરીકે કોરિયન ફિલ્મની રીમેક બનાવવાની છે. જોકે, એવો દાવો થઈ રહ્યો છે કે આલિયા આ ફિલ્મની સીન ટુ સીન કોપી નહીં કરે પરંતુ તેને ભારતીય સ્વરુપમાં ઢાળશે. ઉલ્લેખનીય છે કે આલિયાના પિતા મહેશ ભટ્ટ પર પણ મોટાભાગની ફિલ્મોમાં ઉઠાંતરીના આક્ષેપો થતા રહ્યા હતા. 'ધ હાઉસમેઈડ' પરથી બનાવવામાં આવી રહેલી આલિયા ભટ્ટની ફિલ્મને નિર્દેશિત કરવાનું કામ અજય દેવગણની હિંદી 'દ્રશ્યમ'ના ડિરેક્ટર અભિષેક પાઠકને સોંપવામાં આવ્યું છે. આ ફિલ્મના હીરો તરીકે વરુણ ધવન અથવા રાજ કુમાર રાવ બેમાંથી એકની પસંદગી કરવામાં આવશે તેવી અટકળો ચાલી રહી છે. કોરિયન ફિલ્મ 'ધ હાઉસમેઈડ' એક થ્રીલર ફિલ્મ છે. આલિયા ભટ્ટના પ્રોડક્શન બેનર ઈટર્નલ સનશાઈન પ્રોડક્શન્સની આ ફિલ્મ સીન ટુ સીન રિમેક નથી. તેમાં મુખ્ય આઈડિયાને જાળવી રાખી અલગ સ્ટોરી લખવામાં આવી રહી છે જેથી તે મૂળ ફિલ્મથી અલગ બની રહે. અભિષેક પાઠકની 'દશ્યમ ટુ' હીટ ફિલ્મ હતી.

'દશ્યમ થ્રી'ની રિલિઝ બાદ અભિષેક પાઠકનો નિર્દેશક તરીકે આ મોટો પ્રોજેક્ટ બની રહેશે. આલિયા ભટ્ટની એક્ટ્રેસ તરીકે આગામી ફિલ્મોમાં 'લવ એન્ડ વોર' અને 'તુમ્બાડ ટુ' મુખ્ય છે. આલિયા ભટ્ટ કોરિયન ફિલ્મ 'ધ હાઉસમેઈડ'ની ભારતીય રીમેક બનાવશે. દ્રશ્યમ 2ના ડિરેક્ટર અભિષેક પાઠક આ ફિલ્મનું દિગ્દર્શન કરશે. આલિયા ભટ્ટની આ ફિલ્મમાં વરુણ ધવન અથવા રાજકુમાર રાવ મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. આ રિમેક સીન ટુ સીન કોપી નહીં હોય, પરંતુ ભારતીય શૈલીમાં ઢાળવામાં આવશે.





# ઉર્મિલા માતોંડકરનું ઓટીટી દ્વારા એક્ટિંગમાં કમબેક

## છેલ્લે 2018માં બ્લેકમેઈલના ગીતમાં દેખાઈ હતી

બરનાલા

ઉર્મિલા માતોંડકર 2018 પછી અભિનયમાં કમબેક કરી રહી છે. તે આગામી વર્ષે બે અલગ-અલગ વેબ સિરીઝમાં જોવા મળશે. એક વેબ શોમાં તે પ્રિન્સિપાલની ભૂમિકામાં દેખાશે, જેનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. બીજી સિરીઝ 'તિવારી' ફેબ્રુઆરીમાં OTT પર આવશે, જેમાં તે ખોટા ગુના માટે 14 વર્ષની કેદ ભોગવી બદલો લેતી યુવતીનો રોલ કરશે. ઉર્મિલા માતોંડકર એક્ટિંગમાં કમબેક કરી રહી છે. તે એક વેબ શોમાં પ્રિન્સિપાલની ભૂમિકામાં દેખાશે. ધી વાઈરલ ફિવર દ્વારા આ સીરિઝ બનાવાઈ રહી છે.

આ વેબ સિરિઝનું શૂટિંગ શરૂ થઈ ચૂક્યુ છે અને તેને ૨૦૨૭ની મધ્યમાં સ્ટ્રિમ કરવાની નેમ છે. આ વેબ સિરિઝનું લેખન પુનિત બાત્રા કરી રહ્યા છે જ્યારે દિગ્દર્શનની જવાબદારી દિવ્યાંશુ મલ્હોત્રા સંભાળી રહ્યા છે.

આ બંને જણાં અગાઉ ૨૦૧૮માં ટીવીએફની ફ્લેમ્સમાં સાથે કામ કરી ચૂક્યા છે. પુનીત બાત્રા લિખિત 'કોટા ફેક્ટરી' સિરિઝ હીટ નીવડી હતી. જો કે, ઉર્મિલા માતોંડકરની અન્ય એક સિરિઝ તિવારી ફેબ્રુઆરીમાં ઓટીટી પર આવી રહી છે. સૌરભ વર્મા દ્વારા નિર્દેશિત ૧૪ એપિસોડની આ સિરિઝમાં ઉર્મિલાએ એક એવી યુવતીની ભૂમિકા ભજવી છે જે તેણે ન કરેલાં ગુના માટે ૧૪ વર્ષની કેદ ભોગવી બહાર આવી તેને ફસાવનારને શોધે છે. આવતાં વર્ષે ઉર્મિલા અલગ અલગ બે વેબ સીરિઝમાં જોવા મળશે. છેલ્લે ૨૦૧૮માં બ્લેકમેઈલના ગીતમાં દેખાઈ હતી. ઉર્મિલા માતોંડકર 2018 પછી અભિનયમાં કમબેક કરી રહી છે. તે આગામી વર્ષે બે અલગ-અલગ વેબ સિરીઝમાં જોવા મળશે. એક વેબ શોમાં તે પ્રિન્સિપાલની ભૂમિકામાં દેખાશે, જેનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. બીજી સિરીઝ 'તિવારી' ફેબ્રુઆરીમાં OTT પર આવશે, જેમાં તે ખોટા ગુના માટે 14 વર્ષની કેદ ભોગવી બદલો લેતી યુવતીનો રોલ કરશે. ઉર્મિલા માતોંડકર એક્ટિંગમાં કમબેક કરી રહી છે. તે એક વેબ શોમાં પ્રિન્સિપાલની ભૂમિકામાં દેખાશે. ધી વાઈરલ ફિવર દ્વારા આ સીરિઝ બનાવાઈ રહી છે.

# 'પ્રેમ કીટાણુ'માં પ્રેમનો રંગ, વીર પહાડિયાની માસૂમિયત અને અપારશક્તિ ખુરાનાનો સ્વેગ છવાયો

મુંબઈ

'પ્રેમ કીટાણુ'નું ટ્રેલર કોલેજના એ દિવસોની યાદ અપાવે છે, જ્યારે દોસ્તી, પ્રેમ, મસ્તી અને નાની-નાની વાતો પર થતી નોકઝોક જ જિંદગીનો સૌથી મોટો હિસ્સો હતી. શરારતો, કોલેજની મસ્તી, દોસ્તી, રોમાન્સ, દિલ તૂટવું અને એક જ છોકરીના પ્રેમમાં પડેલા બે છોકરાઓની કહાનીથી ભરેલું આ ટ્રેલર જૂના જમાનાની મજેદાર હિન્દી ફિલ્મોની યાદ અપાવે છે. રંગીન, મજેદાર અને રોમાન્સથી ભરપૂર આ ટ્રેલર કોલેજના એ દિવસોને ફરી જીવવાનો મોકો આપે છે, જ્યાં દરેક દિવસ કંઈક નવું અને મજેદાર લઈને આવતો હતો. ફિલ્મમાં વીર પહાડિયા એવા યુવકના પાત્રમાં જોવા મળે છે, જે પ્રેમમાં સંપૂર્ણપણે ડૂબેલો છે અને તેને સમજાતું નથી કે દિલની આ વાતને કેવી રીતે સંભાળવી. દોસ્તી, પ્રેમ, ઈર્ષ્યા અને દિલ તૂટવા વચ્ચે ફસાયેલું તેમનું પાત્ર પોતાની માસૂમિયત અને સાચા પ્રેમથી દિલ જીતી લે છે. બીજી તરફ, અપારશક્તિ ખુરાના પોતાના સ્ટાઈલ અને સ્વેગથી અલગ જ રંગ જમાવતા જોવા મળે છે.

તેમનો સ્ટાઈલિશ અંદાજ અને રૌબ દરેકનું ધ્યાન ખેંચે છે. પરંતુ જ્યારે બંનેને એક જ છોકરી સાથે પ્રેમ થઈ જાય છે, ત્યારે શરૂ થાય છે પ્રેમ, ટક્કર અને મજેદાર નોકઝોક. આ પ્રેમની કહાનીની વચ્ચે છે આફિયા સૈયદ, જેના પાત્રની આસપાસ બંને છોકરાઓની દુનિયા ફરવા લાગે છે. બે અલગ-અલગ અંદાજમાં મળતા પ્રેમની વચ્ચે તેમની હાજરી કહાનીને વધુ રસપ્રદ બનાવે છે. પ્રેમમાં પડવાની ખુશી, મૂંઝવણ અને તેની સાથે જોડાયેલી મસ્તીને ફિલ્મમાં મજેદાર રીતે રજૂ કરવામાં આવી છે. બીજી તરફ, રાકેશ બેદી અને નિખિલ વિજય પણ પોતાના પાત્રો દ્વારા કહાનીમાં હાસ્ય અને મસ્તીનો તડકો લગાવે છે. દોસ્તી, મજાક અને મજેદાર પરિસ્થિતિઓથી ભરેલી આ કહાની દરેક પાત્ર સાથે વધુ રસપ્રદ બનતી જાય છે. ટ્રેલરની ખાસિયતોમાં તેનું સંગીત પણ સામેલ છે. પ્રેમ, દોસ્તી અને દિલ તૂટવાની ક્ષણો સાથે ફિલ્મના ગીતો કહાનીને વધુ સુંદર બનાવે છે. ગીતોમાં જૂની હિન્દી ફિલ્મો જેવો રંગ જોવા મળે છે. ફિલ્મના રંગીન નજારા, મસ્તીભર્યું વાતાવરણ અને મોટા પડદા પર જોવા મળે એવો અંદાજ તેને સંપૂર્ણ બોલિવૂડ મસાલા એન્ટરટેનર બનાવે છે.



### નિશિનના કોરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે મંગળવારે રમાયેલી ફાઇનલમાં ભારતે શ્રીલંકાને 147 રનથી હરાવી ગોલ્ડ મેડલ જીત્યો

# એશિયન ગેમ્સમાં ભારતને પહેલો ગોલ્ડ, મહિલા ક્રિકેટ ટીમે ઇતિહાસ રચ્યો

નાગોયા

એશિયન ગેમ્સ 2026માં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઈતિહાસ રચ્યો છે. નિશિનના કોરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે મંગળવારે રમાયેલી ફાઇનલમાં ભારતે શ્રીલંકાને 147 રનથી હરાવી ગોલ્ડ મેડલ જીત્યો. ભારતે 3 વિકેટે 216 રન બનાવ્યા, જેમાં સ્મૃતિ મંધાનાના 79 અને રિચા ઘોષના અણનમ 49 રન હતા. જવાબમાં શ્રીલંકા 69 રનમાં ઓલઆઉટ થઈ ગયું. દીપ્તિ શર્માએ 3 વિકેટ લીધી. એશિયન ગેમ્સ 2026માં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે શાનદાર અને ઐતિહાસિક પ્રદર્શન કરતા શ્રીલંકાને 147 રનના વિશાળ અંતરથી પરાજય આપીને ગોલ્ડ મેડલ પોતાના નામ કર્યો છે.




મંગળવારે નિશિનના કોરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે રમાયેલા આ રોમાંચક મુકાબલામાં ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરતાં નિર્ધારિત ઓવરોમાં 3 વિકેટે 216 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. ભારતીય ઈનિંગ્સ દરમિયાન સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાનાએ શાનદાર બેટિંગ કરતાં 45 બોલમાં 7 છગ્ગા અને 5 ચોગ્ગાની મદદથી 79 રનનું યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત, વિકેટકીપર-બેટ્સમેન રિચા ઘોષે માત્ર 22 બોલમાં અણનમ 49 રન બનાવ્યા હતા. જેમાં 6 ચોગ્ગા અને 3 છગ્ગા સામેલ હતા. ઓપનર શેફાલી વર્માએ પણ 29 બોલમાં 48 રનની ઝડપી ઈનિંગ રમી હતી. સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા વચ્ચે પ્રથમ વિકેટ માટે 99 રનની ભાગીદારી નોંધાઈ હતી, જેના કારણે ટીમ મોટા સ્કોર સુધી પહોંચવામાં સફળ રહી હતી. જવાબમાં 217 રનના મોટા લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમ ભારતીય બોલરો સામે શરૂઆતથી જ દબાણમાં દેખાઈ હતી.

## T20 મેચમાં જાપાન સામે ભારત માંડ-માંડ જીત્યું

નાગોયા

ભારતે ફ્રેન્ડલી ઈન્ટરનેશનલ T20 મેચમાં જાપાનને 2 રનથી હરાવ્યું છે. મંગળવારે જાપાની ટીમને છેલ્લી ઓવરમાં 8 રનની જરૂર હતી, પણ જાપાની બેટર્સ 6 રન જ બનાવી શક્યા. સાનો ઈન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર વરસાદના કારણે મેચ અઢી કલાક મોડી શરૂ થઈ. તેથી ઓવરોમાં ઘટાડો કર્યો. 5-5 ઓવરના આ મુકાબલામાં ટીમ ઈન્ડિયાએ ટૉસ જીતીને બેટિંગ કરતા 4 વિકેટ ગુમાવીને 32 રન બનાવ્યા. ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે સૌથી વધુ 16 રન બનાવ્યા. ઓપનર અભિષેક શર્મા ઝીરો, સંજુ સેમસન 9 રન અને ઈશાન કિશન 3 રન પર આઉટ થયો. આ મુકાબલાનું આયોજન બંને દેશોના ડિપ્લોમેટિક રિલેશનના 75 વર્ષ પૂરા થવાના અવસર પર કરવામાં આવ્યું. ચોથી ઓવરમાં જાપાને ત્રીજી વિકેટ ગુમાવી દીધી. વૉશિંગ્ટન સુંદરે કેન્ડલ કાડોવાકી-ફ્લેમિંગને આઉટ કરીને જાપાનને બીજો ઝટકો આપ્યો. ઓફ બ્રેક બોલ પર કેન્ડલે આગળ વધીને શોટ રમવાનો પ્રયાસ કર્યો, પણ બોલ શોર્ટ થર્ડ મેન તરફ ગયો. યશ ઠાકુરે સરળતાથી કેચ ઝડપી લીધો. કેન્ડલ 12 બોલમાં 12 રન બનાવીને આઉટ થયો. તેની ઈનિંગમાં એક ચોગ્ગો સામેલ રહ્યો. 33 રનનો ટાર્ગેટ ચેઝ કરી રહેલી જાપાનની ટીમે પહેલી ઓવરમાં વિકેટ ગુમાવી. લચલાન યામામોટો-લેકે શોર્ટ બોલને સ્ક્વેર લેગ તરફ રમીને એક રન પૂરો કર્યો, પરંતુ ડીપમાંથી ઈશાન કિશનના સચોટ થ્રોએ તેને રનઆઉટ કર્યો. લાચલાન 4 બોલમાં 1 રન બનાવીને આઉટ થયો.

### ભારત સાતમા સ્થાન પર સરકી ગયું

## ચેસ ઓલિમ્પિયાડ: ઉઝબેકિસ્તાન સામે ભારતનો કારમો પરાજય

નવી દિલ્હી

સમરકંદમાં ચાલી રહેલા 46મા ચેસ ઓલિમ્પિયાડના છઠ્ઠા રાઉન્ડમાં ભારતીય ઓપન ટીમને ઉઝબેકિસ્તાન સામે 1.5-2.5થી હાર મળી. આ હાર બાદ ભારત 10 પોઈન્ટ સાથે સાતમા સ્થાને સરકી ગયું. બીજી તરફ, મહિલા ટીમે અમેરિકાને 3-1થી હરાવીને ત્રીજું સ્થાન મેળવ્યું.

ત્રણ બોર્ડ પર ડ્રો, નિહાલની ભૂલથી ઉઝબેકિસ્તાને મેચ જીતી ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે ત્રણ બોર્ડ પરની મેચ ડ્રો રહી. ત્રીજા બોર્ડ પર નિહાલ સરીન અને નોદિરબેક યાકુબ્બોએવ વચ્ચેની મેચ નિર્ણાયક રહી. શરૂઆતમાં નિહાલ પાસે સમય અને સ્થિતિ બંનેમાં સરસાઈ હતી, પરંતુ 38મા ચાલમાં તેમણે ક્વીન ગુમાવી દીધી. યાકુબ્બોએવે આ ભૂલનો લાભ ઉઠાવ્યો અને મેચ પોતાના નામે કરી લીધી. તેમની જીતથી ઉઝબેકિસ્તાને ભારતને 2.5-1.5થી હરાવ્યું અને 12 પોઈન્ટ સાથે ટુર્નામેન્ટમાં એકલા ટોચના સ્થાને પહોંચી ગયું. ભારતે છઠ્ઠા રાઉન્ડ પહેલાં સતત પાંચ મુકાબલા જીત્યા હતા. ટીમ 10 પોઈન્ટ સાથે બીજા સ્થાને હતી. ઉઝબેકિસ્તાન સામે હાર્યા બાદ ભારત સાતમા સ્થાને પહોંચી ગયું. ચીન અને આર્મેનિયા 11-11 પોઈન્ટ સાથે ભારતથી ઉપર છે. સાવિતા-વંતિકાની જીતથી મહિલા ટીમનું વાપસી મહિલા ટીમે અમેરિકા સામે 3-1થી જીત નોંધાવી. સાવિતા શ્રી અને વંતિકા અગ્રવાલે ભારત માટે જીત મેળવી, જ્યારે બે મુકાબલા ડ્રો રહ્યા. આ જીતથી ભારતીય ટીમ 10 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને પહોંચી ગઈ.ચીન-કઝાકિસ્તાન બરાબરી પર, બંનેના 12 પોઈન્ટ મહિલા વિભાગમાં ચીન અને કઝાકિસ્તાન 12-12 પોઈન્ટ સાથે ટોચ પર છે. ભારત તેમનાથી બે પોઈન્ટ પાછળ છે. પાંચમા રાઉન્ડમાં પોલેન્ડ સામે હાર્યા બાદ ભારતીય ટીમ આઠમા સ્થાને સરકી ગઈ હતી.

## શેફાલી મહિલા બેટર્સ રેન્કિંગમાં ટોપ-4માં પહોંચી

### બાંગ્લાદેશ સામેની સદીનો ફાયદો મળ્યો; બોલર્સમાં શ્રી ચરણિ-દીપ્તિ શર્મા ટોપ-2માં યથાવત

ઈસ્લામાબાદ

ભારતીય ઓપનર શેફાલી વર્મા મહિલા ટી-20 બેટર્સ રેન્કિંગમાં બે સ્થાનની છલાંગ લગાવીને ચોથા ક્રમે પહોંચી ગઈ છે. તેમના 756 રેટિંગ પોઈન્ટ છે. તેમણે સ્મૃતિ મંધાના અને વેસ્ટ ઈન્ડિઝની હેલી મેથ્યુઝને પાછળ છોડીને ટોપ-4માં સ્થાન બનાવ્યું છે. બોલર્સ રેન્કિંગમાં ભારતની લેફ્ટ આર્મ સ્પિનર શ્રી ચરણી પ્રથમ અને દીપ્તિ શર્મા બીજા ક્રમે છે. એશિયા કપથી એશિયન ગેમ્સ સુધી સતત રન બનાવ્યા. શેફાલીએ એશિયા કપની સેમિફાઈનલમાં 64 અને ફાઈનલમાં શ્રીલંકા સામે 68 રન બનાવ્યા હતા. ત્યાર બાદ એશિયન ગેમ્સમાં પણ તેમનું શાનદાર ફોર્મ યથાવત રહ્યું. જાપાન સામેની




ક્વાર્ટર ફાઈનલમાં તેમણે 15 બોલમાં અણનમ 40 રન બનાવ્યા. બાંગ્લાદેશ સામેની સેમિફાઈનલમાં 49 બોલમાં અણનમ 100 રનની ઈનિંગ્સ રમીને તેમણે પોતાનું પ્રથમ આંતરરાષ્ટ્રીય વ્હાઈટ-બૉલ સદી ફટકારી. તેઓ એશિયન ગેમ્સમાં સદી ફટકારનાર પ્રથમ મહિલા ક્રિકેટર પણ બન્યા. ફાઈનલમાં શ્રીલંકા સામે શેફાલીએ 48 રન બનાવ્યા અને સ્મૃતિ મંધાના સાથે ભારતને ઝડપી શરૂઆત અપાવી. ભારતે આ મુકાબલો જીતીને સતત બીજી વખત એશિયન ગેમ્સ મહિલા ક્રિકેટમાં ગોલ્ડ મેડલ જીત્યો. એશિયા કપથી લઈને એશિયન ગેમ્સ સુધીના તેમના 64, 68, 40*, 100* અને 48 રનના પ્રદર્શનથી તેમની ICC રેન્કિંગમાં પણ મોટો સુધારો થયો. બોલરોમાં શ્રી ચરણિ નંબર-1, દીપ્તિ નંબર-2 ટી-20 બોલર્સ રેન્કિંગમાં ભારતની એન શ્રી ચરણિ અને દીપ્તિ શર્મા ટોપ-2 પર યથાવત્ છે. શ્રી ચરણિ નંબર-1 અને દીપ્તિ નંબર-2 પર છે. શ્રી ચરણિ એશિયા કપની ફાઈનલમાં શ્રીલંકા સામે ચાર વિકેટ લઈને 804 રેટિંગ પોઈન્ટ સુધી પહોંચી હતી. આ ICC ટી-20 રેન્કિંગમાં કોઈ ભારતીય મહિલા ક્રિકેટરનો સૌથી મોટો રેટિંગ સ્કોર છે. દીપ્તિએ પણ તાજેતરની ટુર્નામેન્ટમાં સતત વિકેટ લઈને બીજા સ્થાન પર પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.



### નવા નિયમો 1 એપ્રિલ 2027થી લાગુ

## સ્માર્ટફોન સ્ક્રીન ગાર્ડ માટે BIS રજિસ્ટ્રેશન ફરજિયાત

મુંબઈ

સરકારે સ્માર્ટફોન સ્ક્રીન ગાર્ડ્સ માટે BIS રજિસ્ટ્રેશન ફરજિયાત કરી દીધું છે. આ નવા નિર્ણયની સીધી અસર બજારમાં વેચાતા નબળી ગુણવત્તાવાળા સ્ક્રીન ગાર્ડ્સ પર પડશે. હવે કંપનીઓને BISની કસોટીમાં પાસ થયા બાદ જ તેને વેચવાની મંજૂરી મળશે. કેન્દ્ર સરકારે સ્માર્ટફોન વપરાશકર્તાઓની સલામતી અને સ્ક્રીન ગાર્ડ્સની ગુણવત્તા સુધારવા માટે આ પગલું ભર્યું છે. 1 એપ્રિલ 2027થી સમગ્ર દેશમાં લાગુ થશે નવા નિયમો મંત્રાલયની સૂચના અનુસાર, સ્માર્ટફોન સ્ક્રીન ગાર્ડ્સ માટે નક્કી કરવામાં આવેલા નવા BIS ધોરણો 1 એપ્રિલ, 2027થી દેશભરમાં લાગુ કરવામાં




આવશે. તેનો અર્થ એ છે કે 2027 બાદ BIS રજિસ્ટ્રેશન વિના અને નક્કી કરાયેલા ધોરણો વગરના સ્ક્રીન ગાર્ડ્સના વેચાણ પર પ્રતિબંધ રહેશે. ગ્રાહકોને ફાયદો: બજારમાં મળતા સસ્તા, ડુપ્લિકેટ અને ઝડપથી તૂટી જતા સ્ક્રીન ગાર્ડ્સથી છુટકારો મળશે. નક્કી કરાયેલા ગુણવત્તા ધોરણોને કારણે ડિસ્પ્લે સુરક્ષિત રહેશે. કંપનીઓ માટે શરત: કંપનીઓએ પોતાના પ્રોડક્ટ્સનું BIS લેબમાં પરીક્ષણ કરાવવું પડશે. BIS માર્ક વિનાના સ્ક્રીન પ્રોટેક્ટર્સની આયાત અને સ્થાનિક ઉત્પાદન પર પ્રતિબંધ મૂકવામાં આવશે. એપ્રિલ 2027 પછી વેચાતા સ્ક્રીન પ્રોટેક્ટર્સના પેકેટ પર BISનો ISI માર્ક અને રજિસ્ટ્રેશન નંબર છપાયેલો હશે. યુઝર 'BIS CARE' એપ પર જઈને આ નંબર વેરિફાઈ કરી શકશે. BIS ટેસ્ટિંગ અને રજિસ્ટ્રેશન વિના કોઈપણ બ્રાન્ડ અથવા સ્થાનિક ગ્લાસનું વેચાણ ગેરકાયદેસર ગણાશે. તેનાથી બ્રાન્ડ વિનાના સસ્તા ચાઈનીઝ સ્ક્રીન ગાર્ડ્સના બજાર પર લગામ લાગશે. કંપનીઓને BIS લેબમાંથી ટેસ્ટિંગ કરાવવા, સર્ટિફિકેશન ફી ચૂકવવા અને ગુણવત્તામાં સુધારો કરવા માટે વધુ ખર્ચ કરવો પડશે. આવી સ્થિતિમાં સ્ક્રીન ગાર્ડ્સ 10%થી 20% સુધી મોંઘા થઈ શકે છે. ભારતીય માનક બ્યુરો એટલે કે BIS અધિનિયમ હેઠળ સર્ટિફિકેશન વિના સામાન વેચવો અથવા બનાવવો ગુનો હશે.

### પ્રાઇઝ બેન્ડ: પ્રતિ શેર રૂ. 385 થી રૂ. 405

# એ-વન સ્ટીલ્સ લિમિટેડનો મેગા આઈપીઓ 24 સપ્ટેમ્બરે ખૂલશે

### લોટ સાઈઝ: પ્રતિ શેર રૂ. 10 ની મૂળ કિંમતના લઘુત્તમ 37 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ તેના ગુણાંકમાં બિડ કરી શકાશે

અમદાવાદ

ગુજરાતના રોકાણકારો અને શેરબજારના વેપારીઓ માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. બેંગ્લોર સ્થિત અગ્રણી ઈન્ટિગ્રેટેડ સ્ટીલ ઉત્પાદક કંપની 'એ-વન સ્ટીલ્સ લિમિટેડ' (A-One Steels Limited) પોતાનું પ્રારંભિક જાહેર ભરણું (IPO) લઈને બજારમાં આવી રહી છે. કંપનીનો આ આઈપીઓ સબસ્ક્રિપ્શન માટે આગામી ગુરૂવાર, 24 સપ્ટેમ્બર, 2026ના રોજ ખૂલશે. આઈપીઓ સંબંધિત મહત્વની તારીખો અને આંકડાઓ એન્કર ઈન્વેસ્ટર બિડિંગ: બુધવાર, 23 સપ્ટેમ્બર, 2026 આઈપીઓ ઓપનિંગ ડેટ: ગુરૂવાર, 24 સપ્ટેમ્બર, 2026 આઈપીઓ ક્લોઝિંગ ડેટ: સોમવાર, 28 સપ્ટેમ્બર, 2026 પ્રાઈઝ બેન્ડ: પ્રતિ શેર રૂ. 385




થી રૂ. 405 લોટ સાઈઝ: પ્રતિ શેર રૂ. 10 ની મૂળ કિંમતના લઘુત્તમ 37 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ તેના ગુણાંકમાં બિડ કરી શકાશે. મૂડી એકત્રિકરણ: કંપની ફ્રેશ ઈશ્યૂ દ્વારા રૂ. 35,500 લાખ એકત્રિત કરશે અને આ શેર BSE તથા NSE પ્લેટફોર્મ પર લિસ્ટ થશે. ઓફરનું માળખું અને ઓએફએસ (OFS) આ આઈપીઓમાં કંપનીના ફ્રેશ ઈશ્યૂ ઉપરાંત પ્રમોટર્સ સંદીપ કુમાર, સુનિલ જાલાન અને ક્રિષ્ન કુમાર જાલાન દ્વારા બુક-બિલ્ડિંગ રૂટથી પ્રતિ શેર રૂ. 10 ની મૂળ કિંમતના રૂ. 5,000 લાખ સુધીના ઈક્વિટી શેર્સનો ઓફર ફોર સેલ (OFS) પણ સામેલ છે. ક્યૂઆઈબી (QIB): 49,75,308 ઈક્વિટી શેર્સથી વધુ ફાળવાયા નથી (જેમાંથી 29,85,185 શેર્સ એન્કર ઈન્વેસ્ટર્સ માટે છે). એનઆઈબી (NIB): 14,92,593 થી ઓછા ઈક્વિટી શેર્સ. રિટેલ રોકાણકારો (RIB): 34,82,716 થી ઓછા ઈક્વિટી શેર્સ. કર્મચારીઓ માટે વિશેષ છૂટ: પાત્ર કર્મચારીઓ માટે 49,382 ઈક્વિટી શેર્સનું રિઝર્વેશન છે, જેમાં તેમને પ્રતિ શેર રૂ. 38નું ખાસ ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવી રહ્યું છે. ફંડનો ઉપયોગ અને કંપનીનું મજબૂત સ્ટેન્ડિંગ

રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (RHP) મુજબ, કંપની આ આઈપીઓમાંથી મેળવેલા ભંડોળમાંથી રૂ. 25,000 લાખનો ઉપયોગ તેના બાકી ઋણ (લોન) ની પૂર્વ કે આંશિક ચુકવણી માટે કરશે, જ્યારે બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ અને ઓફર ખર્ચ પાછળ વાપરવામાં આવશે.

### સોના-ચાંદીના ભાવમાં ઘટાડો થયો

## ચાંદી ₹2,412 ઘટીને ₹2.33 લાખ પ્રતિ કિલો પર આવી, સોનું ₹1,205 સસ્તું થયું

અમદાવાદ

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 22 સપ્ટેમ્બરે ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન એટલે કે IBJAના જણાવ્યા મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવમાં 1,205 રૂપિયા ઘટાડો થઈને તે 1.52 લાખ રૂપિયા પર આવી ગયા છે. એક કિલો ચાંદીની કિંમતમાં 2,412 રૂપિયાનો ઘટાડો થઈને તે 2.33 લાખ રૂપિયા પર આવી ગઈ છે. આ પહેલાં ગઈકાલે પણ ચાંદી 1,916 રૂપિયા અને સોનું 390 રૂપિયા સસ્તું થયું હતું. ચાંદી બે દિવસમાં 4 હજારથી વધુ અને સોનું 1,500 રૂપિયા સસ્તું થયું છે. અમેરિકાની કેન્દ્રીય બેંક 'ફેડરલ રિઝર્વ'એ 3 વર્ષમાં પ્રથમ વખત




વ્યાજદરોમાં વધારો કર્યો છે. તેના કારણે સોનાના ભાવમાં ઘટાડો થયો છે. જોકે, ભૂરાજકીય તણાવ અને આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનાને સપોર્ટ મળી શકે છે, જેના કારણે રોકાણકારો ફરીથી તેને સુરક્ષિત રોકાણ તરીકે પસંદ કરી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે રોકાણકારોએ સાવચેત રહેવું જોઈએ, કારણ કે બજારમાં હજુ પણ નબળાઈના સંકેતો જોવા મળી રહ્યા છે. જોકે, કોઈ મોટા ઘટાડા પર ખરીદીની તક પણ બની શકે છે. આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 2026માં અત્યાર સુધીમાં સોનું 20 હજાર રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા હતું, જે હવે 1.52 લાખ રૂપિયા છે. બીજી તરફ, 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદીનો ભાવ પ્રતિ કિલો 2.30 લાખ રૂપિયા હતો, જે હવે વધીને 2.33 લાખ રૂપિયા થઈ ગયો છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયાની ઑલટાઈમ હાઈ પર પહોંચી હતી.

## સેન્સેક્સ 329 પોઈન્ટ ઘટીને 74,529 પર બંધ

- **નિફ્ટી પણ 85 પોઈન્ટ ઘટ્યો; FMCG-બેન્કિંગ અને IT શેરોમાં સૌથી વધુ વેચવાલી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 22 સપ્ટેમ્બરે ઘટાડો રહ્યો. સેન્સેક્સ 329 પોઈન્ટ ઘટીને 74,529 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 85 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 23,329ના સ્તરે બંધ થયો. FMCG, IT અને બેન્કિંગ શેરોમાં આજે સૌથી વધુ વેચવાલી રહી. વરમોરા ગ્રેનિટોનો IPO આજથી ઓપન થઈ ગયો છે. રોકાણકારો તેમાં 24 સપ્ટેમ્બર સુધી બિડ કરી શકશે.




કંપની આ IPO દ્વારા 708.02 કરોડ રૂપિયા ભેગા કરવા માંગે છે. આ પહેલાં ગઈકાલે એટલે કે 21 સપ્ટેમ્બરે શેરબજારમાં તેજી રહી હતી. સેન્સેક્સ 564 પોઈન્ટના વધારા સાથે 74,859 પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટીમાં પણ 68 પોઈન્ટનો વધારો રહ્યો હતો અને તે 23,414 પર બંધ થયો હતો. કાચા તેલના ભાવમાં થયેલા તીવ્ર વધારાને કારણે આજે સ્થાનિક શેરબજારોમાં ફરી એકવાર ઘટાડો થયો છે. બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં બંધ થયો.

### એક્ઝિક્યુટિવ કાઉન્સિલને અંધારામાં રાખી મંજૂરીના ગંભીર આક્ષેપો!

# ગુજરાત યુનિવર્સિટીમાં રૂપિયા 32 કરોડના કામોનો ખેલ કે ભ્રષ્ટાચાર?

## પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા અને રજિસ્ટ્રારની શંકાસ્પદ ભૂમિકા સવાલોના ઘેરામાં, શિક્ષણ જગતમાં ખળભળાટ!

અમદાવાદ



અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટી ફરી એકવાર શિક્ષણને બદલે મોટા કૌભાંડ અને વિવાદોને કારણે ચર્ચાના કેન્દ્રમાં આવી ગઈ છે. યુનિવર્સિટી કેમ્પસમાં કરોડો રૂપિયાના વિકાસ અને બાંધકામના કામોને લઈને એક મોટો ધડાકો થયો છે. સમગ્ર મામલો અંદાજે ૩૨ કરોડના માતબર ખર્ચ સાથે જોડાયેલો છે, જેમાં સત્તાધીશોએ પારદર્શકતાને વેચવાલી લગાવીને મનમાની કરી હોવાના ગંભીર આરોપો લાગ્યા છે. સૌથી મોટો સવાલ એ છે કે આટલા મોટા આર્થિક નિર્ણયો લેતી વખતે યુનિવર્સિટીની સર્વોચ્ચ નિર્ણયક સમિતિ ગણાતી 'એક્ઝિક્યુટિવ કાઉન્સિલ'ને તદ્દન અંધારામાં કેમ રાખવામાં આવી?

કાગળ પર વિકાસ અને અંદરખાને મોટો ગોટાળો?

સૂત્રોના જણાવ્યા અનુસાર, યુનિવર્સિટીમાં લાખો-કરોડો રૂપિયાના ખર્ચે થનારા બાંધકામ અને અન્ય કામોની મંજૂરી પ્રક્રિયામાં ભારે ભ્રષ્ટાચાર અને નિયમોના ધજાગરા ઉડાડવામાં આવ્યા છે. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યોને જાણ કર્યા વિના અથવા તો તેમની મંજૂરી મેળવ્યા વિના જ ફાઈલો પાસ કરી દેવામાં આવી હોવાની વાત સામે આવતા જ શિક્ષણ જગતમાં ભૂકંપ સર્જાયો છે. જ્યારે યુનિવર્સિટીમાં કોઈ મોટો પ્રોજેક્ટ કે નાણાકીય ખર્ચ કરવાનો હોય, ત્યારે સત્તાવાર રીતે કાઉન્સિલ સમક્ષ રજૂઆત કરીને ચર્ચા થવી અનિવાર્ય છે. પરંતુ અહીં તો આખી સિસ્ટમને સાઈડલાઈન કરીને બંધ બારણે નિર્ણયો લેવાયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ સમગ્ર વિવાદની આગ સીધી જ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. નીરજા ગુપ્તા અને યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પર જઈને અટકે છે. તેમની કાર્યશૈલી અને વહીવટી નિર્ણયો હવે સીધા સવાલોના ઘેરામાં આવી ગયા છે. આટલી મોટી રકમની ફાળવણી અને મંજૂરી પાછળ કોનો અંગત સ્વાર્થ હતો? એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વિશ્વાસમાં ન લેવા પાછળનું અસલી કારણ શું હતું? શું આ કામોમાં વગદારોને ફાયદો પહોંચાડવા માટે પ્રક્રિયાને વેગ આપીને નિયમો નેવે મૂકવામાં આવ્યા? આ તમામ સવાલો હાલ વિદ્યાર્થી આલમ અને શૈક્ષણિક વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યા છે.

શિક્ષણના પવિત્ર ધામમાં કરોડોના ખેલ પર જનતાનો રોષ

જે યુનિવર્સિટીમાં યુવાનોનું ભવિષ્ય ઘડાવાનું હોય, ત્યાં જો આ પ્રકારે પારદર્શકતાનો ભોગ લેવાતો હોય અને આડેધડ વરઘાડા કાઢવામાં આવતા હોય, તો તે અત્યંત શરમજનક છે. ૩૨ કરોડ રૂપિયાના આ વિવાદાસ્પદ કામોની જો નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો હજુ પણ અનેક મોટા માથાંઓ અને કૌભાંડો બહાર આવી શકે તેમ છે. શું સરકાર કે ઉચ્ચ શિક્ષણ વિભાગ આ મામલે કડક પગલાં ભરશે કે પછી આ ફાઈલો પણ કાગળ પર જ દબાઈ રહેશે?

### સરદારનગરનો બનાવ

## ઇન્સ્ટાગ્રામ પર પ્રેમજાળ પાથરી સસ્તામાં મકાન અપાવવાની લાલચ આપી પરિણીતા સાથે રૂ. 11.69 લાખની છેતરપિંડી



અમદાવાદ

અમદાવાદના સરદારનગર વિસ્તારમાં ચોંકાવનારી ઘટના સામે આવી છે. રાજકોટના વનરાજસિંહ સોલંકીએ ઈન્સ્ટાગ્રામ પર પ્રેમસંબંધ બાંધી, 42 વર્ષીય મહિલાને સસ્તામાં મકાન અપાવવાની લાલચ આપી હતી. તેણે મહિલા પાસેથી ટુકડે-ટુકડે કુલ 11.69 લાખ રૂપિયા પડાવી લીધા હતા. આરોપીએ બોગસ સ્ટેમ્પ પેપર આપી છેતરપિંડી આચરી હતી. મહિલાએ સરદારનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સરદારનગર વિસ્તારમાં સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામના માધ્યમથી પરિચય કેળવીને પ્રેમસંબંધ બાંધ્યા બાદ સસ્તામાં મકાન અપાવવાના નામે 11.69 લાખ રૂપિયા પડાવી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. રાજકોટના યુવક સામે સરદારનગર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. સરદારનગર કોતરપુર વોટર વર્ક્સ પાસે બાજપાઈનગરમાં રહેતી અને સિલાઈ કામ કરતી 42 વર્ષીય મહિલા ઓક્ટોબર 2023માં ઈન્સ્ટાગ્રામના માધ્યમથી રાજકોટના વિંછિયા તાલુકાના સનાળી ગામના વનરાજસિંહ ગંભીરભાઈ સોલંકીના સંપર્કમાં આવી હતી. બંને વચ્ચે વાતચીત વધતા પ્રેમસંબંધ બંધાયો હતો. વર્ષ 2024માં નવરાત્રી દરમિયાન યુવક મહિલાને જૂનાગઢ, મોગલધામ, સતાધાર અને વીરપુર ફરવા લઈ ગયો હતો, જ્યાં તેણે મકાનના ફોર્મ બહાર પડવાના હોવાનું જણાવી સેટિંગમાં સસ્તામાં મકાન અપાવવાની લાલચ આપી હતી. આરોપી વનરાજસિંહે મકાનના નામે અવારનવાર નાણાંની માંગણી કરતાં મહિલાએ પોતાના પરિચિતો તથા પુત્ર નિખિલના બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ 2.03 લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા.

## સંક્ષીપ્ત સમાચાર

### સિલ્વર ઓક કોલેજ સામે ક્રેઈનની અડફેટે કોલેજીયન યુવતીનું કમકમાટીભર્યું મોત

અમદાવાદના ગોતા વિસ્તારમાં આવેલી પ્રખ્યાત સિલ્વર ઓક કોલેજ સામેથી અત્યંત હૃદયદ્રાવક અને કાળજું કંપાવનારી ઘટના સામે આવી છે. કોલેજ બહાર રોડ ક્રોસ કરી રહેલી એક આશાસ્પદ કોલેજીયન યુવતીને પૂરપાટ ઝડપે આવી રહેલી એક બેફામ ક્રેઈને અડફેટે લીધી હતી. આ ભયાનક અકસ્માતમાં ક્રેઈનનું વ્હીલ યુવતી પર ફરી વળતા તેનું સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે અને સ્થાનિક લોકોમાં રોષનો જુવાળ ફાટી નીકળ્યો છે. ઘટનાની વિગતો મુજબ, મૃતક યુવતી પોતાના અભ્યાસાર્થે સિલ્વર ઓક કોલેજ ખાતે આવી રહી હતી અથવા કોલેજ પૂરતી થઈને પરત ફરી રહી હતી તે દરમિયાન આ ગોઝારી દુર્ઘટના ઘટી હતી.

### અમદાવાદ ગ્રામ્યમાં 9 પોલીસ ઇન્સ્પેક્ટરોની બદલી : પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટે કર્યા આદેશ

અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં ફરજ બજાવતા 9 અનાર્મ પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલી કરવામાં આવી છે. પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટે 21 સપ્ટેમ્બર 2026ના રોજ આ અંગેનો આદેશ કર્યો છે. આ બદલીઓ વહીવટી વ્યવસ્થાના ભાગરૂપે જાહેરહિતમાં કરવામાં આવી છે. આદેશ મુજબ, સાણંદ પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.ટી. ગોહિલને ધંધુકા મોકલાયા છે. બાવળા પોલીસ સ્ટેશનના જે.એલ. ચૌહાણને સાણંદ, કેરલા જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પી.ડી. જાનીને માંડલ અને ધંધુકા પોલીસ સ્ટેશનના કે.એસ. ચાવડાને કેરલા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં બદલવામાં આવ્યા છે. એ જ રીતે, માંડલ પોલીસ સ્ટેશનના એલ.જી. દેસાઈને બાવળા, વિરમગામ રૂરલના વી.એમ. ઝાલાને વિઠ્ઠલાપુર અને લીવ રિઝર્વના એ.એમ. પટેલને ધોળકા રૂરલ મોકલાયા છે.

### વોટ્સએપ DPમાં કંપનીના ડિરેક્ટરનો ફોટો રાખી 3 કરોડ ટ્રાન્સફર કરાવ્યાં

અમદાવાદ ગ્રામ્યના ચાંગોદર પોલીસ સ્ટેશન હદમાં આવેલી પ્યોર એન્ડ ક્યોર ટેકનોલોજી કંપનીના કર્મચારી સાથે વોટ્સએપના માધ્યમથી 3 કરોડની સાયબર છેતરપિંડી કરવામાં આવી હતી. ઠગે કંપનીના ડિરેક્ટરનો ફોટો અને નામ વોટ્સએપના DPમાં રાખીને કર્મચારી સાથે વાતચીત કરી હતી. ઘટનાની જાણ થતાં અમદાવાદ ગ્રામ્ય પોલીસના સાયબર સેલ અને LCB દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસની ઝડપી કામગીરીના પગલે 2.88 કરોડની રકમ હોલ્ડ કરાવી રિકવર કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, 18 ઓગસ્ટ 2026ના રોજ કંપનીમાં લાંબા સમયથી ફરજ બજાવતા હાર્દિકભાઈ પટેલને અજાણ્યા વોટ્સએપ નંબર પરથી મેસેજ આવ્યો હતો. આ નંબરના DPમાં કંપનીના ડિરેક્ટરનો ફોટો હતો. ઠગે ડિરેક્ટર જેવી જ ભાષા, વાતચીત કરવાની રીત અને શૈલીનો ઉપયોગ કરતા હાર્દિકભાઈને સામેવાળી વ્યક્તિ ખરેખર કંપનીના બોસ હોવાનું લાગ્યું હતું.

### શહેરમાં રબર ઉધોગના ઓર્ડરમાં કડાકો : માસિક બિઝનેસ રૂ. 50 કરોડથી ઘટીને 30 કરોડે પહોંચ્યો

ડાયમંડ ઉદ્યોગ બાદ હવે અમદાવાદનો રબર ઉદ્યોગ પણ કાચા માલના ભાવવધારા અને ઘટતા ઓર્ડરના બેવડા દબાણમાં આવ્યો છે. શહેરના આશરે 250 સહિત ગુજરાતના 800 જેટલા નાના-મોટા રબર ઉત્પાદક એકમોમાં મેન્યુફેક્ચરર્સ માટે સંઘર્ષનો સમય ચાલી રહ્યો છે. ગુજરાત રબર મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ગુજરાતના પિયુષ શાહ પ્રમુખના જણાવ્યા અનુસાર ગયા વર્ષે સરેરાશ માસિક ઓર્ડર રૂ.50 કરોડ આસપાસ હતો, જે હાલ ઘટીને આશરે રૂ.30 કરોડ થયો છે. ગુજરાત રબર મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ગુજરાતના પિયુષ શાહ પ્રમુખના જણાવ્યા અનુસાર નિકાસ ઓર્ડર ઘટતાં કેટલાક એકમોમાં 24 કલાકની કામગીરીની જગ્યાએ 10થી 12 કલાકની શિફ્ટ થઈ છે.

### અમદાવાદથી વિયેતનામના હનોઈ માટે 25 ઓક્ટોબરથી ફ્લાઈટ, ભાડું 12 હજાર

વિયેતનામ ફરવા જનાર ટૂરિસ્ટોનો ટ્રાફિક વધતા અમદાવાદથી બે નવી ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ થશે. અમદાવાદથી વિયતનામના ફુકોક આઈલેન્ડની ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ થશે, સન ફુકોક એરલાઇન વિન્ટર શિડ્યૂલ 25 ઓક્ટોબર સુધી ડેઈલી ફ્લાઈટ શરૂ કરે તેવી શક્યતા છે. સરકારી વિયતનામ એરલાઈન અમદાવાદથી અઠવાડિયામાં 4 દિવસ હનોઈની ફ્લાઈટ શરૂ કરશે. આ માટે બુકિંગ પણ શરૂ થયું છે. વન-વે ભાડું રૂ.12 હજાર અને રિટર્ન ભાડું 25 હજાર રહેશે. હાલમાં ખાનગી વિયતજેટ એરલાઇન અમદાવાદથી હોચી મી સીટી અને હનોઈની ડેઈલી ફ્લાઈટ ઓપરેટ કરે છે હવે વિયેતનામ એરલાઈન હનોઇ રૂટ પર ફ્લાઇટ શરૂ કરતાં પેસેન્જરોને બીજી ફ્લાઈટની સુવિધા મળશે.

### અમદાવાદના CTM વિસ્તારની બ્રાઇટ સ્કૂલમાં હોબાળો

## ધોરણ-4ના માસૂમ વિદ્યાર્થીએ ક્લાસમેટને લખ્યો 'I Love You'નો પત્ર

અમદાવાદ

અમદાવાદ શહેરના સીટીએમ (CTM) વિસ્તારમાં આવેલી જાણીતી બ્રાઈટ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાંથી એક અત્યંત ચોંકાવનારી અને ચર્ચાસ્પદ ઘટના સામે આવી છે. સ્કૂલમાં ધોરણ-4માં અભ્યાસ કરતા માત્ર 9 વર્ષના એક માસૂમ બાળકે વર્ગખંડમાં પોતાની સહ-વિદ્યાર્થિની (ક્લાસમેટ) તરફ 'I LOVE YOU' લખેલી કાગળની ચિઠ્ઠી ફેંકી હતી. આ નાનકડી બાળચેષ્ટા કે માસૂમ હરકત પાછળથી એટલી વધી ગઈ કે મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે અને શાળાના સંચાલકો સામે ગંભીર કાનૂની કાર્યવાહી શરૂ થઈ છે. ઘટનાની વિગતવાર પ્રાપ્ત માહિતી અનુસાર, ગત 19




સપ્ટેમ્બરના રોજ બ્રાઈટ સ્કૂલના ધોરણ-4ના ક્લાસરૂમમાં અભ્યાસ ચાલુ હતો તે દરમિયાન આ નાનકડા વિદ્યાર્થીએ મજાકમાં કે અજાણતામાં પોતાની સાથે ભણતી વિદ્યાર્થિની તરફ એક ચિઠ્ઠી ફેંકી હતી. આ ચિઠ્ઠીમાં 'I LOVE YOU' લખેલું હતું. જોકે, આ કાગળની ચિઠ્ઠી વર્ગખંડમાં હાજર શિક્ષિકાના હાથમાં આવી ગઈ હતી, જેના કારણે મામલો તરત જ સ્કૂલના ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચાડવામાં આવ્યો હતો. પરિવાર દ્વારા કરવામાં આવેલા ગંભીર આક્ષેપો મુજબ, આ મામલે શાળાની શિક્ષિકા સીમા ગોસ્વામી અને સ્કૂલના ડાયરેક્ટર કમ પ્રિન્સિપાલ ઈન્દ્રજીત મોર્યે બાળકને શિક્ષાના ભારે અત્યાચાર ગુજાર્યો હતો. નાના બાળકે નાની ઉંમરે કરેલી આ ભુલ બદલ તેને ઠપકો આપવાને બદલે તેના હાથ પર ફૂટપટ્ટીથી આડેધડ માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. સ્કૂલ પૂરતી સજા ભોગવ્યા બાદ જ્યારે માસૂમ બાળક ડાઘ અને પીડા સાથે પોતાના ઘરે પરત ફર્યો ત્યારે તે ખૂબ જ ડરી ગયો હતો અને રૂમમાં પુરાઈને રડવા લાગ્યો હતો. માતાએ બાળકની ભારે પૂછપરછ કરતાં તેણે શાળામાં બનેલી આખી આપવીતી કહી સંભળાવી હતી.

### સડેલા બટાકા-ડુંગળી અને એક્સપાયર ખાધસામગ્રીનો પર્દાફાશ!

## એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજની મેસમાં ABVPનો ધમાકેદાર સરપ્રાઈઝ ચેકીંગ ડ્રાઇવ

અમદાવાદ

ગુજરાતની અગ્રેસર અને પ્રતિષ્ઠિત એવી એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ (LD Engineering College) ના છાત્રાલય અને મેસને લઈને એક અત્યંત ચોંકાવનારો અને લાલિયાવાડીનો પર્દાફાશ થયો છે. વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે રોજડા ખેલ રમતા મેસ સંચાલકોની કરતૂતોનો ભાંડો ફોડવા માટે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા મેસ પર સરપ્રાઈઝ ચેકીંગ (અચાનક દરોડો) કરવામાં આવ્યો હતો. આ તપાસ દરમિયાન જે દશ્યો સામે આવ્યા તેણે સૌના હોશ ઉડાડી દીધા છે. મેસના રસોડામાંથી સડેલા બટાકા, ડુંગળી અને એક્સપાયર થઈ ચૂકેલી ખાદ્ય સામગ્રીનો જંગી જથ્થો મળી આવ્યો છે, જેનાથી વિદ્યાર્થીઓમાં ભારે રોષ ફેલાયો છે.



રાજ્યભરમાંથી એન્જિનિયરિંગનું સપનું લઈને અમદાવાદ આવતા યુવાનો એલ.ડી. કોલેજના હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીઓ જે મેસમાં ભોજન આરોગે છે, ત્યાં તેમની તબિયત સાથે કઈ હદે ચેડાં થઈ રહ્યા હતા તેની કાળી સચ્ચાઈ ABVPના કાર્યકર્તાઓએ બહાર લાવી છે. રસોડામાં તપાસ કરતાં અંદરથી સડેલા અને ભારે દુર્ગંધ મારતા બટાકા અને ડુંગળીના જથ્થા મળી આવ્યા હતા, જેમાંથી જીવાતો પણ નિકળતી હતી. ભોજન બનાવવામાં વપરાતી મસાલા અને અન્ય ખાદ્ય સામગ્રી પણ એક્સપાયર ડેટ (તારીખ વીતી ગયેલી) વાળી હતી. રસોડામાં ભયાનક ગંદકી અને બેદરકારી જોવા મળી હતી, જે જોઈને કોઈ સામાન્ય વ્યક્તિ પણ ત્યાંનું ભોજન લેવાથી ડરી જાય.

### માણેકચોકથી મોકલેલા 78.52 ગ્રામ સોનાના 6 પાર્સલ વેપારીઓ સુધી ન પહોંચ્યા

## 12 લાખના દાગીના સાથે આંગડિયા પેઢીના માલિકો તાળું મારી ફરાર થયા

અમદાવાદ

માણેકચોકમાં આવેલી જય રણછોડ એન્ડ કુ. નામની આંગડિયા પેઢીના માલિક 3 સોની વેપારીઓના કુલ રૂ. 12.02 લાખના 78.52 ગ્રામ સોનાના દાગીના ભરેલા 6 પાર્સલ લઈને ફરાર થઈ ગઈ હોવાની ઘટના સામે આવી છે. આ અંગે વેપારીએ ખાડિયા પોલીસ સ્ટેશનમાં આંગડિયા પેઢીના માલિક સામે ફરિયાદ નોંધાવી છે.




આંબાવાડીમાં રહેતા અને માણેકચોકમાં શ્રીજી ઓર્નામેન્ટ નામની સોના-ચાંદીના દાગીનાની દુકાન ધરાવતા 42 વર્ષીય મૌલીકભાઈ હસમુખભાઈ સોનીએ તેમના વેપારીઓને મોકલવા માટે જય રણછોડ એન્ડ કુ. નામની આંગડિયા પેઢીની માણેકચોક બ્રાન્ચમાં સોનાના દાગીનાના પાર્સલ જમા કરાવ્યા હતા. ગત 23 જૂને 10.340 ગ્રામ સોનાના દાગીનાનું અને 27 જૂને 17.510 ગ્રામ સોનાના દાગીનાનું પાર્સલ ભરૂચ મોકલવા માટે આંગડિયા પેઢીમાં આપ્યું હતું. ગત 29 જૂન સુધી બંને પાર્સલ વેપારીઓને ન પહોંચતાં મૌલિકભાઈ આંગડિયા પેઢીની માણેકચોક ઓફિસે તપાસ કરવા ગયા હતા. તે વખતે ઓફિસ બંધ હતી. પેઢીમાં બેસતા ચેતનકુમાર ખોડીદાસ પટેલ અને નૌતમ પ્રભુદાસ પટેલનો સંપર્ક કરતાં તેમણે કહ્યું હતું કે, પેઢીના ભાગીદાર મહિપતસિંહ વિજુજી, જે વડોદરા ખાતેની મેઈન ઓફિસ સંભાળતા હતા. તમામ પાર્સલ લઈને ઓફિસ બંધ કરી જતા રહ્યા છે. બાદમાં ચેતનકુમાર અને નૌતમનો પણ સંપર્ક થયો ન હતો. તપાસ કરતા મૌલિકભાઈના મિત્ર મૈનાક મહાવિરકુમાર જૈને પણ પોતાની દુકાનમાંથી જય રણછોડ એન્ડ કુ.માં મોકલેલા બે પાર્સલ પરત ના મળ્યાની વાત કરી હતી.

### બાપુનગરમાં વેપારીના ઘરમાંથી 46.60 લાખના દાગીના-રોકડની ચોરી

અમદાવાદ

અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં સુંદરમનગરમાં રહેતા વેપારીના ઘરમાંથી 46.60 લાખના સોના-ચાંદીના દાગીના ગાયબ થવાની ચોરીની ફરિયાદ નોંધાઈ છે. મુંબઈથી આવેલા વેપારીના મિત્ર અને તેમના જ પરિવારજનો ઉપર વેપારીએ ચોરી કરી હોવાની શંકા વ્યક્ત કરી છે. બાપુનગર પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી હાલ તપાસ શરૂ કરી છે. બાપુનગર વિસ્તારમાં રિઝવાન પઠાણ જનતા ફ્રાય નામની હોટલ ચલાવે છે અને ત્રણ માળના મકાનમાં સંયુક્ત પરિવાર સાથે રહે છે. પરિવાર દ્વારા અલગ-અલગ સમયે ખરીદવામાં આવેલા લાખો રૂપિયાના દાગીના અને રોકડ રકમ તેમની પત્ની પેટીપલંગમાં બેગમાં રાખતાં હતાં. પ્રસંગમાં જવા માટે રિઝવાનની ભાભીએ દાગીના પહેરવા માટે લીધા હતા અને પ્રસંગ પૂરો થયા બાદ પરત આપી દીધા હતા. દાગીના પરત મળ્યા બાદ પત્નીએ તેને ફરી બેગમાં મૂકી પેટીપલંગમાં રાખી દીધા હતા.

### ગેરરીતિને રોકવા માટે નિર્ણય

## AMCના પ્લોટ ભાડે લીધા બાદ વિગતો દર્શાવતું બોર્ડ લગાવવું પડશે

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના પ્લોટ ભાડે લેનાર વ્યક્તિએ હવે પ્લોટની બહાર ગેટ પાસે અથવા એન્ટ્રીની જગ્યામાં માહિતી દર્શાવતું બોર્ડ લગાવવું ફરજિયાત કરવામાં આવ્યું છે. ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટી દ્વારા પ્લોટમાં આચરવામાં આવતી ગેરરીતી રોકવા માટે જે હેતુ અને જેટલા સમય માટે પ્લોટ ભાડે લેવામાં આવ્યો હોય તેમ જ ભાડે લેનાર વ્યક્તિના નામ મોબાઈલ નંબર સહિતની વિગતો દર્શાવતું આ બોર્ડ લગાવવું પડશે. ત્રણ મહિનાથી વધારે સમય ગાળા માટે જે વ્યક્તિ પ્લોટ ભાડે મેળવે છે તેને આ બોર્ડ લગાવવું ફરજિયાત છે. ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટીના ચેરમેન ભાગ્યેશ પટેલે જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના પ્લોટ ભાડે લેવામાં આવતા હોય છે. જેમાં કેટલીક ગેરરીતિઓની સ્થાનિક નાગરિકો અને કાઉન્સિલરોની ફરિયાદ મળી હતી કે જેટલા સમય માટે પ્લોટ ભાડે લેવામાં આવે છે તેના કરતાં વધુ સમય માટે વાપરવામાં આવે છે. તેમજ જે હેતુ માટે પ્લોટ લેવામાં આવતો હોય છે એના કરતાં અન્ય હેતુનો પણ ઉપયોગ થતો હોય છે. પ્લોટોની ફરિયાદો મળવાના પગલે 21 સપ્ટેમ્બરના રોજ મળેલી ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટીમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે હવેથી ત્રણ મહિનાથી વધુ સમય માટે જે વ્યક્તિ પ્લોટ ભાડે મેળવે છે. તેમણે ફરજિયાત હેતુ ભાડે લેનાર વ્યક્તિ અને સમય સાથેનું બોર્ડ લગાવવું પડશે. જે લોકોએ હાલમાં પ્લોટ ભાડે લીધા છે તેમણે પણ આ બોર્ડ લગાવવું પડશે. કોર્પોરેશનમાં પ્લોટ ભાડે મેળવવાની નીતિ અંતર્ગત અથવા સ્ટેન્ડિંગ કમિટી જ્યાંથી પણ ધાર્મિક, બિલ્ડીંગ મટીરીયલ, સીઝનેબલ, કોમર્શિયલ કે કોઈપણ પ્રવૃત્તિ માટે ભાડે લેવામાં આવે છે તો તેની નાગરિકો અને સ્થાનિક કાઉન્સિલરોના ધ્યાનમાં રહે તેના માટે આ બોર્ડ લગાવવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના પ્લોટ ભાજપના કેટલાક કોર્પોરેટરોથી લઈને સ્થાનિક નેતાઓના મળતીયાઓને સસ્તા ભાવે આપી દેવામાં આવે છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI